શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા-ગ્રન્થાંક, ૨૬.

अध्यात्म शान्ति.

રચયિતા-મુનિશ્રી બુદ્ધિસાગરજી.

પ્રગટકર્ત્તા.

श्री अध्यात्म ज्ञानप्रसारक मंडळ.

હા. લલ્લુભાઇ કરમચંદ દલાલ,

ચંપાગલી-મુંબઇ.

વીર સંવત્ ૨૪૩૮. વીક્રમ સં. ૧૯૬૮.

આવૃત્તિ ૨ જી પ્રત એક હજાર.

કીંમત ૦-૩-૦.

ૐ

સર્વ દર્શનવાળાઓને પ્રીય એવા શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળાના દરેક ગ્રન્થો, દરેક ઘરમાં અવશ્ય હોવા જોઇએ.

—કીંમત માટે વાંચો-પૃષ્ટ-૧૨૭—

અમદાવાદમાં ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રસ્તાવના.

ખરેખર શાન્તિને આપનારો, આ અધ્યાત્મ શાન્તિ નામક ગ્રન્થ, યોગનિષ્ઠ મુનિશ્રી–શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ સં. ૧૯૫૯ ની સાલમાં પાદરા મુકામે રચેલો છે અને તે એક વખત પ્રગટ થઈ જનસમાજમાં પ્રીય થઇ પડવાથી તેમજ ઘણા બંધુઓની પ્રેરણાથી, તેઓશ્રીના સ્વહસ્તે શબ્દરચના આદિમાં કેટલોક યોગ્ય ફેરફાર કરાવી મંડળ તરફથી તેની દ્વિતીય આવૃત્તિ "શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળાના ૨૬ મા ગ્રન્થરૂપે પ્રગટ કરવામાં આવી છે.

આ ગ્રન્થમાં આત્માને શાન્તિ શા થકી મળે, તેના ઉપાયો તથા આત્માનું મુળ સ્વરૂપ અને તે સમજાવવા માટે આત્મા અને કર્મનો સંબંધ અને કર્મના મુળ ભેદ ૮ તથા ઉત્તરભેદ ૧૫૮ છે તેનું સ્વરૂપ વર્ણવ્યું છે, તેમજ બહિરાત્મા, અન્તરાત્મા, અને પરમાત્મા એ ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ વર્ણવી છેવટે ઉપાદેય

આત્મતત્ત્વ છે એમ નિશ્ચય કરી ગ્રન્થની સમાપ્તિ કરવામાં આવી છે.

વાંચકોને શાન્તિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છી, આ લઘુ ગ્રન્થનું વાંચન-મનન-અહોનીશ કરવા ભલામણ કરી વીરમીએ છીએ.

સં. ૧૯૬૯-મહા સુદ ૧,	લી.
ચંપાગલી-મુંબઈ.	अध्यात्म ज्ञानप्रसारक मंडळ.

ॐश्री शंखेश्वरपार्श्वनाथ यनमः ॐ ह्रीँश्री सरस्वत्यैनमः

अध्यात्मशान्ति.

(મંગલાચરણ અને પ્રયોજન.)

દુહા.

સરસતિ ભગવતિ ભારતી, હૃદયધરી નિશદિન;
આત્મબોધદાયી ગુરૂ, ચરણકમળમાં લીન. ॥૧॥
નિજ સ્વરૂપ વિચારતાં, ભ્રાંતિ દશા દૂર જાય;
રાગ દ્વેષ દૂરે ટલે, સમતારસ સુખ પાય. ॥૨॥
સ્વપર પ્રકાશક દિનમણિ, તાદૃશ રચના સાર;
કરતાં શિવસુખ સંપજે, લહિયે ભવજલ પાર. ॥૩॥
અધ્યાતમશાંતિ તણો, ગ્રંથ રચું સુખકાર;
યથાશક્તિ ઉદ્યમથકી, હોવે પર ઉપકાર. ॥૪॥
ઇષ્ટદેવ અરિહંત છે, સુવિહિત ગુરૂ મમ હોય;
સ્યાદ્વાદ જગ દિનમણિ, પ્રગટે તો સુખ જોય. ॥૫॥

॥ मंगलः ॥

इष्टां सरस्वतीं देवीं, नमस्कृत्यगिरां गुरुम्।
अध्यात्मशान्ति नामानं, ग्रंथंकरोमि शांतिदम् ॥१॥

॥ ग्रन्थ प्रयोजनम् ॥

यद्यपि बहवो ग्रंथाः, सन्ति परोपकारिणः।
तथाप्ययं सुबोधाय सत्वरोपकारकः ॥२॥
कान्ताधरसुधास्वादात् कामिनां यत् सुखंभवेत्।
अस्मद् ग्रंथस्य पार्श्वेतत् ल्यायते सुखोदधेः ॥३॥
अविज्ञातमस्वरुपोयः, समुग्धो मतिध्रुवं।
अपारे घोरसंसारे, तत्पांडित्यं मुधासदा ॥४॥
विनास्याद्वादधर्मंवै निवार्णं तोनृणां।
अतोमोक्षाभिलाषाय सेव्योधर्मोजिनोदितः ॥५॥
द्रव्यभावात्मकोधर्मो वीतरागेण भाषितः।
कर्मनाशाय तंधर्मं, सेवन्ते विबुधजनाः ॥६॥

अथ प्राकृतभाषायां लिख्यते.

ગ્રન્થારંભ

આ જગતમાં હરેક જીવો સુખની આશા રાખે છે; પણ પાંચ કારણની સામગ્રી મળ્યા વિના તાત્વિક સુખ પામી શકતા નથી. કોઇ જીવ ધનથી સુખ માને છે. કોઇ

પુત્રથી સુખ માને છે. કોઇ રાજ્યથી સુખ માને છે. કોઈ સ્ત્રી સંભોગથી સુખ માને છે. કોઈ ખાવામાં સુખ માને છે. એમ દરેક જીવો પોતાની બુદ્ધિ પ્રમાણે તે તે વસ્તુમાં સુખ માને છે; પણ ખરૂં સુખ આત્માના સ્વરૂપનું જ્ઞાન થવાથી થાય છે, તેને વિરલા જ જાણી શકે છે.

પ્રશ્ન—શું ધનથકી સુખ થતું નથી ? ધન વિના સુખ કંઈ દેખાતું નથી, તો આપ ધનમાં સુખ નથી એમ શાથી કહો છો ?

ઉત્તર—હે ભવ્ય ! હજી તેં આત્માનું સ્વરૂપ જાણ્યું નથી ત્યાં સુધી ધનમાં સુખ માને છે; પણ જો ગુરૂ કૃપાએ આત્માનું સ્વરૂપ જાણવામાં આવે તો તારી ભ્રાંતિ દૂર થયા વિના રહેશે નહીં. જુઓ, પ્રથમ ધન છે તે નવ પ્રકારનું છે. ધન, ધાન્ય, ક્ષેત્ર, વસ્તુ, રુપુ, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ, ચતુષ્પદ ઇત્યાદિ જે ધન છે, તેમાં જરા પણ સુખ દેખાતું નથી. આપણે જ્યારે જન્મીએ છીએ ત્યારે ઉપર મુજબ ગણાવેલું ધન સાથે જન્મતું નથી; તેમ આપણા મૃત્યુ બાદ તે ધન સાથે પણ આવતું નથી. ધન છે તે સુખ દુઃખનું કારણ છે.

પણ તેજ કંઇ સુખ કહેવાય નહીં. સુખ કાંઈ આંખે દેખી શકાતું નથી. તાત્વિક સુખ તો અરૂપી છે, અને તે સુખ તો આત્મામાં રહેલું છે.

પ્રશ્ન—શું ત્યારે ધનથકી દુઃખ થાય છે? અને જો દુઃખ થતું હોય તો કેવી રીતે થાય છે. તે બતાવો?

ઉત્તર—હે ભવ્ય! જુઓ, પ્રથમ ધન મેળવવાની આશાએ જીવ અનેક પ્રકારનાં દુઃખ સહન કરે છે. કોઈ સમુદ્રમાં પેસે છે, કોઈ પર્વત ઉપર ચઢે છે, કોઇ ગુલામગીરી કરે છે, કોઇ યાચના કરે છે; તોપણ તે ધન ભાગ્ય વિના મળી શકતું નથી. અને કદાપિ મળ્યું તો તેને સાચવવાની ચિંતા રહે છે; અને સુખે કરી ઉંઘ આવતી નથી. દુશ્મનલોકો તે ધન લેવા સારૂ તેને મારી નાંખે છે. દશ રૂપિયા મળ્યા તો સો રૂપિયા મળવાની આશા રાખે એમ ઉત્તરોત્તર આશા વધતી જાય છે; પણ સંતોષ થતો નથી. અને સંતોષ વિના સુખ નથી. માટે તેવા બાહ્ય ધનને ધિક્કાર છે. જુઓ, રાત્રીના વખતમાં મમ્મણશેઠ બિચારો ધનપતિ છતાં પણ લાકડાં કાઢવા પડયો. તેમ ધવળશેઠે બાહ્યધનની

અદેખાઇથી શ્રીપાળરાજાને મારવાનો પ્રયત્ન કર્યો. એક વખત કુમારપાળરાજા ફરતાં ફરતાં કોઇ દેશમાં ગામની બ્રહાર આવ્યા. ત્યાં એક ઊંદર દરમાં પેસી સોનામહોરો બહાર લાવતો હતો અને તેના ઉપર બેસી નાચી ખુશી થતો હતો, સોનામહોરો કુમારપાળરાજાએ લેઇ લીધી ત્યારે તે ઊંદર ધનની મમતાથી મરણ પામ્યો. માટે બાહ્યધનમાં કંઇ સુખ ભાસતું નથી. ખરૂં સુખ તો આત્મામાં રહેલું છે. મરતી વખત ધનની મમતા જો રહે તો ઊંદર, સર્પ, વિગેરેના અવતાર લેવા પડે છે. માટે અનાદિકાલ અજ્ઞાન દશામાં રાખનારા દુઃખદાયી ધનથકી કશું સુખ થતું નથી. ઉલટું તે થકી પાપની વૃદ્ધિ થાય છે અને પાપકર્મે કરી જીવ ચોરાશીલાખ જીવયોનિમાં ભટકે છે. અને ચાર ગતિમાં અનેક પ્રકારનાં દુઃખ પામે છે. ધનને સારૂ પ્રથમ ત્રસ તથા સ્થાવર જીવોની હિંસા થાય છે. અસત્ય વચન બોલવું પડે છે. ચોરી કરવી પડે છે. ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર કષાય છે તે ધનથકી વૃદ્ધિ પામે છે અને અંતે આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન ધ્યાઇ નરક

તથા તિર્યંચની ગતિમાં જવું પડે છે. કોઇ માણુસ કરોડાધિપતિ હોય પણ જો તે માંદો થાય તો સોનાના, મોતીના તથા હીરાના ઢગલા ઉપર બેસાડવાથી પણ તેનું દુઃખ મટતું નથી. તેવા માંદા માણુસને ઉલટું મરતી વખતે તે ધનની ચિંતા થાય છે અને દુઃખ થાય છે. એવા માંદા પડેલા કરોડાધિપતિને સારૂં સારૂં અમૃત સરખું ભોજન પણ ભાવતું નથી અને તેનાથકી સુખ થતું નથી. ધનની વૃદ્ધિથકી ધનમદ ઉત્પન્ન થાય છે, અને હું મોટો છું, મારા જેવો કોઇ નથી, એમ પાપના વિચારો વારંવાર થયા કરે છે. ધનથકી વેશ્યાગમન કરવાની મરજી થાય છે. વગેરે અનેક દુઃખનું સ્થાન બાહ્યધન છે. ધન કદાપિ હોય અને પુત્ર ન હોય તો બિચારો ધનવાન્ ચિંતાસમુદ્રમાં બુડી મરે છે; કદાપિ છોકરા હોય પણ ધન ન હોય તો પણ દુઃખજ થાય છે. માટે એ અસાર પદાર્થ થકી સુખ કદિ થતું નથી. જો ઘણું ધન હોય અને પુત્ર જો ખરાબ પાકે કિંવા કોઈ સગું મરી જાય; તોપણ બિચારા ધનવાન્‌ને તો દુઃખનું દુઃખજ રહે છે. ચક્રવર્તિરાજા

હોય, વા કરોડાધિપતિ કોઇ હોય, તોપણ આ અજ્ઞાનદશાથી માનેલું બાહ્યધન તેની સાથે જતું નથી. આ પ્રત્યક્ષ દેખાતું શરીર પણ સાથે જતું નથી, તો બીજી કઇ વસ્તુ જઇ શકે ? ત્યારે હે સુજ્ઞો ! વિચારો કે ધનથકી જે સુખ થાય છે તે સંધ્યારાગ સમાન જાણવું. નિત્ય સુખ તો આત્માના ગુણોથકી થાય છે, લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે; વિજળીના ચમકારાની પેઠે નાશવંત છે; કોઇની સાથે લક્ષ્મી કદિ ગઈ નથી અને જવાની પણ નથી. પુદ્‌ગલદ્રવ્ય જે જડરૂપ છે, નાશવંત છે, તેને પંડિત પુરૂષો ધન માનતા નથી; પણ ખરૂં ધન તો આત્મામાં રહેલું છે, તેની જો ઇચ્છા હોય તો બાહ્યધનનો ત્યાગ કરો ? તેના ઉપરથી મમતા ઉતારો, તો આત્માનું ધન પામવાને યોગ્ય થશો. એ આત્મામાં રહેલું ધન કદાપિકાળે નાશ પામતું નથી, અને અદ્‌ભુત સુખ તેથી થાય છે. આત્માનું સુખ અનંત છે, તેને કેવલી ભગવાન્ સાક્ષાત્ જાણી શકેછે. સારૂં સારૂં ખાવાથી સુખ માનવું તે પણ શુક્તિમાં રૂપાની ભ્રાંતિની પેઠે જાણવું. સમજવું કે ભોગે રોગમયં-

ભોગ ભોગવવામાં અવશ્ય રોગનો ભય રહેલો હોય છે. ઘણું ખાવાથી અજીર્ણ થાય છે ને વખતે મરણ પણ થાય છે. કદાપિ નિયમસર ભોજન કરવામાં આવે તો પણ અંતે એ ભોજનરૂપ જડ વસ્તુથકી આત્માનું તાત્વિક સુખ અનુભવાતું નથી. આત્મજ્ઞાનીઓ જે આત્મ સુખ પામે છે, તે સુખની આગળ લેશમાત્ર પણ પૌદ્ગલિક સુખ હિસાબમાં નથી. સ્ત્રી સંભોગથી પણ સુખ નથી; કારણ કે સ્ત્રીનું શરીર જેવું બહાર દેખાય છે તેવું અંદર નથી. સ્ત્રીના દ્વારથી સદા અશુચિ વહન થાય છે. સાત ધાતુ થકી શરીર બન્યું છે. દુર્ગંધમય છે તેથકી સુખ કંઈ છે જ નહીં. કામનો રસ ભોગવતાં સુધી મધુર લાગે છે અને સારા ભોજનનો રસ જમતાં સુધી મીઠો લાગે છે; પણ આત્મસ્વરૂપનો રસ છે તે સદાકાળ અમૃત સમાન સુખાકારી થાય છે. આત્મસ્વરૂપ જાણવાથી રાગ, દ્વેષરૂપી શત્રુ નાશ પામે છે અને અનહદ શાંતિ થાય છે. આત્મસ્વરૂપ જાણવાથી મનમાં ઉત્પન્ન થતી વિકલ્પ સંકલ્પની શ્રેણિ નાશ પામે છે. અને નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે. રોગોપચાર મનુષ્ય, મનુષ્ય

પ્રત્યે જેમ જુદો જુદો હોય છે તેમ ધર્મની યોગ્યતા પણ મનુષ્ય મનુષ્ય પ્રત્યે ગુણવડે કરીને જુદી જુદી છે. આત્મસ્વરૂપ જાણ્યા વિના, અધ્યાત્મ, અધ્યાત્મ, પોકારવાથી કંઇ લાભ મળતો નથી; પણ તીર્થંકર મહારાજા કથિત શ્રાદ્ધધર્મ અને યતિધર્મને અનુસરી યોગ્યતા મુજબ વ્યવહાર માર્ગમાં વર્તી આત્મસ્વરૂપ પામી શકાય છે. મુક્તિનગરી જવાને માટે એક શ્રાવકધર્મ અને બીજો યતિધર્મ એ બે રસ્તા સરળ છે. તેની મર્યાદામાં રહીને કર્મશત્રુનો પરાજય કરી શકાય છે. જેમ સૈનિકો કીલ્લા વા બીજી મજબૂત જગ્યાનું અવલંબન કરી લઢે છે, તેમ આત્માર્થિ જીવ શ્રાવક વા સાધુ એ બેમાંથી ગમે તે ધર્મમાં રહી આત્મસ્વરૂપ પામી શકે છે. માટેજ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજી આગળ જ્ઞાતાઅનુભવજ્ઞાને કરી કહે છે કે નિશ્ચયદૃષ્ટિ ચિત્તમાં ધારણ કરી વ્યવહારમાર્ગે જે ચાલે છે, તે ભવ્ય જીવો સંસારસમુદ્રનો પાર પામી શકે છે, પણ વ્યવહાર માર્ગને દૂર કરી જે નિશ્ચયમાર્ગનું અવલંબન કરે છે તે જીનાજ્ઞાનું ખંડન કરે છે. માટેજ કહેવામાં આવે

છે કે आणाए धम्मो।आ.या धर्म-આજ્ઞા એ ધર્મ છે. ગીતાર્થ પરંપરાને અનુસરી જેમ આત્માનું હિત થાય તેમ પ્રવૃત્તિ કરવી જોઇએ. હવે આપણે વિચારો કે આત્મા છે તે ચાર ગતિમાં શા કારણથી ભટકે છે, તો શાસ્ત્રથકી માલમ પડશે કે मिथ्यात्व, अविरति, कषाय અને योग એ કર્મ શરીરાદિ પુદ્ગલ પ્રાપ્ત થવાનાં કારણીભૂત છે. मिथ्यात्व, अविरति કષાય અને योग-થકી કર્મ બંધાય છે. અને કર્મથકી શરીર, લેશ્યા, સંઘયણ, પ્રાણ, યોગ આદિની ઉત્પત્તિ થાય છે.

હવે कर्मभेद બતાવે છે-કર્મના આઠ ભેદ છે.

१ ज्ञानावरणीय २ दर्शनावरणीय ३ वेदनीय ४ मो-.नीय ५.आयुष्य कर्म ६ नाम ७ गोत्र ८ अंतराय. એ આઠ કર્મનું યતકિંચિત્ સ્વરૂપ નીચે મુજબ જાણવું. જ્ઞાનાવરણીય કર્મ આત્મામાં રહેલા અનંત જ્ઞાનનું આચ્છાદન કરે છે. જેમ સૂર્યનું આવરણ વાદળ કરે છે, તેથી સૂર્યને પ્રકાશ જેમ અવરાય છે તેમ જ્ઞાનાવરણીય કર્મના પુદ્ગલોના આચ્છાદનથી જ્ઞાનને પ્રકાશ અવરાયો છે. તેથી આપણે દુનિયામાં રહેલી દરેક વસ્તુનું સ્વરૂપ

જાણી શકતા નથી, અને મૂઢ બની ગયા છીએ. એ જ્ઞાનાવરણીય કર્મને દૂર કરવાને માટે પ્રયત્ન કરવો જોઈએ; પણ જ્ઞાનાવરણીય કર્મનું સ્વરૂપ જાણ્યા વિના તેનો નાશ શી રીતે થઇ શકે. માટે તેનું સ્વરૂપ કહે છે.

૧ જ્ઞાનાવરણીય કર્મના પાંચ ભેદ છે. १ मतिज्ञानावरणीय, २ श्रुत ज्ञानावरणीय, ३ अवधि ज्ञानावरणीय. ४ मनःपर्यायज्ञानावरणीय, ५ केवल ज्ञानावरणीय. એ પાંચ ભેદ છે.

ત્યાં પ્રથમ પાંચ ઇંદ્રિય અને છઠું મન એ છ દ્વારા જે જ્ઞાન પ્રગટે છે તેને **મતિજ્ઞાન** કહે છે. તે મતિજ્ઞાનના ૨૮ તથા ૩૩૬ ભેદ છે અને ચાર પ્રકારની બુદ્ધિ મેળવતાં ૩૪૦ ભેદ થાય છે.

ચાર બુદ્ધિનાં નામ-१ औत्पातिकी, २ वैनायिकी, ३ पारिणामिकी, ४ कार्मणिकी એ ભેદોનું આવરણ કરવાવાળું **મતિજ્ઞાનાવરણીય** કર્મ છે. જે જીવનાં આવરણ પાતળાં પડયાં છે તે જીવની બુદ્ધિ સારી નિર્મળ હોય છે. દરેક જીવ પ્રત્યે આવરણના પાતળાપણાનું તારતમ્ય છે, એજ કારણથી મતિજ્ઞાન દરેક

જીવને એક સરખું હોતું નથી. મતિજ્ઞાનાવરણીય કર્મનો જે ક્ષય તેનાં કારણીભૂત, જ્ઞાનભક્તિ, ગુરૂવિનય, શુદ્ધ ઉપદેશ, નિરોગી શરીર, વિશાળ મસ્તક છે; અને મસ્તકના ભેજાં વગેરે નિમિત્ત કારણ છે. બ્રાહ્મી, વજ, માલકાંકણી, શુંઠ, ગાયનું ઘી, દૂધ સાકર પ્રમુખ સારી વસ્તુનું ભક્ષણ અધિક અધિકતર મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનું કારણ છે. જેવાં જેવાં જીવોને કારણ મળે છે, તેવી તેવી જીવોની બુદ્ધિ થઇ જાય છે, જો કુગુરૂની સંગત થાય તો તેથી દુર્બુદ્ધિની અસર થાય છે. કામનાં પુસ્તકો વાંચીએ તો તેવી બુદ્ધિ થાય છે. જો નાસ્તિકનાં પુસ્તકો વાંચીએ તો આપણી બુદ્ધિ ફરી જાય છે. માટે શાસ્ત્રકાર કહે છે કે, સદ્ગુરૂ સંગ અને સત્શાસ્ત્ર વિના ભવમાં ભટકાવનારાં પુસ્તકો વાંચવા નહીં. અને સત્યધર્મથકી વિપરીત મિથ્યાત્વ ધર્મનો ઉપદેશ આપનારાઓની સંગત કરવી નહીં અને કદાપિ તેનો ઉપદેશ સાંભળવામાં આવે તો ખાતી વખત જેમ વિષ્ટાની વાત અપ્રિય છે તેવી રીતે તે ઉપદેશ મનમાં ધારણ કરવો નહીં; અને અનંતજ્ઞાની એવા તીર્થંકર

મહારાજાએ બતાવેલા જૈનધર્મમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી. પોતાની થોડી બુદ્ધિ હોય વા જૈનધર્મનાં પુસ્તકો વાંચ્યાં વા સંભળ્યાં ન હોય તો તેથી કોઇ બાબતની શંકા મનમાં થાય, તો ગુરૂ મહારાજને પૂછીને દૂર કરવી. જેટલું ન સમજાય તેટલું અજ્ઞાન સમજવું, અને તે અજ્ઞાન ટાળવાને માટે વારંવાર જ્ઞાનાભ્યાસ કરવો.

૨ **શ્રુતજ્ઞાનાવરણીય**-શ્રુતજ્ઞાન તેને કહે છે કે, જે સાંભળવાથકી જ્ઞાન થાય છે. પુસ્તક સૂત્ર એ સર્વ શ્રુત જ્ઞાન છે. શ્રુતજ્ઞાન જે છે તે મતિજ્ઞાનનું સહચારી છે. શ્રુતજ્ઞાનના ૧૪ ચૌદ ભેદ તથા ૨૦ વીશ ભેદ પણ છે. તેનું સ્વરૂપ કર્મગ્રંથથી જાણવું. પઠન પાઠનાદિ જે અક્ષરમય વસ્તુનું જ્ઞાન છે, તે સર્વ શ્રુતજ્ઞાન છે. તેનું આવરણ કરનાર કર્મને **શ્રુતજ્ઞાનાવરણીય** કર્મ કહે છે. આવરણના તારતમ્યથી જીવોને વિચિત્ર પ્રકારે શ્રુતજ્ઞાન થાય છે. કોઈ એકવાર સાંભળે તો જન્મ પર્યંત ભૂલે નહિ, કોઇ વારંવાર ઉપદેશ સાંભળે પણ પછીથી યાદિમાં જરાપણ રહે નહીં ઇત્યાદિ ઘણા ભેદ છે.

૩ અવધિ—એટલે મર્યાદા. દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભા-

વની મર્યાદાએ જ્ઞાન ઉત્પન્ન થાય. અતીન્દ્રિયજ્ઞાન રૂપી વસ્તુનું જ્ઞાન થાય છે તે અવધિ જ્ઞાનને આવરણ કરનાર જ્ઞાનને **અવધિજ્ઞાનાવરણીય** કર્મ કહે છે. તેના ૬ મોટા ભેદો ઉપરાંત અસંખ્ય ભેદ છે.

૪ બીજાના મનની વાત વા બીજાના મનના વિચાર જેથી જાણવામાં આવે છે તેને **મનઃપર્યવ** [illegible]ાન કહે છે, તેના બે ભેદ છે. તેને આચ્છાદન કરનાર કર્મને **મનःपर्यायज्ञानावरणिय** કર્મ કહે છે.

૫ षड्द्रव्यात्मक–જે લોક અને અલોકનું કરામલકવત્ પ્રત્યક્ષપણું જે જ્ઞાનથકી થાય છે. તેને કેવલજ્ઞાન કહે છે. કેવલજ્ઞાનને આચ્છાદન કરનાર કર્મને કેવલજ્ઞાનાવરણીય કર્મ કહે છે. જ્ઞાનાવરણીય કર્મથકી એ પાંચ જ્ઞાનનું આવરણ (આચ્છાદન) થાય છે. **केवलज्ञान सर्व प्रत्यक्ष छे. मनःपर्यवज्ञान** અને **अवधिज्ञान** એ બે **देश प्रत्य**[illegible] **छे. श्रुत**[illegible]ાન અને **मतिज्ञान परोक्ष छे.** જાતિસ્મરણજ્ઞાન મતિજ્ઞાનના ઘરનું છે. તેનો નિષેધ સાંભળ્યો નથી. तत्वंकेवलिगम्यं. પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ શાથી બંધાય છે તે બતાવે છે. જ્ઞાન

તથા જ્ઞાનીની આશાતના કરે, જ્ઞાનીની નિંદા કરે, તેમનો નાશ કરે, જ્ઞાનીને આહાર પાણીની સહાયતા નહિ આપવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જેની પાસે ભણ્યા હોઇએ તેમનું નામ ઓળવવાથી, તથા પુસ્તકનો નાશ કરવાથી, તથા પુસ્તક પાના ઉપર પેશાબ કરવાથી, થુંકવાથી, પગ લગાડવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાનીને એમ કહે કે તું હીન જાતિ છે એવી પ્રત્યક્ષ તથા પરોક્ષ લોકમાં નિન્દા હેલના કરે, તેથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાનના ભંડારો સડી જતા હોય, પણ તેના ઉપરી છતાં આશાતના નહિ ટાળવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

જ્ઞાનીનો ઘાત કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. ભણવામાં અંતરાય કરવાથી વા છતિશક્તિએ ભણનારને સહાયતા નહિ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. ભણનારને બીજું નામ બતાવે, વાતો કરાવે, પઠન વિચ્છેદ કરે તો તેથી કર્મ બંધાય છે. જ્ઞાનીને કલંક દે તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો અવિનય કરે, અકાલે ભણે, યોગ, ઉપધાન રહિત સૂત્ર વાંચે, જ્ઞાનદ્રવ્યનો

નાશ કરે ઇત્યાદિથકી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે અને જ્ઞાનારાધન ભક્તિથકી જ્ઞાનાવરણીય કર્મ દૂર થાય છે.

૨. दर्शनावरणीय कर्म—તેના નવ ભેદ છે. १ चक्षुदर्शनावरण, २ अचक्षुदर्शनावरण, ३ अवधिदर्शनावरण, ४ केवलदर्शनावरण, ५ निद्रा, ६ निद्रानिद्रा, ७ प्रचला, ८ प्रचलाप्रचला, ९ स्त्यानर्धि ॥ નેત્રની શક્તિને આવરણ કરે તે ચક્ષુદર્શનાવરણીય કર્મનો ભેદ છે. એના ક્ષયોપશમની વિચિત્રતાથી આંખવાળા જીવોની આંખદ્વારા વિચિત્ર પ્રકારની દૃષ્ટિ પ્રવર્તે છે. એ ચક્ષુદર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોવામાં વિચિત્ર પ્રકારનાં નિમિત્ત છે. નેત્ર વર્જીને ચાર ઇંદ્રિયોને अचक्षुदर्शन કહે છે. બાર ઇંદ્રિયોની શક્તિને આવરણ કરનાર કર્મને अचक्षुदर्शनावरणीय કર્મ કહે છે. તેનો ક્ષયોપશમ થવામાં બહિર્ અભ્યંતર વિચિત્ર પ્રકારનાં નિમિત્ત છે.

અવધિદર્શનાવરણીય કર્મ અવધિદર્શનનું આચ્છાદન કરે છે. કેવલ દર્શનાવરણીય કર્મ છે તે કેવલદર્શનને રોકે છે.

પાંચમો ભેદ નિદ્રા. જેના ઉદયથી સુખે કરી જાગે તે નિદ્રા, જે બહુ હલાવાથી જાગે તે નિદ્રાનિદ્રા, બેઠાં

બેઠાં નિદ્રા આવે તે પ્રચલા, ચાલતાં ચાલતાં આવે તે આઠમી પ્રચલાપ્રચલ, નિદ્રામાંથી ઉઠીને અનેક કામ કરે, તે નિદ્રામાં શરીરમાં બહુ બળ હોય તે નિદ્રાને થિણુદ્ધી નિદ્રા કહે છે. એ નવ પ્રકારે દર્શનાવરણીય કર્મ છે. ઉત્સૂત્ર પ્રરૂપણા પ્રમુખ કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.

૨ वेदनीय कर्म તેની બે પ્રકૃતિ છે. ૧ शातावे-नीय, ૨ अशातावेदनीय. શાતાવેદનીયથકી સુખ થાય છે અને અશાતાવેદનીયથકી દુઃખ થાય છે. શાતાવેદ-નીય કર્મ શાથી બંધાય છે તે કહે છે.

૧. માતા, પિતા અને ધર્માચાર્યની ભક્તિ સેવા કરવાથી.
૨. પોતાનું સામર્થ્ય છતાં બીજાએ કરેલો અપરાધ સહન કરવાથી.
૩. પર જીવોને દુઃખી દેખી તેમનું દુઃખ મટે તેવી ઈચ્છા રાખવાથી.
૪. પંચમહાવ્રત અણુવ્રત દોષ રહિત પાળવાથી શાતા વેદનીય કર્મ બંધાય છે.
૫. દશવિધ ચક્રવાલ સમાચારી સંયમ યોગ પાળવાથી.

૬. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સાનો ઉદય આવ્યા છતાં નિષ્ફળ કરવાથી.

૭. સુપાત્રદાન, અભયદાન દેવાથી શાતાવેદનીય કર્મ બંધાય છે.

૮. બાળ, વૃદ્ધ, રોગીનું વૈયાવચ્ચ કરવાથી તથા ધર્મિને ધર્મ કરવામાં સહાયતા દેવાથી શાતા વેદનીય કર્મ બંધાય છે. મુનિરાજ મહારાજને અશન, પાણી, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહાર વહોરાવવાથકી શાતાવેદનીય કર્મ બંધાય છે. સાધર્મિવાત્સલ્ય કરવાથકી પણ શાતાવેદનીય કર્મ બંધાય છે. જીનપ્રતિમાની ભક્તિ પૂજા કરવા થકી પણ શાતાવેદનીય કર્મ બંધાય છે, અકામનિર્જરા અજ્ઞાન તપ કરવાથી પણ શાતાવેદનીય કર્મ બંધાય છે. શુદ્ધ અંતઃકરણની વૃત્તિથી પણ શાતાવેદનીય કર્મ બંધાય છે તે થકી વિપરીત કારણોથી અશાતાનાવેદનીય કર્મ બંધાય છે.

ચોથું મોહનીય કર્મ તેના અઠ્ઠાવીશ ભેદ છે.

૪ અનંતાનુબંધી ક્રોધ ૧ માન ૨ માયા ૩ લોભ ૪
૪ અપ્રત્યાખ્યાની ક્રોધ ૧ માન ૨ માયા ૩ લોભ ૪
૪. પ્રત્યાખ્યાની ક્રોધ ૧ માન ૨ માયા ૩ લોભ ૪
૪ સંજવલનનો ક્રોધ ૧ માન ૨ માયા ૩ લોભ ૪

આ ૧૬ સોળ કષાયની ચોકડી કહેવાય છે.

હાસ્ય ૧૭, રતિ ૧૮, અરતિ ૧૯, શોક ૨૦, ભય ૨૧, જુગુપ્સા ૨૨, સ્ત્રીવેદ ૨૩, પુરૂષવેદ ૨૪, નપુંસકવેદ ૨૫, સમ્યકત્વ મોહનીય ૨૬, મિશ્ર મોહનીય ૨૭, મિથ્યાત્વમોહનીય ૨૮, એ ૨૮ ભેદ છે. હવે તેનું સ્વરૂપ કહે છે.

પ્રથમ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, યાવજ્જીવ સુધી રહે છે.

૧ અનંતાનુબંધી ક્રોધ પર્વતની ફાટ સરખો છે. અનંતાનુબંધીમાન પત્થરના સ્તંભ સમાન છે, માયા કઠિન વાંસની જડ સમાન છે, લોભ કૃમિના રંગ સમાન છે. એ ચાર જે જીવને ઉદયમાં હોય તે જીવ નરકમાં જાય છે. અને આ કષાયના ઉદયથી જીવ શુદ્ધ

દેવ ગુરૂ ધર્મની પ્રાપ્તિ કરી શકતો નથી અને તે ક્રોધાદિકના ઉદયથી જીવ ચાર ગતિમાં વારંવાર ભટકે છે અને મહારૌરવ દુઃખ પામે છે.

૨ અપ્રત્યાખ્યની ક્રોધ, માન, માયા લોભની સ્થિતિ એક વર્ષની છે. ક્રોધ પૃથ્વીની રેખા સમાન છે, માન હાડકાના સ્તંભ સમાન છે, માયા મીંઢાના શીંગડા સરખી છે, લોભ નગરના ખાળના કીચડ સમાન છે. એ કષાયના ઉદયથી દેશવિરતિપણું પ્રકટે નહીં, અને તે કષાયના ઉદયવાળો જીવ મરીને તિર્યંચની ગતિમાં જાય.

૩ પ્રત્યાખ્યાનીય કષાયની સ્થિતિ ચાર માસની છે. એ ક્રોધ રેતીની રેખા સમાન છે, માન કાષ્ટના સ્તંભ સમાન છે, માયા ગોમૂત્ર સરખી છે, લોભ ગાડીના ખંજન સમાન છે. એના ઉદયથી શુદ્ધ સાધુપણું હોતું નથી. એ કષાયવાળો મરીને મનુષ્યગતિમાં જાય છે.

૪ સંજ્વલનીય કષાયની સ્થિતિ એક પક્ષની છે. એ ક્રોધ પાણીમાં કરેલી રેખા સમાન છે, માન નેતરની સોટી સમાન છે, માયા વાંસની છાલ સમાન છે, લોભ હળદરના રંગ સમાન છે. એના ઉદયથી વીત-

રાગ અવસ્થા પ્રાપ્ત થતી નથી. એ કષાયવાળો જીવ મરીને દેવલોકમાં જાય છે. જેના ઉદયથી હાસ્ય આવે તે હાસ્ય ૧૭, જેના ઉદયથી નિમિત્ત વા નિમિત્ત વિના અંતરમાં ખુશી થાય તે रति ૧૮.

જેના ઉદયથી નિમિત્ત વા નિમિત્ત વિના દિલગીરી-ઉદાસી ઉત્પન્ન થાય તે अरति ૧૯.

જેના ઉદયે ઇષ્ટ વિયોગ થયે છતે ચિત્તમાં ઉદ્વેગ ઉત્પન્ન થાય તે शोक ૨૦

જેના ઉદયથી સાત પ્રકારનો ભય થાય તે भय मो.नीयप्रकृति. ૨૧.

જેના ઉદયથી મલીન વસ્તુ દેખી દુર્ગંચ્છા થાય તે जुगुप्सामा.नीय. ૨૨.

જેના ઉદયથી સ્ત્રીની સાથે વિષય સેવન કરવાની ઇચ્છા થાય તે .रुषवद ૨૩.

જેના ઉદયથી પુરૂષની સાથે વિષય સેવવાની ઇચ્છા થાય તે स्त्रीवद ૨૪.

જેના ઉદયથી પુરૂષ સ્ત્રી બેની સાથે વિષય સેવવાની ઇચ્છા થાય તે नपुंसकवद. ૨૫.

જેના ઉદયથી શુદ્ધ દેવ ગુરૂધર્મ તત્ત્વની શ્રદ્ધા ન થાય તે **मिथ्यात्वमोहनीय.** ૨૬.

જેના ઉદયથી જૈનમત ઉપર રાગ પણ થાય નહીં અને દ્વેષ પણ થાય નહીં તે **मिश्रमोहनीय.** ૨૭.

જેના ઉદયથી શુદ્ધ દેવગુરૂ ધર્મની શ્રદ્ધા તો થાય પણ સમ્યકત્વમાં અતિચાર લાગે તે **सम्यक्त्व मो-हनीय.** ૨૮.

એ અઠ્ઠાવીશમાંથી આદિની ૨૫ પચીસ પ્રકૃતિયોને ચારિત્ર મોહનીય કહે છે અને છેલ્લી ત્રણને દર્શન મોહનીય કહે છે. હવે મોહનીય કર્મ બંધાવાનાં કારણ કહે છે.

કેવલ ક્રિયાથકી વા કેવલ જ્ઞાનથકી વા કેવળ વિનયથકી મોક્ષ એકાંતે પ્રરૂપવાથી મોહનીયકર્મ બંધાય છે.

જૈન ધર્મમાં પ્રવર્તતા પ્રાણીઓને કુહેતુ કુયુક્તિથી સમજાવી ભ્રષ્ટ કરવાથી મોહનીયકર્મ બંધાય છે.

દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્યનું ભક્ષણ કરવાથી, કરાવવાથી, અને કરતાને અનુમોદનથી, મોહનીયકર્મ બંધાય છે. તીર્થંકર કેવલીના અવર્ણવાદ બોલવાથી મોહનીયકર્મ

બંધાય છે. સાધુ સાધ્વીની નિંદા કરવાથી મોહનીય કર્મ બંધાય છે. શ્રુતજ્ઞાનનો અવનિય કરવાથી અને જીનશાસનનો ઉડ્ડાહ કરવાથી મોહનીયકર્મ બંધાય છે.

[illegible] मो .नीय हेतु.

ચારિત્ર મોહનીયકર્મ બે પ્રકારનું છે १ कषायचारित्रमोहनीय, २ नोकषायचारित्रमाह-नीय. ૧ કષાય ચારિત્રમોહનીયના સોળ ભેદ છે, તેના બંધ હેતુ લખીએ છીએ. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભમાં પ્રવર્તે તો સોળ પ્રકારનું કષાય મોહનીયકર્મ બાંધે. અપ્રત્યાખ્યાનીય કષાયમાં પ્રવર્તે તો બાર કષાય બાંધે. પ્રત્યાખ્યાનીય કષાયમાં પ્રવર્તે તો ઉપરના આઠ કષાય બાંધે. સંજ્વલનમાં પ્રવર્તે તો ચાર સંજ્વલનના કષાય બાંધે. બહુ બોલે, ભાંડ કુચેષ્ટા કરે તો હાસ્ય મોહનીય કર્મ બાંધે. નાના પ્રકારના દેશ દેખવાના રસથી, વિચિત્ર પ્રકારની ક્રીડાના રસથી તથા કુતૂહલ કરે તો २ तमो- . नायकर्म બાંધે. રાજ્યભેદ કરે, નવીન રાજ સ્થાપન કરે, પરસ્પર લડાઇ કરાવે, બીજાઓને અરતિ ઉચ્ચાટ ઉત્પન્ન કરે, અશુભ કામ કરવામાં તથા કરાવવામાં ઉ-

ત્સાહ કરે અને શુભ કામના ઉત્સાહને ભાંગે, કારણે તથા કારણ વિના આર્તધ્યાન કરે તો अरतिमो.नीयकर्म બાંધે. પરજીવોને ત્રાસ કરે. ભય પમાડે–બીવરાવે તો भयमोहनीयकर्म બાંધે. ધર્મી સાધુજનોની નિંદા કરે. સાધુનાં મલીનગાત્ર વસ્ત્ર દેખી નિંદા કરે તો જુગુપ્સા મોહનીયકર્મ બાંધે. મનગમતા શબ્દરૂપ રસ ગંધ સ્પર્શમાં અત્યંત આસક્ત રહે, બીજાની અદેખાઇ કરે, માયા મૃષા સેવે, કુટિલ પરિણામી હોય; સ્ત્રી સાથે ભોગ કરે તો તે જીવ स्त्रीवेदमोहनीयकर्म બાંધે. સરલ સ્વભાવી હોય, સ્વદારા સંતોષી હોય અને ઇર્ષા કપટ રહિત મંદ કષાયવાળો જીવ पुरुषवेद બાંધે. અન્ય દર્શનીઓના શીલનો ભંગ કરે, તીવ્ર કષાય કરે, તીવ્ર વિષય સેવે, પશુઓનો ઘાત કરે, એવો મિથ્યાદૃષ્ટિ જીવ નપુંસકવેદ બાંધે. સંયમીમાં દૂષણ કાઢે, અસાધુના ગુણ બોલે, કષાયની ઉદીરણા કરતો છતો જીવ ચારિત્રમોહનીયકર્મ સમુચ્ચય બાંધે. એ મોહનીયકર્મ મદિરાના નિશાની પેઠે પોતાને પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ કરે છે. ઇતિ સંક્ષેપથી મોહનીયકર્મ કથન કર્યું. પાંચમું आयुष्य-

કર્મ તેની ચાર પ્રકૃતિ છે. જેના ઉદયથી જીવ જેથી નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ, એ ચાર ગતિમાં જાય છે તેને આયુષ્યકર્મ કહે છે ૧ નરકાયુ ૨ તિર્યંચાયુ ૩ મનુષ્યાયુ ૪ દેવાયુ.

નરકાયુષ્ય બાંધવાનાં કારણ. મહારંભ ચક્રવર્તિ પ્રમુખની ઋદ્ધિ ભોગવવામાં આસક્ત રહે, વ્રત રહિત અનંતાનુબંધી કષાયોદયવાન્ જીવ, પંચેંદ્રિય જીવની હિંસા કરે. મદિરા પીએ, માંસ ખાય, ચોરી કરે, જુગાર રમે, પરસ્ત્રી અને વેશ્યા ગમન કરે, શિકાર કરે, કૃતઘ્ની થાય, વિશ્વાસઘાતી, મિત્રદ્રોહી, ઉત્સૂત્રપ્રરૂપે, મિથ્યાત્વધર્મનો મહિમા વધારે, કૃષ્ણ નીલ કાપોત લેશ્યા વડે અશુભ પરિણામવાળો જીવ નરકાયુ બાંધે છે.

તિર્યંચનું આયુષ્ય બાંધવાનાં કારણ—

ગૂઢ હૃદયવાળો હોય, જેના કપટની બીજાને માલૂમ પડે નહીં, ધર્ત હોય, મુખથકી મીઠું બોલે, હૃદયમાં કાતરણી રાખે, જૂઠાં દૂષણ પ્રકાશે, આર્તધ્યાની આલોકને અર્થે તપ ક્રિયા કરે, પોતાની પૂજા મહિમા વધારવાને કુકર્મ કરે, જુઠું બોલે, કુમતિ આપે, અધિક

લે અને ગુણવન્તની અદેખાઈ કરે એવા આર્તધ્યાની કૃષ્ણાદિ ત્રણ મધ્યમ લેશ્યવાળા જીવો તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધે છે.

મનુષ્યાયુ બાંધવાનાં કારણ. ભદ્ર પ્રકૃતિવાળો હોય, સુપાત્ર વા કુપાત્રની પરીક્ષા વિનાનો. કીર્તિની વાંછા રહિત દાન દેનાર હોય, સ્વભાવે દાન દેવાની તીવ્ર રૂચિ હોય, ક્ષમાદિ ગુણોએ યુકત હોય, દેવ ગુરૂ-નો પૂજક હોય, શુભ લેશ્યાદિ પરિણામ યુક્ત તિર્યંચ વા મનુષ્ય મનુષ્યાયુ બાંધે.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ, દેવ-તાનું આયુષ્ય બાંધે છે.

સુમિત્રના સંગથકી ધર્મની રૂચિવાળો, દેશવિરતિ, સરાગસંયમી દેવાયુષ્ય બાંધે. દુઃખ ગર્ભિત વા મોહ ગર્ભિત વૈરાગ્યથકી, પંચાગ્નિ સાધન આદિ અજ્ઞાન કષ્ટ ક્રિયા કરવાથકી દેવાયુષ્ય બંધાય છે. જળમાં ડુબ-વાથી અગ્નિમાં બળીમરવાથી ઝંપાપાત મરણથી શુભ પરિણામ સહિત જીવ, વ્યંતર દેવતાનું આયુષ્ય બાંધે છે. આચાર્યાદિકની અવજ્ઞા કરે તો તે જીવ, કિલ્વિષ દેવતાનું આયુષ્ય બાંધે છે.

મિથ્યાદૃષ્ટિના ગુણોની પ્રશંસા કરે. તેનો મહિમા વધારે, અજ્ઞાન તપ કરે અને અત્યંત ક્રોધી હોય તે જીવ પરમાધામી દેવતાનું આયુષ્ય બાંધે છે. એ આયુષ્ય કર્મ હેડ સમાન છે.

छट्ठुं नामकर्म.

નામ કર્મના ભેદ નીચે મુજબ છે,

१ नरकगतिनामकर्म ૨ તિર્યંચગતિનામ ૩ મનુષ્યગતિનામ, ૪ દેવગતિનામ. એકેંદ્રિયતજાતિ ૧ દ્વીન્દ્રિય જાતિ ૨ ત્રીન્દ્રિયજાતિ ૩, ચતુરિન્દ્રિયજાતિ ૪. પંચેન્દ્રિય જાતિ ૫, એવં ૯ તથા ઔદારિકશરીર ૧૦ વૈક્રિયશરીર ૧૧ આહારકશરીર ૧૨ તૈજસશરીર ૧૩ કાર્મણશરીર ૧૪ ઔદારિકઅંગોપાંગ ૧૫ વૈક્રિયઅંગોપાંગ ૧૬ આહારક અંગોપાંગ ૧૭ ઔદારિકબંધન ૧૮ વૈક્રિયબંધન ૧૯ આહારકબંધન ૨૦ તૈજસબંધન ૨૧ કાર્મણબંધન ૨૨ ઔદારિક સંઘાતન ૨૩ વૈક્રિય સંઘાતન ૨૪ આહારકસંઘાતન ૨૫ તૈજસસંઘાતન ૨૬ કાર્મણ સંઘાતન ૨૭ વજ્રઋષભનારાચસંહનન ૨૮ ઋષભનારાચસંહનન ૨૯ નારાચસંહનન ૩૦ અર્ધનારાચસંહનન ૩૧ કીલિકાસં-

હનન ૩૨ સેવાર્તસંહનન ૩૩ સમચતુરસ્રસંસ્થાન ૩૪ ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન ૩૫ સાદિ સંસ્થાન ૩૬ કુબ્જસંસ્થાન ૩૭ વામનસંસ્થાન ૩૮ હુંડકસંસ્થાન ૩૯ કૃષ્ણવર્ણ ૪૦ નીલવર્ણ ૪૧ રક્તવર્ણ ૪૨ પીતવર્ણ ૪૩ શુકલવર્ણ ૪૪ સુગંધ ૪૫ દુર્ગંધ ૪૬ તિકતરસ ૪૭ કટુકરસ ૪૮ કષાયરસ ૪૯ અમ્લરસ ૫૦ મધુરરસ ૫૧ કર્કશસ્પર્શ ૫૨ મૃદુસ્પર્શ, ૫૩ હલકો ૫૪ ભારી ૫૫ શીતસ્પર્શ ૫૬ ઉષ્ણસ્પર્શ ૫૭ સ્નિગ્ધસ્પર્શ ૫૮ રૂક્ષસ્પર્શ ૫૯ નરકાનુપૂર્વી ૬૦ તિર્યંચાનુપૂર્વી ૬૧ મનુષ્યાનુપૂર્વી ૬૨ દેવાનુપૂર્વી ૬૩ શુભવિહાયોગતિ ૬૪ અશુભ વિહાયોગતિ ૬૫ પરાઘાત ૬૬ શ્વાસોચ્છ્વાસ ૬૭ આતપ ૬૮ ઉદ્યોતનામકર્મ ૬૯ અગુરૂલઘુ ૭૦ તીર્થંકરનામ ૭૧ નિર્માણ ૭૨ ઉપઘાતનામ ૭૩ ત્રસનામ ૭૪ બાદરનામ ૭૫ પર્યાપ્તનામ ૭૬ પ્રત્યેકનામ ૭૭ સ્થિરનામ ૭૮ શુભનામકર્મ ૭૯ સુભગનામકર્મ ૮૦ સુસ્વરનામકર્મ ૮૧ આદેયનામ ૮૨ યશકીર્તિનામ ૮૩ સ્થાવરનામ ૮૪ સૂક્ષ્મનામ ૮૫ અપર્યાપ્તનામ ૮૬ સાધારણનામ ૮૭ અસ્થિરનામકર્મ ૮૮ અશુભનામ ૮૯

દુર્ભગનામકર્મ ૯૦ દુસ્વરનામ ૯૧ અનાદેયનામ ૯૨ અયશનામ ૯૩ એ ત્રાણુ ભેદ નામકર્મના છે. નામકર્મના એકસોત્રણ ભેદ થાય છે. વિશેષ સ્વરૂપ કર્મગ્રંથ વગેરેથી જાણી લેવું.

૭. **ગોત્રકર્મ** તેના બે ભેદ છે.

૧. ઉંચ ગોત્ર. ૨ નીચગોત્ર.

જાતિમદ ૧ કુલમદ ૨ બળમદ ૩ રૂપમદ ૪ વિદ્યામદ ૫ ઐશ્વર્યમદ ૬ લાભમદ ૭ તપમદ ૮ એ આઠની સંપદા થાય તો પણ જે મનુષ્ય અહંકાર કરે નહીં, સૂત્ર સિદ્ધાંત ભણવું અને ભણાવવું તેની રૂચિ કરે, નિરહંકાર બુદ્ધિથી બુદ્ધિમંતોને જે મહાભાગ્યશાળી શાસ્ત્ર ભણાવે ઈત્યાદિ પરહિત કરવાવાળો જીવ ઉંચ ગોત્ર બાંધે છે. એ પૂર્વોક્ત ગુણોથકી વિપરીત વર્તનવાળો—જાતિનો મદ કરનાર બીજાને નીચ જાતિ કહીને નિંદા કરનાર માણસ નીચગોત્ર કર્મ બાંધે છે.

અંતરાયકર્મ સ્વરૂપ—આઠમું અંતરાયકર્મ.

૧. તેના પાંચ ભેદ છે. જે કર્મના ઉદયથી જીવ શુદ્ધ વસ્તુ આહારાદિક છતે પણ દેઇ શકે નહીં. તે દાનાંતરાયકર્મ ૧.

૨. જે કર્મના ઉદયથી દેવાવાળો હોય તોપણ ઇષ્ટ વસ્તુ યાચના કરવાથી પામી શકે નહિ, વ્યાપારમાં ચતુર હોય પણ નફો મળે નહિ તે લાભાંતરાયકર્મ.

૩. જે કર્મના ઉદયથી ભોગ્ય વસ્તુ છતે પણ ભોગ કરી શકે નહિ તે ભોગાંતરાય કર્મ.

૪. જે કર્મના ઉદયથી બહુ વાર ભોગવવામાં આવે એવી સ્ત્રી આભરણ વસ્ત્રાદિ છતે પણ વારંવાર ભોગ કરી શકે નહિ તે ઉપભોગાંતરાય કર્મ.

૫. જે કર્મના ઉદયથી મિથ્યામતની ક્રિયા કરી શકે નહિ, તે બાલવીર્યાંતરાય કર્મ. જેના ઉદયથી સમ્યગ્-દૃષ્ટિ દેશ વિરતિ ધર્માદિ ક્રિયા કરી શકે નહિ તે બાલપંડિત વીર્યાંતરાયકર્મ. જેના ઉદયથી સમ્યગ્દૃષ્ટિ સાધુ મોક્ષ માર્ગની સંપૂર્ણ ક્રિયા કરી શકે નહિ તે પંડિતવીર્યાંતરાય કર્મ,

અંતરાય કર્મ બાંધવાનું કારણ–જિનપ્રતિમાની પૂજાનો નિષેધ કરે, ઉત્સૂત્રની પ્રરૂપણા કરે, અન્ય જીવોને કુમાર્ગમાં પ્રવર્તાવે, પ્રાણાતિપાતાદિક અષ્ટાદશ પાપસ્થાનક સેવવામાં તત્પર હોય, અન્ય જીવોને દાન

લાભાદિકનો અંતરાય કરે, ઈત્યાદિથી અંતરાય કર્મ બંધાય છે. એ આઠ કર્મની ૧૫૮ એકસો અઠાવન પ્રકૃતિના ઉદયથી જીવોની શરીરાદિ વિચિત્ર ગતિ થાય છે. એ કર્મના ભેદ વીતરાગ ભગવંતે પ્રરૂપ્યા છે. માટે તે શ્રદ્ધ કરવા યોગ્ય છે. કેટલાંક કર્મ હાલ ભોગવાય છે. કેટલાંક નવાં બંધાતાં જાય છે. સમયે સમયે જીવ સાત આઠ કર્મ બાંધે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ એ થકી કર્મબંધ થાય છે. અનાદિકાલથી આત્માને કર્મની વર્ગણાઓ લાગેલી છે. અને કર્મના વશ પડયો આ સંસારમાં વિવિધ વેષથી નાચે છે અને પરવસ્તુને પોતાની કરી માને છે, ગુરૂમહારાજના ઉપદેશથી જીવ જાણે છે કે-કોઈ પણ વસ્તુ સાથે આવવાની નથી અને અંતે મારી ખરાબી થશે, એમ સમજે છે છતાં પણ મોહના જોરથી જાણ્યું પણ નહીં જાણ્યા જેવું થઇ જાય છે. આપણે જાણીએ છીએ કે પુત્ર, સ્ત્રી, ધન, એ પરવસ્તુ છે છતાં પણ તેનું મમત્વ મૂકાતું નથી. જ્યાં સુધી તેના ઉપર રાગ છે ત્યાં સુધી દુઃખ છે, જે જે દુઃખ થાય છે તે અજ્ઞાનદશાથી

થાય છે. કોઇ કોઇનું છે નહિ, એમ જો દૃઢ નિશ્ચયપૂર્વક સમજીએ તો પશ્ચાત્ રાગદ્વેષની મંદતા થશે અને જ્યારે સંસારમાંથી રાગ ઉઠશે ત્યારે મનમાં -ઉદાસી- નતા પ્રાપ્ત થશે.

હે આત્મન્ ! જે જે પદાર્થ દેખાય છે તે સર્વ ક્ષણિક છે, અધ્રુવ છે, તું કઇ વસ્તુને સારી ગણે છે અને કોના સારૂ પાપ કર્મ કરે છે, તે વિચાર. કારણ કે જે કુટુંબ સ્ત્રી પુત્ર વા શરીરનું પોષણ કરવાનો પ્રયત્ન કરે છે તે શરીર વા કુટુંબ મરતી વખત તારી સાથે આવશે નહિ અને પાપકર્મથી લેપાયેલો તું દુર્ગતિમાં જઇશ ત્યાં કોઇ તારૂં દુઃખ લેવા આવશે નહિ. અને અનંતવાર ભવભ્રમણ કરવું પડશે.

પ્રશ્ન—જ્યારે સંસારમાં કોઇ કોઇનું નથી ત્યારે સર્વે મનુષ્યો સંસારનો કેમ ત્યાગ કરતા નથી. અને કેમ સંસારમાં રહ્યા છે ?

ઉત્તર—હે મિત્ર ! સંસારમાં સર્વે માણસો મોહ મદિરાના અધીન થયા છતાં હું કોણ છું, ક્યાંથી આવ્યો અને ક્યાં જઇશ, તત્વ શું છે, એવું જાણી

શકતા નથી તેથી તે અસ્થિર ધન, ઘર, કુટુંબ, પુત્ર ઉપર મોહ કરે છે, અને જે જીવોને પુણ્યયોગે સદ્‌ગુરૂ સમાગમ થાય છે તે સંસારનું સ્વરૂપ સમજે છે અને આત્માના ગુણ પ્રકટ કરવા પ્રયત્ન કરે છે અને પાપસ્થાનકનો ત્યાગ કરે છે માટે સર્વ જીવોને સદ્‌ગુરૂ સમાગમ થવો દુર્લભ છે કારણકે પુણ્યાનુબંધી પુણ્ય હોય છે તો સદ્‌ગુરૂ સમાગમ પૂર્વક સ્યાદ્વાદ ધર્મની પ્રાપ્તિ થાય છે. સર્વ જીવને એક સરખાં કર્મ નથી તેથી એક સરખી બુદ્ધિ ઉત્પન્ન થતી નથી અને જ્યારે એક સરખું કર્મ નહિ ત્યારે એક સરખો વિચાર પણ થાય નહિ તો પશ્ચાત્ સર્વ જીવ સંસારનો ત્યાગ કરી શકે નહિ તે સિદ્ધ થાય છે. દુઃખકારક કર્મોપાધિ છે, તેનો ત્યાગ કરવાથી અધ્યાત્મ શાંતિ થાય છે. આત્માનું સત્ય સ્વરૂપ સમજાવનાર વીતરાગ દેવ છે. તેમના વચન અનુસારે ગુરૂએ સમજાવેલું આત્મસ્વરૂપ સત્ય છે.

આ સંસારમાં મનુષ્યાવતાર પામી ખાવું પીવું હરવું ફરવું મોજશોખ મારવી ઈત્યાદિકમાં જે પોતાનો

જન્મ ગુમાવે છે તે બિચારા અજ્ઞાની જીવની શી ગતિ થશે તે કહી શકાતું નથી.

જે પોતાને પૈસાથી મોટો માને છે, જે પોતાને હોદ્દાથી મોટો માને છે તે ભ્રમિત અને અજ્ઞાની જાણવો. જ્યાં સુધી આત્મસ્વરૂપ જાણ્યું નથી ત્યાં સુધી ભલે ને મોટા કહેવાઓ પણ જ્ઞાનીએ તો તેમને અજ્ઞાની ગણ્યા છે. જ્ઞાનીજ તાત્વિક રીતે જોતાં સુખી છે. જે જીવો એમ ધારે છે, કે સારૂં સારૂં ખાવું પીવું તેમાંજ સુખ છે, એ પણ ભ્રમ છે. જે વસ્તુ આપણે ખાઇએછીએ તે વસ્તુની વિષ્ટા થઇ જાય છે અને સારાં સારાં ભોજન પણ મરતી વખતે સાથે આવતાં નથી. ભોજન એ પુદ્ગલ વસ્તુ છે અને પુદ્ગલ વસ્તુ આત્માથકી ભિન્ન છે, તે આત્માની નથીપણ જડ છે. પુદ્ગલ પુદ્ગલનું ભક્ષણ કરે છે. જો નિશ્ચયનયથીઆત્મા પુદ્ગલરૂપ ભોજનનું ગ્રહણ કરતો હોત તો કદાપિ કાળે તે થકી દૂર થાત નહીં, પણ સિદ્ધના જીવ, ભોજનરૂપ પુદ્ગલ વસ્તુથકી વિરામ પામ્યા છે માટે અંતે ભોજન વસ્તુનો ત્યાગ કરવો પડે છે ભોજન તે પર-

વસ્તુ છે એમ સમજવું. જ્યાં સુધી જીવ શરીર સહિત છે ત્યાં સુધી તે શરીરધારી આત્મા ક્ષુધા વેદનીયના ઉદયથી ભોજનની વાંછા કરે છે, તે વાંછા ક્ષુધા વેદનીયના ઉદયથી પૂરી કરવી પડે છે, તો તે કોઇ પણ વસ્તુ પેટરૂપી ખાડામાં નાંખી શરીરરૂપ યંત્રનું ધર્મના નિમિત્તપણાથી રક્ષણ કરવું, પણ તે ભોજન રાચી માચીને ખાવું નહીં. અનાદિકાળથી જીવ ભો-જન કર્યા કરે છે અને મેરૂ પર્વત જેટલા ખાઇ ખાઇને ઢગલા કર્યા, પણ હજી વિરામ પામ્યો નથી. અને હજી કેટલા ભવ સુધી ભોજન કર્યા કરશે. આ-ત્મજ્ઞાનીઓ ખરૂં સુખ આત્માથી માને છે. હવે આપણે ધારો કે સંસારમાં પોતાનું શું છે? ઉત્ત-રમાં કહેવું પડશે કે કોઇ પણ વસ્તુ મારી નથી અને જ્યાં સુધી મારૂં માનવામાં આવે છે ત્યાં સુધી તે વસ્તુથી સુખ દુઃખ માનવામાં આવે છે, પણ જ્યારે સંસારમાંથી કોઈ મારૂં નથી એમ જણાય છે, ત્યારે આત્માને શોક, ચિંતા, વિકલ્પ સંકલ્પ થવાનું કારણ રહેતું નથી.

આ ચેતન સંસારમાં સ્વાર્થ બુદ્ધિથી પ્રવૃત્તિ કરે છે પણ જ્યારે સંસારનું ખરૂં સ્વરૂપ જાણે છે ત્યારે મનમાં એમ જાણે છે કે હું જે કારણથી સંસારમાં પ્રવૃત્તિ કરૂં છું તે મારૂં નથી અને હું તેનો નથી, તો શા કારણથી પાપરાશિથી આત્માનું અહિત કરૂં? એમ વિચાર થતાંવાર આત્મા તે થકી નિવૃત્ત થઇ બીજી તરફ પ્રવૃતિ કરે છે. હવે તે બીજી કઇ બાજુ તે કહે છે. તે મોક્ષ સુખ અભિલાષા તરફ પ્રવૃત્તિ કરે છે. મોક્ષ સુખ પામ્યા બાદ તે સુખનો નાશ થતો નથી અને દુઃખનો નાશ થાય તે માટે મોક્ષાભિલાષા કરે છે. મોક્ષાભિલાષા થયા બાદ જેથી કર્મનાશ થાય તેવા સંયોગો વા કારણો મેળવવા પ્રયત્ન કરે છે. તેમ કરતાં પુણ્યયોગે શુદ્ધગુરૂ સંયોગ પામી આત્મસ્વરૂપ જાણીને આશ્રવનો ત્યાગ કરે છે અને સંવરનો સ્વીકાર કરે છે; અને ધર્મધ્યાન ધ્યાતાં શુકલધ્યાન પામી શિવસુખ પામે છે.

સહજ આત્મસુખ મેળવવા પ્રયત્ન કરવો તેજ સાર છે.

કોઇ જીવો રાજાને મોટો માને છે, કોઇ પ્રધાનને,

કોઈ બારીસ્ટરને, તો કોઇ નગરશેઠને મોટો માને છે. અને તેમની સેવા કરે છે અને પૈસો કે હોદ્દો મેળવવા સર્વ આયુષ્ય ગુમાવે છે તે પણ જીવો મૂર્ખ શિરોમણિ જાણવા કારણ કે તે જીવોએ રાજા વા પ્રધાપણાને મોટું જાણ્યું તેજ અજ્ઞાન છે. જે હાલ રાજા છે તેનામાં અને આપણામાં શો ફેર છે તે વિચારીએ. તે રાજાને પણ શરીર છે તેવું આપણને પણ શરીર છે, તે રાજાનું .જેમ મૃત્યુ થવાનું છે તેમ આપણું પણ મૃત્યુ થવાનું છે. તે રાજા જેમ ખાય છે તેમ આપણે પણ ખાઇએ છીએ. ફક્ત મોટો તો એજ કે જે સંસારને અસાર જાણે છે અને આત્માના ગુણો પ્રકટ કરવા ઉદ્યમ કરે છે. રાજા હોય પણ ચિંતાનો તો પાર નહિ, માથે શત્રુનો ભય, રાણીઓનો ભય, અને પુત્રોનો ભય, વગેરે અનેક ભય તેને હોય છે. તેમજ તેને જરા પણ નિરાંત નહિ, સુખે ઉંઘ આવે નહીં, ત્યારે તે રાજાપણામાં શું સુખ સમજવું? ખરૂં સુખ તો તેને છે કે જે આત્મસ્વરૂપમાં રમે છે. કોઈ પણ જાતની અભિલાષા નથી અને જ્ઞાનદૃષ્ટિથી આત્મસ્વરૂપને નિહાળે

છે તેજ ખરા સુખી જાણવા અને મોટા પણ તેજ છે. કારણ કે તે મોક્ષ સુખ પામશે પણ રાજા, પ્રધાન, શેઠ ઇત્યાદિ જે જગત્માં મોટા કહેવાય છે તે અનેક પ્રકારનાં પાપ કરી પરભવમાં ભયંકર દુઃખ પામશે, અહીંથી મરણ પામ્યા બાદ રાજાપણું, શેઠપણું, વા પ્રધાનપણું રહેવાનું નથી અને હલકી પાયરી ઉપર પરભવમાં ગમન કરવું પડશે. ખરા સુખી તો તેજ છે કે જેને રાગ દ્વેષ નથી, સર્વ પ્રાણી ઉપર સમભાવ છે, શત્રુમિત્ર ઉપર સમદૃષ્ટિ છે, પાષાણ અને સોનાના ઉપર એક સરખો ભાવ છે, અને આત્મભાવે રમે છે તેજ સુખી જાણવા.

સંસારમાં રહીને કર્મનું દૂરીકરણ થતું નથી માટે તીર્થંકર ભગવાને યતિધર્મ પ્રરૂપ્યો છે.

યતિધર્મને અંગીકાર કરી ઘણા ભવ્ય જીવો મોક્ષ સુખ પામ્યા છે, પામે છે અને પામશે.

શ્રી તીર્થંકર ભગવાન જાણે છે કે–હું કેવલજ્ઞાન પ્રાપ્ત કરીશ; અને આ ભવેજ મારું નિર્વાણ છે, તો પણ ઉત્તમ મુનિમાર્ગને ગ્રહણ કરે છે. જે જીવો

યતિધર્મ ગ્રહણ કરવા સમર્થ નથી તેમને સારૂ શ્રાદ્ધ-ધર્મ પ્રરૂપ્યો છે.

પ્રશ્ન—ગૃહસ્થાવાસમાં રહીને યતિધર્મ શું સાધી શકાતો નથી. ?

ઉત્તર—ગૃહસ્થાવાસમાં રહીને જો યતિધર્મ સાધી શકાતો હોતતો કોઇપણ ગૃહસ્થાવાસનો ત્યાગ કરત નહિ. જુઓ કે જ્યાંસુધી ઘરમાં રહે ત્યાંસુધી સંસારનાં કૃત્ય કરવાં પડે અને સંસારનાં કૃત્ય કરવાં પડે તેમાં તો પાપ થયા વિના રહે નહિ અને આશ્રવની કરણી પ્રાપ્ત થાય અને મનસમાધિમાં રહી શકે નહીં. માટેજ વિકલ્પ સંકલ્પોદ્ભવ આશ્રવકારણી ભૂત સંસારનો ત્યાગ કરવા પૂર્વક મુનિમાર્ગ, (યતિમાર્ગ) જીનેશ્વરે કથન કર્યો છે તેજ ઉત્તમ છે અને તે પાળે છે તેજ ઉત્તમ મહાપૂજ્ય, કૃત કૃત્ય જાણવા. માસાહસ પક્ષીની પેઠે સંસારને ખોટો જાણ્યા છતાં રાચી માચી ગૃહસ્થાવાસ ભોગવવાથી કર્મનો નાશ ઝટ થતો નથી. મુનિપણાને પામેલા મનુષ્યો ઉત્તમ છે. તે સિંહ સમાન છે, કલ્પવૃક્ષ સમાન છે, તેમને ધન્ય છે કે

જેમણે અસાર સંસારનો ત્યાગ કર્યો. હજી આપણે તેમનું અનુકરણ કરતા નથી તે કેટલું બધુઅજ્ઞાન છે? સંસાર ઉપાધિથી ભરપૂર છે, આ સંસારમાં સુખની આશા ભ્રાંતિ માત્ર છે. અનાદિકાળથી જીવો સંસાર સાગરમાં રઝળ્યા છે. આ ચાર ગતિરૂપ સંસાર સાગરને તરી મોક્ષ ગતિ પામ્યા તેજ જીવ કૃત કૃત્ય છે, તેમનેજ નિરૂપાધિત્વછે બાકી સંસારમાં જે સુખી કહેવાય છે તે કંઈ સુખી ગણાયજ નહિ.

જેમ બાજીગર ઇંદ્રજાળ વિવિધ પ્રકારની દેખાડે છે તેમ સંસારમાં દરેક વસ્તુ બાજીગરની બાજી જેવી છે, અર્થાત્ ક્ષણિક છે. એવી ક્ષણિક વસ્તુને પોતાની માની તેમાં મમતા ધારણ કરવી તે અજ્ઞાન છે. મમતાના જોરે મિથ્યા ભ્રાંતિથી આત્મા પોતાનું ખરૂં સ્વરૂપ ભૂલી જઈ અવળે માર્ગે ચઢે છે, પણ સદ્ગુરૂ સમાગમથી શુદ્ધ સ્યાદ્વાદ રીતે આત્મતત્ત્વ જાણી તેનો ખપ કરવા ધારે તો સંસારમાંથી તરી શકે છે. જ્યાં સુધી મમતા, મોહ, મત્સર, મદ, માયા, અને માન છે ત્યાં સુધી સંસાર છે; અને જ્યારે તેનો ત્યાગ કરવા આત્મા ધારશે ત્યારે

ભવપાર છે. યાદ રાખવું કે अहं અને मम આ પ્રત્યય, બહિરાત્મપણું છે ત્યાંસુધી ઉઠે છે અને જ્યારે આત્મા આત્માના સ્વરૂપનો દૃઢ અભ્યાસ ઉપયોગદ્વારા કરે છે ત્યારે अहं અને मम એ બે પ્રત્યય પુદ્ગલ સંબંધી થતા હતા તે ઉઠતા નથી અને આત્મા પરમાત્મા થાય છે. તે કેવી રીતે બતાવે છે. अहं-હું એટલે કોણ? જ્ઞાનદર્શન ચારિત્ર ગુણ વિશિષ્ટ આત્મા. હું એ શબ્દથી આત્મા હું એકછું એમ સૂચવન થાય છે. આત્માના અસંખ્યાત પ્રદેશવાન્ હું સ્ફટિકની પેઠે નિર્મળ શુદ્ધ અવિનાશી अहं-હું એક આત્મા એજ અવિનાશી છું. ત્યારે વિચાર થાય કે હું એક છું ત્યારે આ શરીર દેખાય છે તે કોણ છે? એમ પ્રશ્ન ઉઠતાં નિરધારે કે- શરીર એ તો પુદ્ગલ દ્રવ્ય છે. મનુષ્યાકાર એ પુદ્ગલ દ્રવ્યનું પરિણમન થયું છે. ત્યારે વળી વિચારે કે મનુષ્યાકાર પુદ્ગલોમાં આત્મા શા કારણથી રહ્યા છે? ત્યારે ઉત્તરમાં સમાધાન થાય કે આત્મા એ પૂર્વભવમાં કોઈ શરીર ધારણ કરી કર્મ ઉપાર્જન કર્યું છે તે કર્મના યોગે મનુષ્યાકાર પુદ્ગલસ્કંધમાં તેની સ્થિતિ

થઇ છે, ત્યારે વળી વિચારે કે એ મનુષ્યશરીરમાં આત્મા ક્યાં સુધી રહેશે ? સમાધાનમાં કહેવાનું કે કર્મના આઠ ભેદ છે, તેમાંથી પાંચમું આયુષ્યકર્મ છે, તેમાં જેટલા વર્ષના આયુષ્યનો બંધ કર્યો હશે તેટલો કાળ આ મનુષ્યશરીરમાં રહેવું પડશે. ત્યારે વળી વિચાર થશે કે વળી અહીંથી મનુષ્યશરીરનો ત્યાગ કરી આત્મા ક્યાં જશે ? ત્યારે કહેવાશે કે અહીં જેવો કર્મ વેપાર કર્યો હશે તેવી ગતિમાં જવું પડશે. વળી મનમાં પ્રશ્ન ઉઠશે કે ત્યારે હું હાલ શો વેપાર કરૂં કે જેથી સારૂં સ્થાન પ્રાપ્ત કરૂં ? એ પ્રશ્ન ઉઠતાં સદ્ગુરૂને પ્રશ્ન કરશે તે પ્રશ્ન નીચે મુજબ.

પ્રશ્ન—ગુરૂ મહારાજ સાહેબ ! સુખ શાથી મળી શકે ?

ઉત્તર—હે ભવ્ય ! જન્મ જરા મરણનો નાશ થાય અને જન્મ જરા મરણનાં જે કારણરૂપ એવાં કર્મનો નાશ થાય, ત્યારે આત્મા સત્ય શાશ્વત સુખ પામી શકે. તે સુખ મળવાનું આસન્ન કારણ જ્ઞાન, વૈરાગ્ય, સંવરકરણી ધર્મધ્યાન ઇત્યાદિ છે.

પ્રશ્ન—શું મનુષ્યજન્મમાં સુખ નથી?

ઉત્તર—હે ભવ્ય! તાત્વિક સુખ મનુષ્ય જન્મ પામવાથી પ્રાપ્ત થાય છે પણ મનુષ્ય ભવમાં જે ખરૂં સુખ સમાયું નથી, તેનું કારણ સાંભળ. પહેલું તો માતાની કૂખમાં નવ મહીના સુધી રહેવું પડે છે તેમાંપણ ઉંધે મસ્તકે રહેવું પડે છે. મળ મૂત્રમાં લપટાવું, બોલવાનું નહિ, દેખવાનું નહિ, જાણે સાક્ષાત્ નરકજ હોય નહીં એવું ગર્ભાવાસનું દુઃખ છે. ત્યાં કંઇ સુખ નથી. વળી ત્યાંથી માતાની યોનિદ્વારા નીકળતાં ઘણી વેદના ભોગવવી પડે છે. બહાર આવીને પણ અજ્ઞાનદશામાં બાળક અવસ્થા ગાળવી. બાળકઅવસ્થામાં આત્મા અગર પરમાત્માનું પણ ઓળખાણ થઇ શકે નહીં. આ વાત સામાન્યપણે લખી છે કારણ કે નહીંતો જે તીર્થંકર મહારાજા માતાની કૂખમાં ત્રણ જ્ઞાને કરી સહિત છે તે સંસારનું સ્વરૂપ જાણે છે, તેથી તે તો વયે બાળક જાણવા પણ જ્ઞાનવડે તો વૃદ્ધ જાણવા તથા વજ્રસ્વામી પણ વયે બાળક જાણવા, પણ જ્ઞાને તો તત્વવેત્તા કહી શકાય. તેમના જેવી દરેકની બાલ્યાવસ્થા હોતી

નથી તોપણ યાદ રાખવું કે જ્યાં સુધી આ શરીર છે, ત્યાં સુધી સંપૂર્ણ સુખ આત્માનું મળી શકતું નથી કારણકે કેવલજ્ઞાન ઉત્પન્ન થયે ચાર ઘનઘાતી કર્મ નાશ પામ્યા બાદ પણ તેરમા ગુણુઠાણે વર્તી તીર્થંકર મહારાજને શાતા અગર અશાતા વેદનીય ભોગવવી પડે છે કારણ કે અઘાતીયા કર્મમાં વેદનીય કર્મ રહ્યું છે અને તેરમા ગુણુઠાણાની સ્થિતિ એક દેશ ઉણી પૂર્વ કોડી વર્ષની છે ઇત્યાદિ. વળી હવે આપણા મૂળ ઉદ્દેશ ઉપર જઇ વિચારીએ કે યૌવનવયમાં પણ જુવાનીના મદમાં મોહ રાજાના અધીનપણાથી સ્રીસંગ, વેપાર, દેશાટન, રોગ, શોક, વ્યાધિથી ખરૂં સુખ પ્રાપ્ત થતું નથી. ઘડપણની અવસ્થા આવે છે ત્યારે શરીર નિર્બળ થઇ જાય છે. જેમ પાકેલું ચીભડું જેવા પ્રકારનું નરમ થાય છે, તેમ શરીરની વ્યવસ્થા થઇ જાય છે, બુદ્ધિ પણ તીવ્ર રહેતી નથી. યાદદાસ્તી ઘટે છે તોપણ આશા પિ-શાચિકા તો ઘરડાના શરીરમાં જુવાનજ રહે છે, રો-ગની ઉત્પત્તિ ઘડપણમાં વધે છે, ચિંતા અને મમતા રાક્ષસી મનમાં વ્યાપે છે, સુખે ઉંઘ પણ આવતી

નથી એવી ઘડપણુની અવસ્થામાં પણુ સુખ નથી. તેમ ચાર ગતિમાં કોઇપણુ અવતારમાં ખરૂં સુખ મળતું નથી. આપણે બાગ બગીચામાં રમતા માણુસોને દેખી જાણીએ છીએ કે અહો ! આ કેવા સુખી છે. પણુ તે પણુ એક પુણ્યની પ્રકૃતિ ભોગવે છે, તેમાં કંઈ સુખનો આભાસ માલમ પડે છે પણુ તેથી નવાં કર્મ ઉપાર્જન તે લોકો કરે છે, પુરાતન ભોગવે છે અને નવાં બાંધે છે પણુ કર્મ થકી જ્યારે રહિત થવાય છે ત્યારે ખરૂં સુખ મળે છે. કોઇપણુ સંસારમાં એવો નથી કે જેને કર્મ લાગ્યાં ન હોય; અલબત સર્વ સંસારીજીવ કર્મોપાધિ યુક્ત છે. તેનો નાશ કરવા તીર્થંકર મહારાજાએ શ્રાવક અને સાધુ માર્ગનું આચરણુ બતાવ્યું છે તે માર્ગનું આચરણુ કરી ઘણા ભવ્ય જીવો શાશ્વત મોક્ષસુખ પામ્યા અને પામશે. માટે હે ભવ્ય ! ખરૂંસુખ પાંચમી ગતિમાં છે અને તે પામવાનું મુખ્ય કારણુ યતિધર્મ છે.

પ્રશ્ન—આ પંચમકાળમાં યતિધર્મ શી રીતે પળી શકે; કારણુ કે યતિધર્મ પાળવો એ કઠિન વાત છે માટે યતિધર્મ હશે કે કેમ ?

ઉત્તર—હે ભવ્ય ! યતિધર્મ છેલ્લા દુપ્પસહસૂરિ સુધી વિદ્યમાન છે એમ મહાવીર સ્વામીએ પ્રતિપાદન કર્યું છે. કોઇ એમ કહે કે હાલ સંઘ નથી, યતિધર્મ નથી તેને ઉત્સૂત્ર ભાષી જાણી સંઘ બહાર કાઢવો. યતિધર્મ હાલ દ્રવ્ય ક્ષેત્ર કાલાનુભાવે વિદ્યમાન છે એમ સદ્દહવું તે સમકિતિનું લક્ષણ છે. છકાયના રક્ષક મુનિરાજ હાલ વિદ્યમાન છે અને શ્રી વીતરાગ પ્રરૂપિત ધર્મોપદેશ આપેછે તેમનું બહુમાન કરવું તેજ સાર છે.

ભગવતીસૂત્રના પચીશમા શતકમાં સાધુ સંબંધી ચર્ચા છે, તે ધારવી અને સદ્ગુરૂ સંયોગે આત્મસ્વરૂપમાં રમણતા કરવી. બાકી પરભાવમાં નિંદા કરી રમવું તે બહિરાત્મિયોનું કામ છે અને બહિરાત્મભાવે ચેતને અનંતકાળ કાઢયો; પણ હજી સંસારભ્રમણનો ત્યાગ આવ્યો નહીં અને હજી કેટલા ભવ સુધી બહિરાત્મ ભાવે ચેતન ભટકશે તે જ્ઞાની જાણે. સર્વ જીવ સુખની પ્રવૃત્તિથી ઉદ્યમ કરે છે પણ ખરૂં સુખ આત્મામાં રહેલું છે એમ વિરલા જાણે છે. જ્યાં સુધી વીતરાગપ્રરૂપિતસ્યાદ્વાદ દર્શને કરી આત્મસ્વરૂપ જાણ-

વામાં આવ્યું નથી ત્યાંસુધી બહિરાત્મભાવ સંભવે છે; કારણ કે સ્યાદ્વાદ રીતે આત્માનું સ્વરૂપ જાણ્યા વિના એકાંતમતે આત્માને नित्य वा अनित्य જાણવો કિંવા તે પ્રમાણે માનવો એ મિથ્યાત્વિપણું છે. જ્યારે આત્માને સાતનયે ઓળખવામાં આવે છે ત્યારે આત્મસ્વરૂપમાં રમણતા થઇ શકે છે. આત્મસ્વરૂપમાં રમણતાભ્યાસી યોગીંદ્રો અધ્યાત્મ શાંતિ મેળવી શકે છે, અને આધિ વ્યાધિ ઉપાધિના દુઃખમાંથી મુક્ત થાય છે. સર્વ શાસ્ત્ર મથન કરીને સાર એ કાઢવાનો છે કે ગમે તેમ કરી નિવૃત્તિપદ પામી શકાય. સર્વ જીવોને નિવૃત્તિપદની ઇચ્છા રહે છે પણ કારણ સામગ્રી વિના ઇચ્છા ફળીભૂત થતી નથી.

પંચાગ્નિ સાધન કરો, તીર્થસ્નાન કરો, યાગ–હોમ કરો, ઉપદેશ આપો વા ફકીરી ધારણ કરો વા સંન્યાસી થાઓ; પણ જ્યાંસુધી વીતરાગ દર્શન પૂર્વક આત્મ સ્વરૂપ જાણ્યું નથી ત્યાંસુધી એકાંતવાદથી આત્મહિત થવાનું નથી કારણ કે વસ્તુ સ્વરૂપ જાણ્યા વિના તેનું ધ્યાન સંભવતું નથી. આત્મતત્ત્વવેત્તાઓ

આત્મભાવમાં સ્થિર થઇને અનંતી કર્મની વર્ગણાઓ જે આત્મ પ્રદેશને લાગેલી છે તે ખપાવે છે. આત્મજ્ઞાનિયો બહારના ડોળ ઉપર રાચતા નથી. તેમનું તો ધ્યાન ઉપર લક્ષ રહે છે. આત્મતત્ત્વવેત્તાઓનું બાહ્યાચરણ દેખી લોક જાણે છે કે અરે! આતો ગાંડા જેવો થઈ ગયો છે, એમ સમજે છે અને જ્ઞાનીઓ જાણે છે કે અહો! બિચારા જ્યાં સુધી તે અજ્ઞાન છે, ત્યાં સુધી મોહના જોરે આવાં વાક્ય ઉચ્ચારે છે. જીવો, કર્મના વશ છે એમ સમજી સ્વસ્વરૂપમાં લીન થઈ રહે છે.

આત્માર્થીઓને બાહ્ય મોટાઇ રૂચતી નથી અને તેમનું કીર્તિ ઉપર લક્ષ રહેતું નથી. એમને તો જે દિવસ ધ્યાનમાં ગયો તે મહોત્સવ સરખો લાગે છે.

જેમ જેમ આત્માના સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતા થાય છે, તેમ તેમ આત્મસત્તા વિકસે છે. આત્મજ્ઞાનિયો સ્યાદ્વાદ દર્શન રૂપ દીપકના જોરે આત્મઘરની સઘળી ઋદ્ધિ નિહાળે છે અને તેમ તેમ તે અધ્યાત્મરસમાં લીન થતા જાય છે.

अध्यात्म-ां।तना उपाय.

પહેલો ઉપાય તો એ છે કે સદ્દગુરૂ સંયોગે નિત્યાનિત્ય અનેકાંતવાદે આત્મસ્વરૂપ ઓળખવું, અને પશ્ચાત્ માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિઓને બાહ્ય ભાવમાં જતી અટકાવવી. સ્ત્રી, પશુ, પંડક રહિત, જ્યાં કોઇનો શબ્દ સંભળાય નહિ એવી એકાંત જગ્યાએ વીરાસને વા પદ્માસને બેસી શરીરની ચંચળતા વારવી. આ સ્થળે યાદ રાખવું કે હઠ સમાધિની સહાયતા લેવી. માદક પદાર્થ વાપરવામાં ઓછો ભાવ રાખવો. કઠિન પદાર્થ ખાવા નહીં. શરીર ઉપર મમતા રાખવી નહીં. બ્રહ્મચર્ય વ્રત પાળવું અને વીરાસને બેસી ધર્મ ધ્યાનના ચાર પાયાનું અવલંબન કરવું. આત્મસ્વરૂપ ચિંતવન કરવું. એમ હરરોજ અભ્યાસ કરતાં મનની સ્થિરતા થશે અને આત્મસ્ફૂર્તિ જાગશે. નિદ્રાનો પણ ત્યાગ કરવો. અંતરાત્માનું સ્વરૂપ ચિંતવન કરવું. આત્મા અને પરમાત્માનો મુકાબલો કરવો તથા એકતાભાવવી. શ્વાસોશ્વાસ જેમ જેમ વધારે લેવામાં આવે છે તેમ તેમ મનની ચંચળતા થાય છે; માટે શ્વાસોશ્વાસ પ્રાણને રોકી ધ્યાન

કરવું. છેવટ હળવે હળવે શ્વાસોશ્વાસને અનુક્રમે પોતાના સ્થાનમાં સ્થાપન કરવો. જો વાયુ સ્વસ્થાનમાં પ્રવેશ કરે નહીંતો મનની વિકલતા થઇ જાય છે. મુખ્યવૃત્ત્યા સંસારી અવસ્થામાં રહીને ધ્યાન કરી શકાતું નથી. મુખ્યતાએ તો કેવળ સર્વ સંગ ત્યાગી વૈરાગી ફક્ત આત્માર્થી મુનિ ધ્યાન કરી શકે છે અને ધ્યાન દ્વારા નિવૃત્તિપદ પામી શકે છે. હાલ અહિંથી સાક્ષાત્ મુક્તિપદ નથી; તોપણ ધ્યાન થકી ઘણાં કર્મ ખપાવી થોડા ભવમાં મુક્તિપદ પામે છે. પણ યાદ રાખવું કે આત્મજ્ઞાનીઓ જીનાજ્ઞા વિરૂદ્ધ ચાલતા નથી. તે તો વ્યવહાર અને નિશ્ચય માર્ગમાં રહીને સ્વહિત કરે છે. આત્મ ધ્યાનથી અનહદ સુખ ઉત્પન્ન થાય છે તેમજ રોગ, શોક, વિયોગ અને મોહનો નાશ થાય છે.

જે મનુષ્યો સંસારી અવસ્થામાં રહીને ભાવના ભાવે છે, તે પ્રાયઃ તાત્વિક શાંતિ મેળવી શકતા નથી; કારણ કે કાજલની કુંપળીમાં નિર્લેપ જેમ રહેવું દુષ્કર છે, તેમ સંસારી અવસ્થામાં રહીને વિકલ્પ સંકલ્પથી દૂર રહેવું ઘણું દુષ્કર છે. કપટ, હિંસા, નિધ્વંસપરિણામ ઇત્યાદિ સંસારી અવસ્થામાં લાગ્યાં રહ્યાં છે.

થોડું ભણેલા એવા મુનિરાજ ખરેખર ભણેલા ગણેલા શ્રાવક કરતાં અત્યંત આશ્રવનો રોધ કરે છે. શ્રાવકવર્ગ ભણ્યા ,છતાં આશ્રવકરણી કરનાર છે; માટે કદાપિકાળે મુનિવર્ગની હેલના કરવી નહિ.

ગરીબ–કંગાલને એક ઠીબ ત્યાગીને પણ સાધુપણું લેવું દુષ્કર પડે છે, તો પરિગ્રહ સગાંસંબંધી ત્યાગ કરનાર, છકાયની રક્ષા કરનાર, સદાય બ્રહ્મચર્ય ધારણ કરનાર સાધુ મહારાજ સર્વ વસ્તુનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરે છે માટે તેમને ધન્ય છે. આપણે સંસારની અસારતા જાણતાં છતાં તેમાં મુંઝાઇ રહી તરણતારણહારની નિંદા કરીએ તો કર્મરાજા યોગ્ય શિક્ષા આપ્યા વિના રહેશે નહિ.

કાચું પાણી પીનાર, સ્ત્રી સંગ કરનાર, આરંભાદિક કામ કરનાર, પરિગ્રહ ધારણ કરનાર એવો શ્રાવક ગીતાર્થ જેવો હોય તોપણ થોડું ભણેલા પણ આત્મહિતાર્થી સંસાર ત્યાગી મુનિવર્ગની બરાબરી વ્યવહારથી કોઇ કાળે કરી શકે નહિ.

મુનિ અને શ્રાવકનું અંતર ઉત્તરાધ્યયનસૂત્ર ટી-

કામાં મેરૂપર્વત અને સરસવના દાણા જેટલું કહ્યું છે. હે ભવ્યજીવો ! કદાપિકાળે મુનિવર્ગની હેલના કરશો નહિ અને તેમનું માતા પિતા રાજાના કરતાં પણ મન વચન અને કાયાએ કરી બહુમાન કરશો.

આત્માનું સ્વરૂપ જાણ્યા વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. માટે આત્મસ્વરૂપનું વિવેચન કરવામાં આવે છે. આત્માના ત્રણ ભેદ છે.

૧ બહિરાત્મા, ૨ અંતરાત્મા, ૩ પરમાત્મા.

૧ બહિરાત્મા-બહિર્-બહારની વસ્તુમાં આત્માની બુદ્ધિ જેને છે તે બહિરાત્મા અવબોધવો.

બહિરાત્મીનાં લક્ષણ.

દુહા.

પુદ્ગલમાં રાચ્યો રહે, પુદ્ગલ સુખ નિધાન;
તસ લાભે લોભ્યો રહે, બહિરાતમ અભિધાન. ૧
શરીર એહિજ આતમા, માને મોહી લોક;
વાચા મન પણ આતમા, બહિરાતમની ઝોક. ૨
હું એનો એ માહરો, જ્યાંલગી એ બુદ્ધિ;
અજ્ઞાની સુખ કેમ લહે, પ્રગટે નહિ સ્વશુદ્ધિ. ૩

હું કરતો હું બોલતો, મારા વિણ શું થાય;
એવી બુદ્ધિ જયાં લગે, તાવત્ ભવ ભટકાય. ૪
એ ધન મારૂં માનતો, તસ લાભે લોભાય;
વિવિધ સંકટ વેઠતો, ભવમાંહી ભટકાય. ૫
સ્ત્રી પુત્ર પરિવાર સૌ, મારાં માને જેહ;
બહિરાતમ સુખ શું લહે, ભૂલ્યો ભટકે તેહ. ૬
શરીરપર મમતા ધરે, કરે પાપનાં કામ;
ભવમાંહી તે ભટકતો, થાશે દુઃખનું ઠામ. ૭
ધન વધતાં સુખી બને, ઘટતાં દુઃખ ન માય;
બહિરાતમ સુખ શું લહે, ભવમાંહી ભટકાય. ૮
જે જે આંખે દેખતો, ઇષ્ટવસ્તુ સુખકાર
તેની તૃષ્ણા રાખતો, પામે દુઃખ અપાર. ૯
યાવત્ બહિરાતમપણું, તાવત્ છે સંસાર;
બહિરાતમને છાંડતાં, લહીએ ભવજલ પાર. ૧૦

કહ્યું છે કે—

શ્લોક.

आत्मबुद्धेः शरीरादौ, यस्यस्यादात्मविभ्रमात्।
बाह्यात्मा स विज्ञेयो, मोहनिद्रास्तचेतनः॥

टीका. यस्य जनस्य अज्ञानदशांधत्वात् शरीर-[illegible]सि आत्मभ्रमात् शरीर एव आत्मा वागेव आत्मा मन एव आत्मा तद्व्यतिरिक्तो आत्मा न त्वात्मकः बुद्धिमानसौ बहिरात्माज्ञातव्यः कथंभूतःसः मोह एव निद्रा तया अस्तः नष्टः आच्छादितः चेतनः यस्यसः मोहनिद्रास्तचेतनः

શરીર, વાણી, મન વગેરેમાં આત્મભ્રાંતિથી જેને આત્મબુદ્ધિ થાય એટલે શરીર વાણી મનને આત્માજ જાણે; શરીર તેજ આત્મા છે, એમ જેને છે તે બહિ-રાત્મા કહેવાય છે. મોહરૂપ નિદ્રામાં ઘેરાયલો ચેતન બહિરાત્મા કહેવાય છે.

બહિરાત્મા બાહિરની વસ્તુઓમાં સુખ માને છે અને બાહિરની વસ્તુઓના નાશથી દુઃખી થાય છે. જે જે પુદ્ગલ પદાર્થ મનોહર દેખે છે. તેમાં સુખની ભ્રાંતિથી ભ્રાન્ત તૃષ્ણા રાખે છે. આ સર્વ ધન કુટુંબ મારૂં છે. હું એનો છું. અમુક મારો શત્રુ છે. અમુક મારો વ્હાલો છે, તેવી બુદ્ધિ બહિરાત્મપણાથી થાય છે. બ હિરાત્મ ભાવથી સમ્યકત્વ પ્રગટ થતું નથી. જ્યાં સુધી

બહિરાત્મભાવ છે ત્યાં સુધી ક્રોધ, માન, માયા અને લોભનો તિરસ્કાર થતો નથી.

બહિરાત્મી કોની પેઠે ભટકે છે તે બતાવે છેઃ-

દુહા.

મૃગ કસ્તૂરી ભટકતો, કસ્તૂરીની ગંધ;
કસ્તૂરી તો દૂંટીમાં, બહિરાતમ તેમ અંધ. ૧

કસ્તૂરીયા મૃગની દુંટિમાં કસ્તુરી હોય છે. તે ગંધ બાહિરથી આવે છે, એમ જાણીને મૃગ જેમ વગડામાં ચારે તરફ ફરે છે. તેમ આત્માની ભ્રાંતિથી શરીરનેજ આત્મા માનનાર બહિરાત્મા, સંસાર ભાવમાં વિવિધ દુઃખ પામતો ભટકે છે.

બહિરાત્માને કુકડાની ઉપમા આપે છેઃ—

દુહા.

પ્રતિબિંબ સ્વદેખીને, આરીસાની માંહી;
અન્ય કુર્કટ ભ્રાંતિથી, યુદ્ધ મચાવે ત્યાંહી. ૧
દેખી પ્રતિબિંબ કાચમાં, ભમરી ચકલી જેમ;
કરે યુદ્ધ જિમ ભ્રાંતિથી, બહિરાતમ પણ તેમ. ૨

ભાવાર્થ—જેમ કુકડો આરીસામાં પોતાનું પ્રતિ-

બિંબ દેખી તેને ભ્રાંતિથી બીજો કુકડો જાણી તેની સાથે લડે છે, તેમ અજ્ઞાની મનુષ્ય ભ્રાંતિથી શરીરનેજ આત્મા માની વિવિધ દુઃખને પામે છે.

ચકલી વા ભમરી કાચમાં પોતાનું પ્રતિબિંબ દેખી તેને ભ્રાંતિથી અન્ય ચકલી વા ભમરી માની જેમ કાય કલેશ કરે છે તેમ શરીરનેજ ભ્રાંતિથી આત્મા માની મનુષ્ય બહિરાત્માપદ પામી જન્મ મરણની દુઃખરાશિ ભોગવે છે.

પાડા આખલા કૂતરાની ઉપમા બહિરાત્માને આપે છેઃ-

દુહા.

મહીષ વૃષભને કૂતરાં, અજ્ઞાને લેપાય
અજ્ઞાની અજ્ઞાનથી, ચતુર્ગતિ ભટકાય. ૧
દોડત મુગ્ધ જેમ ચંદ્રને, અનુકરણ મનલાય;
પુદ્ગલ આતમ માનતો, ચતુર્ગતિ ભટકાય. ૨

ભાવર્થ—જેમ પાડા, આખલા, અને કૂતરાઓ પરસ્પર સ્વજાતિથી વૈર રાખી લડાઇ કરે છે અને એક બીજા ઉપર અદેખાઇ કરે છે તેમ; બહિરાત્મ જીવો પરવસ્તુને પોતાની માની અનેક પ્રકારની ચિંતાઓ કરે

છે. પરસ્પર રાજ્ય ધન સ્ત્રી પૃથ્વીને માટે લડાઈ કરે છે. અને સમાગમથી સુખ અને તેના વિયોગથી દુઃખ માને છે. પણ કદિ અજ્ઞાનીઓ આત્મશાંતિ પામી શકતા નથી.

છોકરાઓ રાત્રીના વખતમાં શુકલપક્ષમાં રમે છે, તે વખતે જે દિશા તરફ પોતે દોડે છે તે તરફ દૃષ્ટિ ભ્રમથી ચંદ્રને પણ દોડતો દેખે છે. અને જો પોતે ઉત્તરદિશા તરફ દોડતો હોય તો તે વખતે ચં-દ્રને પણ ઉત્તરદિશા તરફ દોડતો મુગ્ધબાળ દેખે છે. તેમ મુગ્ધ બહિરાત્મા શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે. શરીરની નબળાઈથી આત્માની નબળાઇ માને છે, અને શરીરના નાશથી આત્માનો નાશ માને છે તે પણ ભ્રાંતિ છે. ભ્રાંતિ દૂર થવાથી સત્ય સમ-જાય છે.

લેખકનું એમ કહેવું નથી કે ચંદ્ર ગતિ કરતો નથી, પણ ઉપમાદૃષ્ટાંત અત્ર એટલુંજ લેવાનું કે જે દિશા તરફ આપણે તેના સામુ જોઇને દોડીએ છીએ તે દિશા તરફ ચંદ્રને પણ દોડતો દેખીએ છીએ પણ તે એ ભ્રમ

છે. તેમ શરીર તેજ આત્મા માનવો તે પણ ભ્રમ છે. સંસારમાં બહિરાત્માઓ ઘણા છે. મનુષ્યપણું પામ્યા છતાં પણ બહિરાત્મભાવ ટળવો એ સદ્ગુરૂ સમાગમ વિના ઘણો દુષ્કર છે. નિષ્પક્ષપાતથી કહું છું કે; સર્વનય પરિપૂર્ણ જૈન દર્શનના સ્યાદ્વાદજ્ઞાનવિના આત્મસ્વરૂપ પરિપૂર્ણ જણાતું નથી. એકાંતવાદથી આત્માને જાણનારા મુક્તિપદ કહો શી રીતે પામી શકે?

દુહા.

ફોનોગ્રાફની પેઠે જે, બોલી જાણે બોલ;
આત્મસ્વરૂપ ન જાણતા, બહિરાતમપદ તોલ. ૧

ફોનોગ્રાફ નામનું એક યંત્ર હોય છે. તેમાં જે બોલીએ તેવા શબ્દ તેમાંથી બોલાય છે. પણ તે શબ્દનો ભાવાર્થ જેમ તે ફોનોગ્રાફ વાજું જાણતું નથી તેમ બહિરાત્મીઓ આત્મા, ધર્મ, પુણ્ય, પાપ પોકારે છે. પણ વીતરાગ વચનાનુસારે તેનો અર્થ સમજ્યા વિના ફોનોગ્રાફના સરખા જાણવા. સપ્તનય, સપ્તભંગી, ચારનિક્ષેપા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નવતત્વ, ષટ્તત્વ ઇત્યાદિનું તત્વબુદ્ધિથી સદ્દહણાપૂર્વક મનન કરી હેય, જ્ઞેય, અને

ઉપાદેયપણે વિચારણા કરવી અને ઉપાદેયભૂત એક આત્મતત્ત્વમાં રમણતા કરવી.

અનંત શક્તિનો સ્વામી આત્મા છે. આત્મા જ્યારે નિરાકાર સ્વરૂપની પરિપૂર્ણ પ્રાપ્તિ કરી મોક્ષ સ્થાનમાં પહોંચે છે. ત્યારથી કોઇ દિવસ સંસારમાં આવતો નથી. મોક્ષ જે આત્માઓ ગયા તેની પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે, અમુક વ્યક્તિની અપેક્ષાએ આદિ છે પણ અંત નથી.

પ્રશ્ન—અનંત શક્તિ પામી જ્યારે સિદ્ધ પરમાત્માઓ બીજાઓ ઉપર ઉપકાર કરે નહિ, ત્યારે તેમની સિદ્ધાવસ્થા શા ખપમાં આવી?

ઉત્તર—હે ભવ્ય! સિદ્ધાત્માઓ પરમાત્મપદ પામ્યા પછી અક્રિયં થાય છે તેથી એક ઠેકાણેથી બીજે ઠેકાણે ગમન કરવાનો પ્રયત્ન તેઓ કરતા નથી અને તેમજ રાગ દ્વેષરહિત વીતરાગ થવાથી તેમની અનંત શક્તિ પણ તેમનામાં પ્રવર્તે છે. તેમનું ધ્યાન ભક્તિ કરનારાઓ મુક્ત થાય છે. માટે નિમિત્તની અપેક્ષાએ તેઓ ઉપકાર કરે છે. તેમનું સ્મરણ કરીને

અનેક જીવો મુક્ત થાય છે માટે તે અપેક્ષાએ તે ઉપકારી છે માટે ધ્યાનાર્થે તેઓ ધ્યેયરૂપે પરિણમવાથી અન્યના ઉપકારી થાય છે માટે તેમની સિદ્ધાવસ્થા ખરેખર અનેક જીવોને મુક્તિરૂપ કાર્ય સાધવાના પ્રયો- જન માટે થાય છે.

હવે આપણે બહિરાત્માના વિવેચન તરફ નજર કરીએ બહિરાત્માની અનાદિ છે અને કોઈ દિવસ ભવ્યોની અપેક્ષાએ બહિરાત્મપણાનો નાશ થાય છે માટે અંત છે માટે ભવ્યની અપેક્ષાએ બહિરાત્મભાવ અનાદિ શાંત જાણવો. અભવ્યજીવો પણ બહિરાત્મ દશાવાળા જાણવા. તે ગમે તેટલી ક્રિયા કરે તો પણ તેમની મુક્તિ થતી નથી. જેમ પાંખવિનાનું પક્ષી આકાશમાં ઉડી શકતું નથી, તેમ અભવીજીવ મોક્ષ પામી શકતો નથી; કારણ કે અભવીજીવને અભવ્યપણા થકી સમ્યકત્વ પ્રાપ્ત થતું નથી. માટે અભવ્ય જીવોને અનાદિ અનંતમા ભાંગે બહિરાત્મપણું છે.

બહિરાત્મપણું જિનદર્શન જાણ્યાવિના જતું નથી. બહિરાત્મપણાથી ચેતન અનાદિકાળ રઝળ્યો, તો પણ

હજી પરભાવને ત્યાગ કરતો નથી. આત્મ સ્વરૂપ જાણ્યા છતાં પણ અનુપયોગે ચારિત્રમાં બહિરાત્મપણું કોઇ વખત પ્રાપ્ત થાય છે. પણ આત્મોપયોગ આવતાં ચારિત્રભાવમાં આવેલું બહિરાત્મપણું દૂર થાય છે. મિથ્યાત્વભાવરૂપ બહિરાત્મપણું દૂર થતાં ચેતન ચોથે ગુણઠાણે આવી બીજના ચંદ્રસદૃશ સમકિત રત્ન હૃદય ગગનમાં સ્થાપિત કરે છે. ચારિત્ર મોહનીય યોગે બહિરાત્મભાવ અર્થાત્ પ્રમાદ થાય છે તેની વ્યાખ્યા જુદી રીતે અવબોધવી.

જ્યારે મિથ્યાત્વ ભાવ દૂર થાય છે. ત્યારે સમ પ્રગટ થાય છે. હવે અંતરાત્માનું સ્વરૂપ કહે છેઃ-

॥ श्लोक ॥

॥ योगप्रदीपग्रन्थे ॥

बहिर्भावा नतिक्रम्य,
य आत्मन्यात्म निश्चयः ।
सोऽन्तर त्मा मतस्तज्ञै-
र्विभ्रम ध्वान्तभा करः ॥

ભાવાર્થ—ઉપર કહેલી શરીર મનવાણી લેશ્યા ઇત્યા-

હિ બાહિર વસ્તુઓને આત્માથી ભિન્નદ્રવ્યરૂપ માનીને આત્માની આત્મામાંજ આત્મનિષ્ઠા થાય તે અંતરાત્માનું લક્ષણ છે. શરીર મન વાણીને આત્મા વ્યાપી રહેલો છે, તે શરીર થકી જુદો છે એમ જે જાણે છે તે અંતરાત્મા જાણવો એ પ્રમાણે ભ્રાંતિરૂપ અંધકારનો નાશ કરનાર સૂર્ય સદૃશ આત્મજ્ઞાનીઓએ સ્વીકાર્યું છે. વીતરાગ ભગવંત સમવસરણમાં બેસીને શરીરમાં વ્યાપી રહેલો આત્મા શરીર થકી ભિન્ન છે એમ કથન કરે છે. આત્માઓ અનંતા છે, પ્રતિશરીર ભિન્ન ભિન્ન આત્માઓ છે; પણ સર્વ જીવનો એક આત્મા નથી. સર્વે જીવનો એક આત્મા અદ્વૈતવાદી સ્વીકારે છે. તે અસત્ય છે તેનું ખંડન "તત્ત્વજ્ઞાન[1] દીપિકા" નામના ગ્રંથમાં કર્યું છે. શરીરમાં આત્મા કેવી રીતે રહ્યો છે તે બતાવે છેઃ-

દુહા.

તલમાં વ્યાપી તેલ જેમ, આતમ વ્યાપી દેહ;
અરણીમાંહે વન્હિ જેમ, તેમજ ચેતન એહ. ૧

---

૧ તત્ત્વપરીક્ષા વિચાર નામનો પૂર્વે ગ્રન્થ રચ્યો હતો તેમાં સુધારો વધારો કરીને પાછળથી તત્ત્વજ્ઞાનદીપિકા નામ રાખ્યું છે.

આંખેથી દેખાય નહિ, નાકે ના સુંઘાય;
શરીર વ્યાપી આતમા, જ્ઞાને તે લક્ષાય. ૨

ભાવાર્થ—જેમ તલમાં તેલ વ્યાપીને રહ્યું છે. તેમ શરીરાવચ્છેદેન આત્મા શરીરમાં વ્યાપી રહ્યો છે. અરણીના કાષ્ટમાં જેમ વહ્નિ વ્યાપીને રહ્યો છે. તેમ આ ચેતન શરીરને વ્યાપી રહ્યો છે. ચેતન આંખેથી દેખાતો નથી. જે જે વસ્તુ આંખેથી દેખાય છે તે તે વસ્તુ રૂપી છે. આત્મા અરૂપી છે, ચર્મ ચક્ષુથી આત્મા દેખી શકાય નહિ, અને નાકથી સુંઘી પણ શકાતો નથી. સુગંધ દુર્ગંધ પુદ્‌ગલ પદાર્થની હોય છે, માટે આત્મા સુગંધ અને દુર્ગંધથી ભિન્ન છે. આત્મા શરીરને વ્યાપી રહ્યો છે અને તે સુખ દુઃખનો જ્ઞાતા છે. આત્માનો જ્ઞાનગુણ છે તેથી જ્ઞાનગુણવાન્ આત્મા જ્ઞાનથીજ ઓળખાય છે. ચાર્વાકમતવાદી શરીરનેજ આત્મા માને છે. તે અસત્ય છે. તેનું ખંડન "સુયડાંગ સૂત્ર"થી જોઇ લેવું. મરતી વખતે પાંચભૂત શરીરમાં કાયમ હોય છે. પણ તે વખતે આત્મા હોતો નથી, પંચભૂતથકી આત્મા ઉત્પન્ન થતો હોય તો મૃતકલેવરમાં પણ ચલ-

નાદિ શક્તિ હોવી જોઇએ. પણ તે નથી માટે આત્મ શરીરથકી જુદો છે. તે ઇંદ્રિયથકી અગોચર છે. જડવાદિયો આત્માની નાસ્તિ સિદ્ધ કરવામાં ઘણો પ્રયત્ન કરે છે, પણ સિદ્ધ થતી નથી. યૂરોપ અમેરિકામાં ચેતનવાદ જય પામ્યો છે, અને અગ્રે જય પામશે. બૌદ્ધો આત્માને ક્ષણ ક્ષણ વિનાશી માને છે, તે અસત્ય છે. જો એમ માનવામાં આવે તો બંધ, મોક્ષ, સુખ દુઃખ આત્માને શી રીતે ઘટીશકે; કારણકે એક આત્માએ પાપ કર્યું તે આત્મા વિનાશ પામ્યો અને બીજો બીજા ક્ષણમાં ઉત્પન્ન થયો તે પહેલા ક્ષણમાં ઉત્પન્ન થએલા આત્માએ કરેલું પુણ્ય પાપ ભોગવે એમ જો કહીએ તો કૃતનાશ અને અકૃતાગમ દૂષણ લાગે; અને આખી જીંદગીમાં અનેક આત્મા ઉત્પન્ન થાય અને વિનાશ પામે ઇત્યાદિ અનેક દોષોથી તેમ માનવું યુક્તિ વિકલ ઠરે છે. જો આત્માને એકાંત અનિત્ય બૌદ્ધોની પેઠે માનીએ તો બંધ મોક્ષની નાસ્તિતા સિદ્ધ થાય છે. અને જો એકાંતે આત્માને નિત્ય મનવામાં આવે તો પુણ્ય પાપ એ બે આત્માને લાગી શકે નહીં ?

ઇત્યાદિ યુક્તિથી વિચારતાં ઘણા દોષો દેખાય છે; માટે આત્માને અપેક્ષાએ નિત્ય અને અનિત્ય માનવો. જોઇએ. દેવગતિ મનુષ્યગત્યાદિ પર્યાયે સંસારમાં આત્મા અનિત્ય છે. અને પરમાત્મા રૂપ થાય તોપણુ જ્ઞેય વસ્તુના ઉત્પાદ વ્યયે કથંચિત્ આત્મા અનિત્ય જાણવો. આત્મદ્રવ્યનો કદાપિ કાલે નાશ થતો નથી માટે નિત્ય અવબોધવો. એમ દ્રવ્યરૂપે આત્મા નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. જ્યારે જ્યારે આત્મામાં અપેક્ષાએ નિત્યાનિત્ય પક્ષ સ્વીકારવામાં આવે છે ત્યારે પુણ્ય, પાપ, બંધ, મોક્ષ, સુખ, દુઃખ વગેરે સ્યાદ્વાદ રીતે વિચારતાં અનુભવ દ્વારાએ વસ્તુતઃ સિદ્ધ થઇ શકે છે.

સાંખ્યમતાનુયાયી પ્રકૃતિ કર્ત્તા માને છે. અને આત્માને પુષ્કરપલાશવત્ નિર્લેપ માને છે. તે પણુ યુક્તિ વિકલ છે. તેનું ખંડન "નંદિસૂત્ર" "સમ્મતિતર્ક" "સ્યાદ્વાદમંજરી" "અનેકાંતજયપતાકા" ઇત્યાદિથી જાણવું. જો આત્મા કમલપત્રવત્ નિર્લેપ હોય તો પુણ્ય પાપનો લેપ આત્માને થાય નહિ. અને તેથી સુખ દુઃખ આ-

ત્માને થવું ન જોઇએ; પણ થાય છે. માટે કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા આત્મા સ્વીકારવો જોઇએ. અમો સાંખ્યોને પુછીએ છીએ કે જો એકાંતે નિત્ય પ્રકૃતિ કર્ત્રી હોય તો કદાપિ કાળે આત્માથકી જુદી પ્રકૃતિ થાય નહી, અને જુદી ન થાય તો આત્માને મોક્ષ ક્યાંથી મળે ? તેમજ પ્રશ્ન કે, પ્રકૃતિ જડ છે કે ચેતન ? જો પ્રકૃતિને જડ કહેશો તો કર્ત્તાપણું તેને સંભવે નહિ અને જો પ્રકૃતિને ચેતન માનવામાં આવે તો પ્રકૃતિ પણ ચેતન અને પુરૂષ પણ ચેતન એમ પરસ્પર વિરોધ આવે છે.

॥ श्लोक ॥

સાંખ્ય-प्रकृतेः [illegible]णानि, गुणैः कर्माणिसव[illegible]ः
अहंकारवि[illegible]ढात्मा, कर्त्ता[illegible]मितमन्यते.

ભાવાર્થ-પ્રકૃતિના ગુણોએ કરેલાં સર્વ કર્મને અહંકારે કરી મૂઢ થયેલો આત્મા હું કરૂં છું એમ માને છે; પણ વસ્તુતઃ તે કર્તા નથી. માટે આત્મા કંઇ કરતો નથી. પ્રકૃતિ કરે છે.

જૈન—આત્મા પ્રકૃતિથકી ભિન્ન છે ? કે અભિન્ન

છે ? જો એકાંતે પ્રકૃતિથકી આત્મા ભિન્ન હોય તો હું કરૂં છું એવો અહંકાર થઇ શકે નહિ. સંબંધને લેઇને હું કર્તા છું. એમ અભિમાન થાય છે. કોઇ રાજા હોય અને તેનો પ્રધાન હોય તે રાજ્યનો અધિકાર ચલાવે તો હું કરૂં છું, મારાથી સૌ થાય છે એમ તેને અહંકાર થઇ શકે. પણ જો એકાંતે ભિન્ન આત્માથકી ન્યારી પ્રકૃતિ કંઇ કરે તો તેથી આત્માને અભિમાન આવી શકે નહિ. જો આત્મા થકી પ્રકૃતિ અભિન્ન સ્વીકારશો તો આત્માને હું કર્તા હું ભોક્તા એવો સદાકાળ પ્રત્યય થવાનોજ અને તે કદિ ટળશે નહીં. અને આત્માથકી પ્રકૃતિ અભિન્ન માનવામાં આવે તો આત્માના સ્વરૂપ પ્રકૃતિ થઇ જવાની. અને તે આત્માથકી જુદી ભાસશે નહિ, પણ જુદી તો ભાસે છે. માટે એકાંત પ્રકૃતિથી આત્માભિન્ન અને અભિન્ન એ બે પક્ષ પણ યુક્તિ વિકલ ઠરે છે. કર્મસંયોગે ચેતન સ્વસ્વભાવ મૂકી પરભાવમાં રમે છે, તેથી પરભાવનો હું કર્તા છું, હું ભોક્તા છું એમ માને છે તે યુક્તિથી સિદ્ધ ઠરે છે. કર્મ સંયોગનો સંપૂર્ણ નાશ

થવાથી પરભાવનો પશ્ચાત્ ચેતન કર્ત્તા રહેતો નથી. જેમ મદિરાપાની મસ્ત થઇ અંડ બંડ બકે છે. તેમ મોહમદિરાથી યુક્ત જીવ પર વસ્તુ મારી માને છે, અને પરભાવનો કર્ત્તા ચેતન થાય છે. કર્મનો નાશ થવાથી આત્મા અરૂપી અજરામરરૂપ થયા બાદ પર-ભાવનું કર્તાપણું તથા ભોક્તાપણું રહેતું નથી.

નૈયાયિકો—આત્માઓ અનેક માને છે. અને પર-માત્મા એક માને છે. આત્માઓને વ્યાપક માને છે, અને પરમાત્માને પણ વ્યાપક માને છે. જીવાત્માને શરીરાવચ્છેદેન સુખ દુઃખ થાય છે અને વ્યાપક તો સર્વત્ર છે. ઇશ્વરમાં ઇચ્છા સ્વીકારે છે. તેમ પ્રયત્ન પણ સ્વીકારે છે. આત્માઓ ઇશ્વરરૂપ થતા નથી એમ માને છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં જીવને સ્વીકારતા નથી. મન હરેક આત્માને લાગી રહ્યું છે. અને મન અણુ અને નિત્ય છે. મુક્તાવસ્થામાં પણ જીવની સાથે મન સ્વીકારે છે; ઇશ્વર ઇચ્છાથી જગ-દુત્પત્તિ વિનાશ થાય છે ઇત્યાદિ નૈયાયિકોનો સિદ્ધાંત છે. નૈયાયિક અને વૈશેષિકમાં થોડો અંતર છે.

જૈનો—સુજ્ઞો વિચારો કે-આત્માઓ અનંત છે અને પરમાત્મા એક છે તેમાં શું પ્રમાણુ છે? આત્મા તેજ પરમાત્મારૂપ થઇ શકે છે. માટે પરમાત્મા પણુ અનેક સ્વીકારવા જોઇએ. આત્માઓ શરીરોમાં વ્યાપીને રહે છે, પણુ તેઓ વ્યાપક નથી, તે સંબંધી વિશેષ ચર્ચા જાણુવી હોય તો "સ્યાદ્વાદમંજરી"માં નૈયાયિકમત ખંડન વાંચવાથી માલમ પડશે. પરમાત્મા વ્યક્તિ આશ્રયી કદાપિ કાળે વ્યાપક થતો નથી. ઈશ્વરમાં ઇચ્છા પ્રયત્ન હોતાં નથી. ઇચ્છા પ્રયત્ન જ્યાં સુધી છે ત્યાં સુધી કર્મ આત્માને લાગેલાં છે. કર્મ રહિત પરમાત્માને શાની ઇચ્છા હોય. અલબત્ત પરમાત્માઓ કૃતકૃત્ય થયા છે તેથી કોઈ જાતની ઈચ્છા નથી. આત્માની મુક્તિ કર્મના નાશથી થાય છે, તે કર્મનું વર્ણન પહેલાં કહેવામાં આવ્યું છે. કર્મ રહિત આત્મા મોક્ષસ્થાનમાં રહે છે. નૈયાયિકો દુઃખાભાવ તેજ મોક્ષ માને છે. પણ તેમ માનવું યુક્તિ વિકલ છે. મન ને અણુ સ્વીકારી તેને નિત્ય નૈયાયિકો માને છે તે ઠીક નથી. મન એ પુદ્ગલ

પદાર્થ છે; જડ છે. પુદ્ગલ સ્કંધરૂપ છે. પરમાણુઓના સ્કંધો ભેગા થઇ દ્રવ્ય મન બનેલું છે. તેનો મુક્તાવસ્થામાં નાશ થાય છે. મન અનિત્ય છે. ઈશ્વરમાં ઇચ્છા માનવી તે અજ્ઞાન છે. ઇશ્વરમાં ઈચ્છા એકાંતે નિત્ય અને એક માનીએ તો ઇશ્વર સદાકાળ જગત્‌ની ઉત્પત્તિ કર્યા કરશે; પણ કદિ વિરામ પામશે નહિ. અને ઈશ્વર અને ઇચ્છા એક હોવાથી અને નિત્ય હોવાથી તે થકી બનતા પદાર્થો પણ નિત્ય હોવા જોઇએ પણ તેમ દેખાતા નથી. ઇશ્વરેચ્છાથી જગત્ બને છે અને નાશ પામે છે, તો ઉત્પત્તિ અને નાશ એ બે ઈશ્વર ઇચ્છામાં સંભવે નહિ. જે વખત જગત્‌ની ઉત્પત્તિની ઇચ્છા થશે, તેજ વખત જગત્ નાશ કરવાની ઇચ્છા નાશ કરશે, તેથી અંતે નાશ અને ઉત્પત્તિ એમાંનું કંઇ પણ ઈશ્વરથી બની શકવાનું નહિ. જગત્‌નું ઉપાદાન કારણ શું છે તે બતાવવું જોઇએ. જગત્ નહોતું બનાવ્યું તે પહેલાં દેખાતા આ સર્વે પદાર્થો ક્યાં ઈશ્વરે રાખ્યા હતા? ઈશ્વર જગત્‌નો બનાવનાર શરીરી છે કે અ[illegible]રીરી? જો શરીરી

છે તો આપણી પેઠે છે દૃશ્ય વા ભૂતાદિકની પેઠે અદૃશ્ય શરીરી છે ? જો આપણી પેઠે શરીરી હોય તો પ્રત્યક્ષ દેખાવો જોઇએ; પણ તે દેખાતો નથી તેથી પ્રત્યક્ષ બાધ આવે છે. બીજા પક્ષમાં ભૂતાદિકની પેઠે અદૃશ્ય શરીરી છે એમ કહેશો તો કોઇ વખત આંખે દેખાતો નથી તેમાં તેનો માં.મા છે કે અદૃષ્ટ, જો ઈશ્વરનો મહિમા કહેશો તો મહિમા છે એમાં કોઈ પ્રમાણ નથી. અદૃશ્ય ઈશ્વર છે, તેથી તેનો મહિમા સિદ્ધ થાય છે એમ જો કહેવાશે તો ઈશ્વર શરીરી અદૃશ્ય છે એને સિદ્ધ કરવામાં કોઇ પ્રમાણ નથી માટે તેમ માનવામાં તરતર દૂષણ રૂપ વજ્રનો પ્રહાર જગત્કર્તાવાદીને માથે લાગે છે. પક્ષ બીજો ઈશ્વર અશરીરી છે તો અશરીરી થકી પદાર્થની ઉત્પત્તિ થવી અમાન્ય છે. જેમ આકાશ અશરીરી છે તો અન્ય પદાર્થ બનાવવામાં અસમર્થ છે તેમ જાણી લેવું. ઈશ્વર સર્વવ્યાપક છે એમ માનવું યુક્તિવિકલ છે; વિશેષ અધિકાર "સ્યાદ્વાદ મંજરીના ૬. છઠ્ઠા શ્લોકની ટીકા તથા નંદીસૂત્ર" વિગેરેથી જાણી લેવો.

ઉપર્યુક્ત દલીલોથી એમ સિદ્ધ થાય છે કે આત્મા અનાદિકાળથી છે, કર્મ પણ અનાદિકાળથી આત્માની સાથે લાગેલું છે, આત્મા અને કર્મનો સંબંધ પણ અનાદિકાળથી છે. આત્મા અને કર્મનો સંબંધ અભવી આશ્રયી અનાદિ અનંતમા ભાંગે છે, ભવિજીવ આશ્રયી સાદિસાંત ભાંગે છે. કર્મસંયોગથી આત્મા જે શરીર ધારણ કરે છે, તેટલા શરીરમાંજ તેના આત્માના પ્રદેશો વ્યાપીને રહ્યા છે. જુઓ! વિચારો કે આ પ્રત્યક્ષ જે શરીર દેખાય છે, તે સાત ધાતુનું બનેલું છે અને તે અન્ન થકી વધે છે તેને ઔદારિક શરીર કહે છે. અને ખાધેલું પચાવવાની જેનામાં શક્તિ રહેલી છે તેને તૈજસ શરીર કહે છે. તે આ શરીર કરતાં સૂક્ષ્મ છે. અને તે અંદર રહ્યું છે. વૈક્રિય શરીર દેવતા તથા નારકીને છે. દેવતાને મૂલવૈક્રિય શરીર હોય છે અને જ્યારે અહિં આવે છે ત્યારે ઉત્તરવૈક્રિય શરીર કરી આવે છે, મનુષ્યને પણ વૈક્રિય શરીર કરવાની ગુણથી લબ્ધિ પ્રગટે છે ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર લાખ યોજન અને જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું જાણવું.

મનુષ્ય ચાર આંગળ અધિક વૈક્રિય શરીર બનાવે છે. દેવતાઓનું ચાર અંગુલ ઓછું સમજવું. કારણ કે દેવતા પૃથ્વીથકી ચાર આંગળ ઉંચા રહે છે. કાર્મણ શરીર તો ચાર ગતિના જીવોને લાગી રહ્યું છે. અને તે કાર્મણ શરીરના યોગે બીજાં શરીર પ્રાપ્ત થાય છે, એક ગતિમાંથી બીજી ગતિએ જતાં અંતરાલે કાર્મણ અને તૈજસ શરીર હોય છે પણ પંચમી ગતિમાં જતાં તૈજસ કાર્મણ ઇત્યાદિ પાંચ શરીરમાંનું કોઇ પણ શરીર હોતું નથી.

જેમ કોઇ દીવો કરીને એક ઓરડામાં મૂકીએ તો તે ઓરડામાં દીવાનો પ્રકાશ વ્યાપી રહેશે, તેમ દીવો ઘડામાં મૂકીને ઉપર ઢાંકણું ઢાંકીએ તો તેટલામાંજ તેનો પ્રકાશ વ્યાપી રહેશે, તેમ આત્મા પણ જે શરીરમાં રહે છે તેટલાનેજ વ્યાપી રહે છે; પણ સર્વ વ્યાપી થતો નથી, તે લક્ષમાં રાખવું જોઇએ. પક્ષપાત કરવો એ કદાગ્રહ છે, તેથી તત્ત્વ પામી શકાતું નથી.

જ્યારે સૂર્યગ્રહણ થાય છે, ત્યારે સૂર્યગ્રહણ થયા પછી અંધકાર મિશ્રિત સૂર્ય કિરણો ઝાંખાં દેખાય છે.

તેમ સૂર્યરૂપ આત્માના કિરણરૂપ અસંખ્યાત પ્રદેશને વિષે જ્ઞાનાવરણીયાદિ કર્મની વર્ગણાઓ લાગવાથી આત્માના જ્ઞાનનો પ્રકાશ આચ્છાદિત થાય છે. જેમ સૂર્યગ્રહણ દૂર થયા પછી સૂર્યનો પ્રકાશ શુદ્ધ પ્રકાશે છે. તેમ આત્માને લાગેલાં જ્ઞાનાવરણીયાદિ કર્મના દૂર થવાથી આત્મા અસંખ્યાત પ્રદેશે નિર્મળ થયો છતો લોકાલોકનો જ્ઞાતા થાય છે.

કપાસના બીજને લાક્ષારંગની ભાવના દેઇ તેને વાવવાથી કપાસ પણ તેવા રંગનું થાય છે, તેમ આત્મા પણ સારાં અગર નઠારાં કર્મ લેવાથી તેવા રૂપે થાય છે. માટીમાંથી જેમ સોનું ધૂળધોયો જુદું પાડે છે, તેમ તત્વવેત્તાઓ શરીરથકી આત્મતત્ત્વને જૂદું પાડે છે અને ધ્યાનવડે કર્મનો ક્ષય કરી આત્માને જૂદો કરે છે.

श्लोक.

परमानन्दसंपन्नं निर्विकारं निरामयं ।
ध्यानहीना न पश्यन्ति, निजदेहे व्यवस्थितम् ॥१॥

આત્મતત્ત્વ વખાણે છે—ઉત્કૃષ્ટ આનંદથીયુક્ત, વિકાર રહિત, રોગ રહિત આત્મતત્ત્વ શરીરમાં રહેલું

છે, પણ ધ્યાન રહિત જડવાદિયો દેખી શકતા નથી. તે ઉપરથી ભાવાર્થ–એમ નીકળે છે કે જે વીતરાગ વચનાનુસારે ધ્યાનદ્વારા આત્મતત્ત્વની ખોળ કરે છે, તે આત્મતત્ત્વને જાણે છે. આત્મતત્ત્વ કર્મ રહિત છે, અનંત રત્નત્રયી યુક્ત છે, અરૂપી છે, દ્રવ્ય ગુણ પર્યાયનું સ્થાન છે. પરમાત્મા પણ તેજ છે. અજ, અમર, અક્ષય, અનંતશક્તિથી પરિપૂર્ણ આત્મતત્ત્વ છે. તે આત્મતત્ત્વની અનંત શક્તિ, કર્મના આવરણથી આચ્છાદિત થઈ છે. એમ સમજી ભવ્યજીવ જ્યારે અંતરાત્મા રૂપ થવાને માટે આશ્રવ કષાયનો ત્યાગ કરવા ઉદ્યમ કરે છે, ત્યારે ધ્યાનરૂપ અગ્નિથી કર્મ કાષ્ઠ બાળી ભસ્મ કરી નિર્લેપ થાય છે અને કેવલજ્ઞાન પામી મોક્ષસ્થાનમાં સિદ્ધબુદ્ધ પરમાત્મા રૂપ થાય છે. અન્તરાત્મા અને પરમાત્માના વચ્ચે ભેદનું કારણ કર્મ છે. તેનો જો નાશ થાય તો અંતરાત્માજ પરમાત્મારૂપ થાય છે. અંતરાત્માને ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત અને ક્ષાયિક સમકિત હોઇ શકે છે; પણ યાદ રાખવું કે; સ્યાદ્વાદ અનેકાંત દૃષ્ટિવડે અંતરાત્માનું સ્વરૂપ જાણવાથી તથા

તેની શ્રદ્ધા કરવાથી અંતરાત્મા થવાય છે. અંતરાત્મા સંસારને કેવો જાણે તે કહે છેઃ-

દુહા.

દેખે સો ચેતન નહિ, ચેતન નહિ દેખાય;
રોષ તોષ કીશશું કરે, આપહી આપ બુઝાય. ૧
જૈસે વસ્ત્ર કે નાશસે, હોત ન તંતુકો નાશ;
તૈસે શરીરકે નાશસે, આત્મ અચલ અવિનાશ.
(આ બે દુહા શ્રી યશોવિજયજી કૃત છે.) ૨
શું મારૂં સંસારમાં, મારૂં મારી પાસ;
પરને મારૂં માનતો, ભવમાં ભટકીશ ખાસ. ૩
સ્ત્રી ધન પુત્ર કુટુંબ સબ, મુજથી ન્યારૂં ખાસ;
સંસારે શું સાર છે, કેમ કરે પર આશ. ૪
જેવો ઘટના નાશથી, થાય ન માટી નાશ;
તેમજ તનુના નાશથી, ચેતન અચળ અનાશ. ૫
ખાતું પીતું પહેરતું, પુદ્‌ગલ દ્રવ્ય કહાય;
આતમ ખાતો પહેરતો, કર્મ સંયોગે થાય. ૬

જગત.

ભાવાર્થ—જે જે વસ્તુ આંખે દેખાય છે. તે

ચેતન નથી. આત્મદ્રવ્ય, ચક્ષુવડે દેખી શકાતું નથી; કારણ કે ચક્ષુનો વિષય, રૂપી દ્રવ્યને જાણવાનો છે. અને પુદ્ગલ રૂપી દ્રવ્ય છે. અને આત્મા અરૂપી છે. માટે જે આંખથી દેખાય છે તે ચેતન નથી. તો હે ભવ્યો ! સમજો કે આપણે કોઇના ઉપર રાગ કરીએ છીએ, તથા કોઇના ઉપર દ્વેષ કરીએ છીએ તે વાસ્તવિક રીતે જોતાં કોના ઉપર કરીએ છીએ? પુદ્ગલ ઉપર કરીએ છીએ કે તેના શરીરમાં રહેલા આત્મા ઉપર કરીએ છીએ? જો શરીર ઉપર રાગદ્વેષ કરીએ તો શરીર તો જડ છે, પુદગલ છે, માટે તેના ઉપર રાગદ્વેષ કરવો લાયક નથી. જેમ કોઈ માણસે કોઇ માણસના ઉપર પત્થર ફેંકયો ત્યારે શું પત્થર વાગ્યો તેમાં પત્થર ઉપર દ્વેષ કરવો લાયક છે? ના નથી. પુદ્ગલે પુદગલ લડે છે, વઢે છે, પુદગલ પુદ્ગલથી કપાય છે. જેના ઉપર આપણે દ્વેષ કરીએ છીએ તેમાં દ્વેષ કરનાર કોણ? દ્વેષજ કહેવાશે, અને દ્વેષ કોના ઉપર થાય છે? ઉત્તરમાં કહેવું પડશે કે શરીર ઉપર થાય છે. તો શરીર શું છે? ઉત્તર–પુદ્ગલ. પ્રિયભવ્યો ! વિચારો કે, શુદ્ધનિશ્ચયથી

આત્મા આત્મા ઉપર દ્વેષ કરી શકતો નથી, પણ મોહાંધ આત્મા–બીજાને મારૂં બગાડનાર જાણી તેના ઉપર દ્વેષ કરે છે. અગર પરપુદ્ગલ વસ્તુને રાગ દશાથી મારી માને છે. વસ્તુતઃ જોતાં તે આત્માનો સ્વભાવ નથી, પણ મોહ મદિરાનું પાન કર્યાથી આત્મા પોતાનું ભાન ભૂલી જાય છે. તેથી મોહના યોગે સાત વા આઠ કર્મ સમયે સમયે ગ્રહણ કરે છે. રાગ દ્વેષનો વિષય પુદ્ગલ ઉપર થાય છે, કર્મ રૂપ પુદ્ગલસંગી આત્મા થવાથી તેના યોગે આત્મા દુઃખી થાય છે; જેમ કોઇ ઘરમાં કોઇ રહેતા હોય અને જ્યારે તે ઘર બળી જાય; ત્યારે ઘરમાં રહેલાનું શરીર પણ બળી જાય તેમ આત્મા પણ કર્મ સંયોગે વિવિધ દુઃખનો ભોક્તા થયો છે. કર્મ, પ્રત્યક્ષ સારી અગર નઠારી સ્થિતિ ઉપર લાવી શકે છે. નાટકમાં જેમ વિષયને અનુસરી પડદા પડે છે. અને નવા નવા ખેલ ભજવાય છે તેમ સંસાર રૂપ નાટકશાળામાં કર્મના યોગે જીવ નાટકીયો, સુખ, દુઃખ, શોક, રોગ, અને ભય ઇત્યાદિ ખેલ ભજવે

છે; અને જેવો પડદો આવે તદ્રૂપ થઇ જાય છે. ભવ્યો ! યાદ રાખો કે પહેલું આ શરીર નાનામાં નાનું .હતું. ત્યારબાદ આ શરીર યૌવનાવસ્થા પામ્યું અને તેજ શરીર કાલાનુભાવે વૃદ્ધાવસ્થા પામી ક્ષીણ થઇ અંતે નાશ પામશે. એ પ્રત્યક્ષ ત્રણ અવસ્થાનાં નાટક હરરોજ દુનિયામાં જોયા કરીએ છીએ; તો હે બંધુઓ ! બીજું નાટક જોવાની શી ઇચ્છા રાખવી ? શરીરધારી તમે પોતેજ નાટકીઆછો. અને તમે પોતેજ શરીરરૂપી ઝભો (વેષ) પહેરીને રાત્રિ અને દિવસરૂપ પડદામાં નાટક ભજવોછો, તો તમારા કરતાં બીજો કયો નાટકીઓ વધે તેમ છે ? નાટકીયો જેમ પૈસાની આશાએ સારૂં સારૂં ગાય છે, લોકોનાં મન રીઝવે છે, પોતાની લાજ દૂર મૂકે છે, તેમ ચેતન પોતે નાટક કરે છે અને સીની આશાએ અનેક પ્રકારના ઉદ્યમ કરે છે. ધનની આશાએ મનુષ્ય અનેક પ્રકારનાં પાપ કર્મ કરે છે, ખાનપાનની આશાએ બીજાની યાચના કરે છે, લોકોની ગુલામગીરી કરે છે, બીજાને રાજી રાખવા હાજી હા કરે છે, પણ યાદ રાખકે; એવાં ના-

ટક નાચતાં અનંતા ભવ ગયા, પણ ચેતન નાટકીયાની અવસ્થામાં રહ્યો છે. રાજા, વા, રંક, શેઠ, શાહુકાર, વહીવટદાર, ફોજદાર, ઉમરાવ આદિ શરીરધારી સર્વે જીવો નાટકીયા પોતેજ છે. કોઇ નાટકીયો દુઃખી અવસ્થાનું નાટક કરે છે, કોઇ જીવ બાલ્યાવસ્થાનું નાટક કરે છે, કોઇ જીવ વૃદ્ધાવસ્થાનું નાટક કરે છે. કોઇ જીવ સ્રીરૂપે અવતરી નાટક કરે છે. કોઇ જીવ મુંગારૂપે રહી અનેક લોકોને વિચિત્રતા દેખાડતો નાટક ભજવે છે, કોઈ જીવ ઉંટનો અવતાર પામી તેવું નાટક ભજવે છે. કોઈ જીવ સર્પ થઇ નાટક કરતો અજ્ઞાન દશામાં ઝુલે છે. કોઇ જીવ વાઘ રૂપ થઇ નિર્દયતારૂપ વિષય ભજવી બતાવેછે, કોઇ જીવ બીલાડી રૂપે અવતરી જાતિવૈર વિષયરૂપ નાટક ભજવી બતાવે છે. કોઈ જીવ કૂતરા રૂપે અવતરી ઇર્ષ્યા વિષયથી નાટક ભજવે છે; આ રીતે સંસાર નાટકશાળામાં કયો જીવ નાટકીયા રૂપ દેખાતો નથી ? તે વિચારો. કહેવુંજ પડશે કે; મોહરૂપ સૂત્રધારના તાબામાં રહેલા સર્વે જીવો નાટકીયાજ દેખાય છે. કોઇ નાટકીયો હસે છે. કોઇ

શોક કરે છે. કોઇ નાટકીયો બીજા નાટકીયા પાસે નમસ્કાર કરાવે છે. કોઇ નાટકીયો બીજા નાટકીયાને પોતાના સગા તરીકે ગણેછે. કોઈ નાટકીયો વેષના અનુસારે સુખી દેખાયછે. કોઇ નાટકીયો દુઃખી દેખાયછે ઇત્યાદિ સર્વ પ્રપંચ કર્મનો છે. જ્યાં સુધી કર્મ છે, ત્યાં સુધી નાટક અવસ્થા ભોગવવી પડશે. અનાદિ કાળથી ચેતન નાટક કરતો આવ્યો છે અને હાલ પણ પુદ્ગલ દ્રવ્યને ચુંથે છે. ખાય છે, પીએ છે–ઇત્યાદિ. અજ્ઞાનીજીવ પરભાવનું નાટક કરે છે. જો કે નાટક કરવું તે ઉત્તમ પુરૂષોને શોભે નહિ, પણ મોહરૂપ નીચની સંગતિથી આત્માની પરિણુતિ અવળી થઇ ગઈ છે, તેથી તેવાં નાટક કરતાં શરમાતો નથી; પણ જ્યારે મોહનો સંગ નિવારી સ્વસ્વભાવનું નાટક કરે, તો સંસારપાર પામી શકાય. જો ચેતન શૂરવીર થઇ મુનિ વેષરૂપ નાટક વીતરાગ વચનાનુસારે કરે તો પશ્ચાત્ નાટકીયો થવું પડે નહિ.

મચ્છ ગલાગલ ન્યાય આ દુનિયામાં થઇ રહ્યો છે. પરવસ્તુને પોતાની માની તેના સંયોગ વિયોગથી સુખી થવું અગર દુઃખી થવું તે પણ નાટક છે.

નાની છોકરીઓ અને નાના છોકરા લાકડાંની ઢ-્રુઢીઓને વર વહુ કલ્પી તેને પરણાવે છે. અને જેવું મનોભાવે સગપણ જૂઠું કલ્પે છે, તેમ આ સંસારમાં જ્યાંસુધી એવાં સગપણને સત્ય માનવામાં આવે ત્યાં સુધી અજ્ઞાનદશા જાણવી.

વૈરાગી જીવોને દુનિયાના સર્વ પદાર્થો વૈરાગ્યનું કારણ થાય છે, અને મોહી જીવોને તેજ સર્વ પદાર્થો પરભાવદશાથી મોહનું કારણ થઇ પડે છે. અહો ! તેજ પદાર્થોમાં વૈરાગીઓની અને મોહીજીવોની દૃષ્ટિની ભિન્નતા અને સત્યાસત્યતા કેવી છે ? તે વિચારો. વસ્તુતઃ વિચારી જોતાં પરપુદ્ગલ વસ્તુ ઉપર મોહ કે દ્વેષ કરવો એ ભવભ્રમણ હેતુ છે.

કોઇ વખત જીવો પરવસ્તુ, જેવી કે ધન, પુત્ર, સ્ત્રી વગેરેના નઠારા આચરણથી દુઃખી થાય છે અને તેના ઉપર ક્રોધ કરે છે, પણ મિત્રો ! યાદ રાખો કે, સૌ જીવ કર્મના અધીન છે. જેવાં કર્મ જીવને ઉદયે આવે છે તેવો તે થઇ જાય છે, માટે તેવી વખતે સમભાવ ધારણ કરવો. બનતા પ્રયાસે સદુપદેશ દ્વારા પરના આ-

ત્માનું હિત કરવા ઉદ્યમ કરવો, કારણ કે અંતે હિત પણ સદુપદેશથીજ થઇ શકે છે. આપણે કોઇ દેહધારી જીવના કર્મના યોગે ખરાબ આચરણ દેખી તેની નિંદા-હેલના-કરવા મંડીએ છીએ પણ સુજ્ઞો ! યાદ કરો કે, જીવનો તેવો ઉદય જાગ્યો છે; જ્યારે સારાં નિમિત્ત પામશે, ત્યારે જીવ ઠેકાણે આવશે, એમ વિચારવું; અને પારકી નિંદા કરી ભારે થવું નહિ. કહ્યું છે કે,—

દુહા.

નિંદા કરતાં પારકી, પોતે ભારે થાય;
નિંદક તે ચંડાળ છે, ભવમાંહી ભટકાય. ૧
નિંદા કરવી આપણી, પરનિંદા દુરવાર;
ઉદાસીનતા ધાર મન, પામીશ ભવજલ પાર. ૨

હે ચેતન ! પુદ્ગલાકાર સ્રી તે પરવસ્તુ છે, તેની ઇચ્છા દૂર કરી સુમતિસ્રીની સંગત કર; કારણ કે સુમતિરૂપ સ્રી પરંપરાએ સ્વરૂપ પમાડશે. સંસારમાં કોઇપણ પરમાર્થ ઉપર રાગ કરવો અગર દ્વેષ કરવો યુક્ત નથી. માટે ચેતન ! પોતાની મેળે તું આત્મ સ્વરૂપ સમજી સ્વસ્વભાવે સ્થિર થા.

વસ્ત્રના નાશથી જેમ તંતુનો નાશ થતો નથી, તેમ આ દેખાતા પ્રત્યક્ષ શરીરના નાશથી આત્માનો નાશ થતો નથી. દશ પ્રાણુના નાશથી આ શરીરથી આત્મા છુટે છે, અને અપર ગતિમાં જાય છે, પણ આત્મા તો તેને તેજ સમજવો. આત્મામાં ગુણ, પર્યાય રહે છે. સહભાવી ગુણુ જાણવો અને ક્રમ-ભાવી પર્યાય જાણવો. આત્માથી આત્માના ગુણો ભિન્ન છે. આ પ્રત્યક્ષ દેખાતું શરીર, વાણી, મન, તે હું નથી. એ ત્રણથી ભોગવાતા વિષયો મારા નથી. શરીરાદિથી ભિન્ન આત્મા ધારીને તેનું સ્વરૂપ ચિંતવવું એમ કરવાથી બહિર્વિષયોથી રાગ, દ્વેષ દૂર થશે; જે જે જે અંશે આત્મા નિર્મલતા અનુભવશે તે તે અંશે ધર્મ જાણવો.

જ્ઞાની અને અજ્ઞાની દૃષ્ટિની ભિન્નતા દેખાડે છે.

દુહા.

બાહ્ય દૃષ્ટિ વિમૂઢ જીવ, દેહજ આતમ બુદ્ધિ;
દેહથી આતમ ભિન્ન છે, દેખે જ્ઞાની સ્વશુદ્ધિ. ૧

બાહ્ય દૃષ્ટિથી મૂઢ બનેલો અજ્ઞાની જીવ દેહનેજ

આત્મ તરીકે સ્વીકારે છે; પણ જ્ઞાની અંતરાત્મા જ્ઞાનમય આત્માને દેહથકી જુદો છે, એમ દેખે છે.

જુઓ योगप्रदीप श्लोक.

संयोजयति देहेन, चिदात्मानं विमूढधीः
बहिरात्मा ततो ज्ञानी, पृथक् पश्यति देहिनम् ॥

અંતરાત્મા મનમાં વિચારે છે કે, અરે ! આ સંસારમાં મારૂં શું છે? હા કંઇ નથી! આ જે જે દેખાય છે તે તે મારાથી જુદું છે; મારાથી જે વસ્તુ જુદી છે, તે પુદ્ગલ વસ્તુ કોઇ દિવસ મને એટલે આત્માને દેખી શકે, એમ થવું અશક્ય છે; કારણ કે આત્મજ્ઞાનવડે સર્વ પદાર્થ દેખી શકે છે, પણ આત્મા વિના બાકીના પાંચ દ્રવ્યમાં એવી શક્તિ નથી કે આત્માને દેખી શકે. આંખ એ પુદ્ગલ દ્રવ્યાત્મક છે, તેથી તે થકી ભિન્ન આત્મતત્ત્વ દેખી શકાય નહિ. જે જડ પદાર્થ છે તે ઈંદ્રિયગોચર છે, અને હું જ્ઞાન, દર્શન, ચરિત્ર રૂપ રત્નત્રયી યુક્ત આત્મા છું તેથી ઇંદ્રિયોને અગોચર છું. મારાથી ભિન્ન—જડ વસ્તુ સાથે પ્રીતિ કેમ કરૂં ? અને તેને પોતાની કેમ માનું !

(પોતે પોતાને જ શિખામણ આપે છે) જો ચેતન! પરવસ્તુને પોતાની માની પરભાવમાં રમીશ તો ભવમાં ભટકીશ, માટે રખે તું પ્રમાદ કરતો. બોલવું સ્હેલ છે, જાણવું સ્હેલ છે; પણ તે પ્રમાણે વર્તવું તે મુશ્કેલ છે. કહ્યું છે કે—**कहेणी कथे सौ कोइ, रहेणी अति दुर्लभ होइ.** આ શ્રીચિદાનંદજીનું વચનામૃત છે.

સ્ત્રી, ધન, પુત્ર, કુટુંબ એ સર્વ આત્માથી ભિન્ન છે. જે જડ વસ્તુમાં તું સુખની ભ્રાંતિ રાખે છે. તે વસ્તુ દુઃખદાતા છે.

હે ચેતન! તું સંસાર સ્વરૂપને અનિત્ય જાણ્યા છતાં, તું કેમ પારકી આશા રાખે છે? પરવસ્તુની અભિલાષા કરવી હવે તને યોગ્ય નથી. તું પરવસ્તુના મોહથી અનંતકાળ ચાર ગતિમાં રઝળતો અનંત દુઃખ પામ્યો તે વિસરી ગયો? અલબત હવે ત્હારે ચેતન! જડની અભિલાષા કરવી ઘટતી નથી, અભિલાષા પોતાના આત્માના ગુણોની કર કે જેથી તું આત્મા છે તે પરમાત્મા રૂપ થાય. પુત્રાદિક આત્મા થકી ભિન્ન છે, તે ઉપર સાંભળ.

श्लोक.

तृतः सोऽत्यंत भिन्नेषु, पशु पुत्रांगनादि[illegible] ॥
आत्मत्वं मनुतेशाश्व द[illegible]ः १ ઈત્યાદિ.

જેમ ઘટના નાશથી માટીનો નાશ થતો નથી તેમ શરીરના નાશથી આત્માનો નાશ થતો નથી, આત્મા અવિનાશી છે. આત્મા અનાદિ અનંત જાણવો. આત્મા સ્ફટિકરત્નની પેઠે અતિ નિર્મલ છે.

ખાવું, પીવું, પહેરવું, પુદ્ગલ દ્રવ્ય છે; પણ કર્મના સંયોગથી આત્મા પુદ્ગલાત્મક શરીરમાં રહ્યો છે. તેથી ઉપાધિથી ખાતો પીતો કહેવાય છે. એ ઉપાધિ ભેદરૂપ વ્યવહાર જાણવો. સુજ્ઞો ! યાદ રાખો કે; આ અશુચિ-મય કાયાને ધર્મનિમિત્તથકી પોષવી અને તેને ખાવા આપવું, પણ રાગ બુદ્ધિથી આપવું નહિ. શરીર એક જાતનો સાંચો છે, તેનું રક્ષણ પાપ રહિત અચિત્ત આહારથી પોષણ કરવું જોઇએ.

અંતરાત્માનો મુખ્ય અધિકારી યતિ સમુદાય છે. શ્રાવક વર્ગ પણ અંતરાત્મસ્વરૂપને ધ્યાવી શકે છે.

મતિજ્ઞાનની તરતમતાથી અંતરાત્મપણું દરેક આત્માને જુદા જુદા પ્રકારનું હોય છે.

નર, નારી કે નાન્યતર હું નથી. આત્મસ્વરૂપના અજ્ઞાને આજ સુધી હું બહિર્ભાવે સૂતો હતો. હવે મેં પોતાનું સ્વરૂપ મતિ અનુસારે જાણ્યું. હવે પરમાત્મપદ પામવાને માટે ધર્મધ્યાનમાં ઉદ્યમ કરવો જોઇએ અને વિકલ્પસંકલ્પનાં કારણો તજવાં જોઇએ. ગૃહસ્થીઓએ ગૃહસ્થાવાસમાં રહીને પણ ધર્મધ્યાન ધ્યાવું અને રાગદ્વેષથી દૂર રહેવું એ કાર્ય ઘણું દુષ્કર છે. નિઃસંગી શ્રમણાવસ્થા આત્મસિદ્ધિનું કારણ છે. પ્રિયમિત્રો ! યાદ રાખો કે, હાલના વખતમાં શુક્લધ્યાનનો વિરહ છે. હાલમનુષ્ય ધર્મધ્યાન ધ્યાવા સમર્થ છે. આખો દિવસ એક સરખી પરિણુતિ રહેતી નથી, માટે જેટલી ઘડી ધર્મધ્યાનમાં ગઇ તે લેખે જાણવી. કહ્યું છે કે—

ગાથા.

सामाइयापोस .संठिअस्स, जीव स्स जाय जो कालो॥
सो सफलो बोधव्वो, सेसोसंसारफल .उ ॥ १ ॥

ભાવાર્થ—સામાયક અને પોષધવ્રતમાં જીવનો જે

કાળ જાય છે, તે સફળ જાણવો; બાકીનો કાલ ભવ ભ્રમણ હેતુ છે.

પ્રશ્ન—મુનિરાજ મહારાજે જ્યારથી સર્વ સાવદ્યનો ત્યાગ કર્યો ત્યારબાદ તેમને પાપ લાગે કે નહિ?

ઉત્તર—મન વચન અને કાયાના યોગને ધર્મધ્યાનમાં પ્રવર્ત્તાવવાથી મુનિરાજને પાપ લાગતું નથી; કદાપિ અનુપયોગે પાપ લાગી શકે, પણ તે પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને ધ્યાનથી પાપનો નાશ કરે છે. આઠ કર્મનો નાશ પણ મુનિમહારાજ કરવા સમર્થ છે. કર્મના વશથી કદાપિ મુનિમહારાજનું મન ડોલાયમાન થાય, વચન સાવદ્ય વાપરે, પણ જ્યારે પાછા વિચાર કરી પશ્ચાત્તાપ કરવા માંડે તે વખતે કર્મનો પાસ તોડી નાખે; સિંહ પાંજરામાં ફસાય નહિ અને કદિ ફસાય તો પાંજરૂં તોડીને નીકળી શકે. શ્રીનંદિષેણ મુનિરાજ ભોગાવલી કર્મોદયથી વેશ્યાના ઘેર રહ્યા, પણ પાછા દીક્ષા લેઇ આત્મહિત કર્યું. કર્મનો અશુભ ઉદય જાગે ત્યારે મુનિ પણ ભ્રષ્ટ થાય અને જ્યારે કર્મનો ઉદય ભોગવાય ત્યારબાદ આત્મા ઠેકાણે આવે.

કર્મનો ઉદય ભૂત સરખો છે. જેમ સારો માણસ હોય છે પણ જ્યારે તેના શરીરમાં ભૂત આવે છે ત્યારે તે નાચે છે, કૂદે છે, રૂવે છે, આળોટે છે, ગાળો દે છે અને તેની શુદ્ધબુદ્ધ ભૂલી જાય છે પણ ભૂત પાછું શરીરમાંથી નીકળી જાય છે ત્યારે તે સારા માણસ જેવો હતો, તેવો થઇ જાય છે. તેને કોઈ પૂછે કે તું કેમ રોતો હતો; નાચતો હતો, ગાળો દેતો હતો? ત્યારે તે કહે છે કે, ભાઇ! મને ખબર નથી, એ પરવશપણાથી થયું હશે; તેમ ક્રોધ, માન, માયા, અને લોભરૂપ ભૂત જ્યારે કોઇ માણસના મનમાં પેસે, ત્યારે તે માણસ ગમે તેવો ધર્મી વા બુદ્ધિમાન્ હોય તોપણ વિકલ બની જાય છે. જ્યારે ક્રોધ, માન, માયા અને લોભનો માણસમાં પ્રવેશ થાય છે, ત્યારે માણસ પોતાનું સ્વરૂપ બદલી નાખે છે, અને તેનું તે શરીર છે, તોપણ જાણે જુદોજ બની ગયો હોય એમ ભાસે છે, પણ જ્યારે ક્રોધ, માન, માયા અને લોભનો નાશ થાય છે, ત્યારે શાંતાવસ્થા ધારણ કરે છે. નિમિત્તયોગે ઉત્પન્ન થતા ક્રોધાદિ શત્રુઓને પાછા હઠાવવા જો પ્રયત્ન થશે, તો રાગ દ્વે-

ષાદિ મંદ પડશે. જૈનશાસ્ત્ર ફરમાવે છે કે, સત્ય ઉપાદેય આત્મતત્ત્વ છે. ધર્મની સામગ્રી પામીને મુક્તિ સુખ પામવા પ્રયત્ન કરો. જે મનુષ્યો વીતરાગ વચનાનુસારે આત્મતત્ત્વ જાણે છે, તેજ સમ્યકત્વપૂર્વક શિવ સુખ પામી શકે છે. અદ્વૈતવાદિઓ સર્વ જીવોનો એક આત્મા માને છે, પણ તે જૈનમતથી વિરૂદ્ધ છે. જો સર્વ જીવનો એક આત્મા હોય તો એક જીવની મુક્તિ થતાં સર્વ જીવની મુક્તિ થવી જોઇએ અને એક જીવને સુખ થતાં સર્વ જીવને સુખ થવું જોઇએ, પણ તે પ્રમાણે થતું નથી; એ વાત પ્રત્યક્ષ વિરોધી છે. સર્વ જીવનો એક આત્મા માનતાં પરમાત્મમય સર્વ જગત્ થઇ જાય અને તેથી વ્રત, તપ, જપ, અને ધ્યાન એ સર્વ કર્મ નિષ્ફલ થાય. ઇત્યાદિ ઘણા દોષો દેખાય છે. તેનું ખંડન મુનિરાજશ્રી ન્યાયાંભોનિધિ શ્રીઆત્મારામજી કૃત જૈન તત્ત્વાદર્શ તથા અસ્મદીય તત્ત્વપરી॰ાવિચાર (તત્ત્વજ્ઞાન દીપિકા) ગ્રન્થમાં છે માટે તે ગ્રન્થોનું અવલોકન કરવું. સર્વ જીવનો એક આત્મા માનનાર અદ્વૈતવાદિયો આત્માનું ધ્યાન ધરીશકે પણ એકાંતપક્ષ ગ્રહણ કર્યાથી હઠ કદાગ્રહ ટળે નહિ.

જૈનો પ્રતિ શરીર, ભિન્ન અનંત આત્મા સ્વીકારે છે અને અદ્વૈતવાદિયો સર્વ જીવનો એક આત્મા સ્વીકારે છે. જૈનો મુક્તિસ્થાન સિદ્ધશિલા ઉપર સ્વીકારે છે અને અદ્વૈતો બ્રહ્મમાં લીન થવું તેજ મુક્તિ માને છે. જૈનો કર્મથી સંસારમાં ભટકવું માને છે. અદ્વૈતો માયા માને છે. અને તેને अनिर्वचनीय કહે છે. અદ્વૈત વાદીઓ શંકર આદિને સર્વજ્ઞ માને છે. જૈનોના તીર્થંકર શ્રીવીરભગવાન્ સર્વજ્ઞ હતા, પણ શંકરાચાર્ય સર્વજ્ઞ નહોતા, તેથી યથાસ્થિત વસ્તુની પ્રરૂપણા કરી શકયા નહિ એ નિર્વિવાદ છે. સર્વજ્ઞ વિના આત્માનું સ્વરૂપ કોઇ બીજો કહેનાર નથી, માટે સર્વજ્ઞકથિત આત્મસ્વરૂપ જાણવા ખપ કરવો.

આત્મા કેવલજ્ઞાને લોકાલોકને જાણે છે; કેવલજ્ઞાન આત્મામાંજ રહે છે; અને તે આત્માથકી બાહિર્ રહેતું નથી. કેવલજ્ઞાન આત્મામાં રહીને સર્વ વસ્તુઓને જાણે છે, માટે જ્ઞાનવડે આત્મા સર્વ વસ્તુનો વ્યાપક જાણવો; કારણ કે સકલ પદાર્થ કેવલજ્ઞાનમાં ભાસે છે.

કેવલજ્ઞાન એ આત્માનો ગુણ છે તે બાબતપર સ્યાદ્વાદ મંજરીમાં નીચે પ્રમાણે લખવામા આવ્યું છે.

ગાથા.

किरणा गुणा न दव्वं, नाण पआसो गुणो नवा दव्वं
जं नाणं आप्पगुणो, कहं अदव्वं सअन्नथ्थ ॥ १ ॥
गं(णनपारेछिंद्दइ, ण णंणेय तयाम्मिदेशम्मि ।
आयथ्थं चिय णवरं, अच्चितसत्तिउ णेणयं ॥ २ ॥
लोहोवल स सत्ति, आयथ्था चेवभिन्नदेसंपि ।
लोहं आगरिसंति, दीसइ इह कज्जपच्चरका ॥ ३ ॥
एअं इह नाणसत्ति आहच्चं वेअ हंदि लोगंतं
जह परिछिंद सव्वं कोणुविरोहो.वइतस्स ॥ ४ ॥

ભાવાર્થ—કોઇ વાદી એમ કહે છે કે સૂર્ય કિરણો, સૂર્યથી નીકળીને જેમ સર્વ જગત્માં વ્યાપ્ત થાય છે, તેવી રીતે આત્માથી જ્ઞાન નીકળીને સર્વ ઠેકાણે વ્યાપ્ત થાય છે; એમ જે કહે છે તેને અમો ઉત્તર આપીએ છીએ કે, તમો જે કિરણોને ગુણ તરીકે માનો છો તે ગુણ નથી, કિરણો તૈજસ પુદ્ગલ છે, માટે તે દ્રવ્ય છે અને કિરણોનો પ્રકાશરૂપ ગુણ છે, તે કિરણોથી જુદો થતો નથી. તે ઉપર સ્યાદ્વાદ મંજરી તથા ધર્મસંગ્રહણી ગ્રંથમાં

શ્રીહરિભદ્રસૂરિ કહે છે કે, કિરણો ગુણ નથી પરંતુ દ્રવ્ય છે અને જે જ્ઞાન આત્માનો ગુણ છે તે અદ્રવ્ય છે, તે અન્ય પ્રત્યે શી રીતે જઈ શકે ? તે દેશને વિષે, જ્ઞેય ને જ્ઞાન જઇને વ્યાપ્ત થતું નથી. કેવલજ્ઞાન અચિંત્ય શક્તિવાળું જાણવું. લોહચુંબકમાં જે શક્તિ રહેલી છે, તે ભિન્ન દેશમાં રહેલા લોઢાને આકર્ષણ કરે છે, એમ પ્રત્યક્ષ દેખાય છે; તેમ આત્મામાં રહેલી જ્ઞાન-શક્તિ સર્વ લોકને અત્યંત વિષય કરે છે. એટલે સર્વ વસ્તુ જ્ઞાનમાં ભાસે છે, એમાં કોઈ વિરોધ નથી.

શંકા—આત્મા જ્ઞાનવડે વ્યાપક કહેશો તો અશુ-ચિમય જે, નરક વિગેરે સ્થળ, તેમાં જ્ઞાનનું રહેવા-પણું થવાથી અશુચિ સ્વાદનો જે અનુભવ તે રૂપ આપત્તિ (દૂષણ) આવશે.

ઉત્તર—આત્મામાં જ્ઞાન રહીને સર્વ વસ્તુને વિષય કરે છે, તેથી અશુચિ સ્વાદ અનુભવરૂપ આપત્તિ આવતી નથી. સ્ત્રી, ભોજન વિગેરેનું જ્ઞાન થવાથી તે સંબંધી તૃપ્તિ થતી હોય તો, ભોજન આદિની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન છે, તે નિષ્ફલ થઇ જાય. માટે

અશુચિ વિગેરેનું જ્ઞાન થવાથી તેના રસસ્વાદના અનુભવની આપત્તિ આવતી નથી. જેમ આંખે દેખવાથી, જ્ઞાને જાણવાથી, ઝેર ચઢતું નથી, તેવી રીતે પદાર્થોનું જ્ઞાન થવાથી રસસ્વાદની આપત્તિ આવતી નથી. જેમ મરણનું જ્ઞાન થવાથી મરણ દુઃખનો અનુભવ આવતો નથી, તેવી રીતે સકલ પદાર્થોનું જ્ઞાન થવાથી તેના સ્વાદની આપત્તિ આવતી નથી; ઇત્યાદિ ઘણાં દૃષ્ટાંત છે. જ્ઞાન સર્વ ઠેકાણે રહેતું નથી. જ્ઞાન આત્મામાંજ રહે છે. જ્ઞાન આત્મામાંજ રહીને સર્વ વસ્તુને જાણે છે. ઈત્યાદિ ઘણી ચર્ચા છે. આત્મામાં અનંત જ્ઞાન છે, તે જ્ઞાનાવરણીય કર્મના નાશથી સ્ફુરે છે.

પ્રશ્ન—અંતરાત્માઓ તદ્ભવ મુક્તિ પામી શકે કે નહિ ?

ઉત્તર—નિયમ નથી કે તદ્ભવમાં મુક્તિ પામી શકે. ચોથા ગુણ ઠાણાથી અંતરાત્મપણું સ્ફુરે છે, અને અંતરાત્મત્વ આવ્યા બાદ સામગ્રી યોગે તેજ ભવમાં સંપૂર્ણ કર્મનો નાશ થતાં સિદ્ધિસ્થાન પામી શકાય છે, અને કર્મનો નાશ સંપૂર્ણ ન થઇ શકે તો કેટલાક ભવ કે-

રવા પડે છે. અંતરાત્મા ઘણા કર્મની નિર્જરા કરી શકે છે અને આશ્રવનો ત્યાગ કરી શકે છે. अंतरात्मत्वથી કષાયની મંદતા થાય છે. અને आत्मशक्ति સ્ફુરે છે. વૈરાગી જીવને આત્મસ્વરૂપની જીજ્ઞાસા રહે છે, અને વૈરાગ્ય જ્યારે આ સંસાર અસાર લાગે છે ત્યારે થાય છે.

પ્રશ્ન—સંસાર અસાર લાગે ત્યારે સંસાર ઉપર અરૂચિ થાય અને અરૂચિ તો દ્વેષવિના થાય નહિ. જે પદાર્થ ઉપર રાગ હોય છે, તે પદાર્થ ખોટો માલમ પડવાથી અલબત તેના ઉપર દ્વેષ થાય અને દ્વેષથી તો કર્મ બંધાય, ત્યારે સંસારને અસાર જાણ્યાથી શો ફાયદો થયો ?

ઉત્તર—સંસાર અસાર લાગવાથી તેના ઉપર થતો મોહ છૂટે છે, તેથી તેના ઉપર રાગ થતો નથી. અરૂચિ એટલે તે મારૂં હિતકર્તા નથી માટે તેથી દૂર રહેવું એવા વિચાર ને અરૂચિ કહે છે. ક્રોધથકી અરૂચિ થાય છે, એ વાત એકાંત નથી એમ સમજીને જે વસ્તુનો આત્મહિત માટે ત્યાગ કરવામાં આવે છે, વા

તે વસ્તુ અણગમતી લાગે છે તેથી તેના ઉપર ક્રોધ થાય છે એમ કહેવાય નહિ. આત્માને પોતાનું જ્ઞાન થયા બાદ તે વિચારે કે, હું આટલો કાળ સંસારમાં રખડયો તેમાં એકલા કંઇ કર્મનો વાંક નથી. કર્મ એ પુદ્ગલ છે. અચેતન જડ છે. બીજાનું ખરાબ કરવાના વિચારવાળું તે નથી. અમુકનું ખરાબ થાઓ, એમ પુદ્ગલ દ્રવ્ય ચિંતવતું નથી. જુઓ, સામો થાંભલો છે, તે શું શત્રુતા રાખે છે? ના નહિ. તેમ કર્મના સંબંધે આત્માનો ગુણ આચ્છાદિત થાય છે પણ કર્મ સ્કંધોમાં અશુભ ચિંતવવાની નિશ્ચયનયથી જોતાં શક્તિ નથી. કોઇનું ખરાબ કરવાનો વિચાર પુદ્ગલ દ્રવ્યમાં હોતો નથી. પુદ્ગલસ્કંધ જે કર્મ રૂપે પરિણમી આત્માને લાગે છે, તે કર્મરૂપ પુદ્ગલસ્કંધમાં રહેલા રસ, સ્પર્શના સંયોગે આત્મા પોતે લોલીભૂત થઈ જઈ કર્મની વેદના ભોગવે છે. અફીણ તાલપુટ વિષ એ પણ પુદ્ગલ છે. તેનામાં પ્રાણને નાશ કરવાની શક્તિ રહેલી છે. અફીણ અગર તાલપુટ વિષ આંખે દેખવાથી વા જાણવાથી કંઈ પ્રાણને નાશ કરી શકતું નથી. પણ

તેનું ભક્ષણ કરીએ તો તેનો એવો સ્વભાવ છે કે તે પ્રાણનો (જીવનનો) નાશ કરે છે. તે વસ્તુ પોતાનો સ્વભાવ બજાવે છે એ કંઇ ઉડીને બીજાને લાગતું નથી, પણ તેનો પોતેજ ઉપયોગ કરે તેમાં વિષ–અફીણનો શો વાંક? આપણે પોતેજ કુવામાં પડીએ તો તેમાં કુવાનો શો વાંક? બાગમાં જાઓ તો સુગંધી મળે, તેમાં જીવ પોતેજ કારણભૂત છે. તેવી રીતે રાગ, દ્વેષ અને મોહના વશ પડેલો આત્મા દુ-ર્ધ્યાનથી પુદ્‌ગલ સ્કંધને કર્મરૂપે પોતાની સાથે પરિ-ણમાવે છે અને તે કર્મરૂપ પુદ્‌ગલ પોતાનો સ્વભાવ બજાવે છે, તેથી આત્મા દુઃખી થાય તેમાં કર્મનો શુદ્ધ નિશ્ચયનયથી જોતાં શો વાંક કહેવાય? આપણે જો કર્મને ગ્રહણ કરીએ નહિ તો શું તે આપણને દુઃખી કરી શકે? ના નહીં કરી શકે. તાલપુટ–અફીણ, પ્રાણનો નાશ કરે છે, માટે તેને ખરાબ અહિ-તકારી એમ આપણે કહીએ છીએ. તેમ કર્મ પણ આત્માને દુઃખ આપે છે, પોતાનું ભાન ત્યજાવે છે. ચાર ગતિમાં કર્મ વિવિધ વિષે ભટકાવે છે; માટે તેને આપણે

અહિતકારી, ખરાબ-શત્રુ આદિ વિશેષણોથી સંબોધીએ છીએ. આત્મા જાણતો છતો પોતાના સ્વભાવમાં ન રમે અને પરભાવમાં રમે, અને તેથી તેને શત્રુભૂતકર્મ લાગે તેમાં કર્મનો શો વાંક કહેવાય ? ચેતન પોતે જાણે છે કે, નિંદા, કલહ, રાગ, દ્વેષ, પાપારંભ કરવાથી કર્મ બંધાય છે; માટે તેનાથી દૂર રહેવું જોઇએ. એમ જાણ્યા છતાં સંસારમાં રાચે, માચે, પુત્ર, કલત્ર, અને ધનની મમતા ધારણ કરી તે થકી આનંદ માને, કાચું પાણી પીએ, સ્થાવર તથા ત્રસકાકાયના જીવની વિરાધના કરે, મુનિ-વર્ગના અવર્ણવાદ બોલે, ગૃહસ્થાવાસ સારો માને તો અંતે કર્મથી લેપાઇ દુઃખની રાશિ ભોગવે એમાં કોનો વાંક કહેવાય? અલબત પોતાનોજ દોષ કહેવાય.

કોઈ એક મનુષ્ય, એક શહેરમાં રહે છે ને શહેરના રાજાનો એક બીજો રાજા શત્રુ તરીકે છે, તે પ્રતિપક્ષી રાજાએ પોતાના નોકરો મારફત સામા રાજાના શહેરના કુવામાં વિષ નંખાવ્યું, તે પેલા માણસે જોયું, તે સર્વને કહેવા લાગ્યો કે, અરે મનુષ્યો! તમે આ કુવાનું પાણી પીશો નહિ; કારણ કે તેમાં ઝેર

નાંખ્યું છે. કેટલાક માણસોએ તેની વાત ખોટી માની, અને તેમાંથી પાણી કાઢી પીધું, અને કેટલાક માણસોએ પેલા માણસના વચન ઉપર વિશ્વાસ લાવી પાણી કાઢયું પણ નહિ અને પીધું પણ નહિ. પાણી નહિ પીનારા બચી ગયા. પાણી પીનારા મરી ગયા તેમાં કોનો વાંક કહેવાય? કુવાનો અગર પેલા કહેનાર માણસનો વાંક કાઢી શકાય? ના કદી નહિ! કહો ત્યારે કોનો વાંક કાઢી શકાય? કહેવું પડશે કે–પાણી પીનારાનોજ વાંક કહેવાય. જેઓએ તે કુવાનું પાણી પીધું નહિ અને જીવતા રહ્યા તેમાં કોનો ઉપકાર કહેવાય? અલબત કહેવું પડશે કે પેલા વાત કહેનાર માણસનો! તેણે કુવામાં ઝેર નાંખ્યું છે એમ કહ્યુ ત્યારે, તેના વચનના વિશ્વાસ કરનારા જીવતા રહ્યા.

ઉપનય કે–તેમ સાંસારિક સર્વ પદાર્થો આપણા નથી, તેના ઉપર રાગ દ્વેષ કરશો તો દુઃખી થશો, એમ સર્વજ્ઞ ભગવાન્ કહે છે; છતાં તેમના વચનને આપણે અનુસરતા નથી અને મોહમાયામાં ફસીએ છીએ, પરવસ્તુ ઉપર મમતાભાવ ધારણ કરીએ છીએ.

પૃથ્વીકાયના પદાર્થો જેવાકે, સોનું, રૂપું, હીરા આ-દિપર રાગ કરીએ છીએ. એ જડ પૃથ્વીપદાર્થોને માટે, તાઢ, તૃષા, ભૂખ, તાપ ઇત્યાદિ ઘણાં દુઃખ સહન કરવાં પડે છે, અને તેની પ્રાપ્તિ માટે છકાયના જીવોની વિરાધના કરી અનંતિ કર્મની વર્ગણાઓ ગ્રહણ કરીએ છીએ, તેમાં કોનો વાંક કહેવાય ? અલબત તેમાં આપણો વાંક કહેવાય. જ્યારે કર્મ પોતાની મેળે જાણ્યા છતાં ગ્રહણ કરીએ, ત્યારે તે ભોગવવાં પડે એમાં શી નવાઈ? રંક હોય, અગર રાજા હોય, ચક્રવર્તિ વા કરોડાધિપતિ શેઠ હોય, પણ કર્મ ભોગવ્યા વિના કોઇનો છૂટકો થતો નથી. કોઇ પ્રત્યક્ષ નજરે રાજા દેખાય છે, કોઇ શેઠ દેખાય છે, તેમ કોઇ રંક દેખાય છે, કોઇ સુખી છે, કોઇ દુઃખી છે એ સર્વ કર્મનો પ્રપંચ છે.

જેઓ સર્વજ્ઞ તીર્થંકર, મહારાજના વચન ઉપર વિ-શ્વાસ રાખે છે, અને તેમણે બતાવેલો મોક્ષમાર્ગ સત્ય માને છે. અને તે માર્ગ ઉપર વિશ્વાસ લાવે છે, સાંસા-રિક સુખને દુઃખરૂપ ગણે છે, અને મુનિવેષ વા શ્રાવ-કનાં બારવ્રત, અગર સમ્યકત્વને ધારણ કરે છે તે ભવ્ય

જીવો મોક્ષ સુખ પામી શકે છે. તે ભવ્ય જીવોને ઉપકાર કરનાર શ્રી તીર્થંકર મહારાજા અને સદ્ગુરૂ કહેવાય છે માટે આત્મસ્વરૂપ જાણુવાની ચાહના કરવી.

પ્રશ્ન—જાણુ અને અજાણુ બન્ને વિષ ભક્ષણુ કરે, તેમાં વધારે દુ:ખ કોને થાય ? તે બેમાં કોણુ મરે અને કોણુ જીવે ?

સમાધાન—જાણુ અને અજાણુ બન્ને પાપકર્મ કરે, તેમાં બન્નેને પાપ લાગી શકે. અશુભ અધ્યવસાયની તીવ્રતાથી જાણુને પણુ વધારે પાપ લાગી શકે છે અને અશુભ અધ્યવસાયની તીવ્રતા જાણુનાર કરતાં અજાણુને વધારે હોય તો તે અજાણુને વધારે પાપકર્મ લાગે છે. જાણુ અને અજાણુ એ બેમાંથી જેને અશુભ અધ્યવસાયની મંદતા હોય તેને પહેલાની અપેક્ષાએ થોડું પાપકર્મ લાગે છે. જાણુનાર જો પાપકર્મ બાંધ્યા બાદ પાછો પશ્ચાત્તાપ કરે. આલોયણુ લે, વ્રત અંગીકાર કરે, અંતઃકરણુપૂર્વક વારંવાર પશ્ચાત્તાપ કરે, તો પહેલાં બાંધેલાં કર્મ તોડી શકે છે અને અજ્ઞજીવતો બાંધેલાં કર્મ અજાણુ હોવાથી શી રીતે ક્ષય કરી શકે ? કદાપિ અજાણુને

કર્મ બાંધ્યા પછી સદ્‌ગુરૂ સમાગમ થયા બાદ માલૂમ પડે કે અરેરે! મેં તો પહેલાં ઘણું પાપ કર્યું હતું તેથી હું ભવિષ્યમાં દુઃખી થઇશ, એવં પશ્ચાત્તાપ થાય અને ગુરૂ મુખથી જ્ઞાન મેળવી તેનો પ્રતિકાર કરે; તપ, જપ, ધ્યાન આદિ ધર્મ ક્રિયા કરે તો, તે અજાણ પણ પાછળથી જાણ થઇને પૂર્વે બાંધેલાં પાપકર્મ છોડી શકે છે. જાણ્યા છતાં તેનો પ્રતિકાર ન કરે તો બન્ને જણ પાપકર્મનું ફલ ભોગવે.

તે પ્રમાણે જાણ અને અજાણ બન્ને જણ વિષ ભક્ષણ કરે તો, બન્નેને દુઃખ થાય છે અને બન્ને મરણ પામી શકે છે, પણ વિશેષ કે–જાણ અને અજાણ બન્નેએ વિષ ભક્ષણ કર્યું, કર્યા બાદ જાણકારને પશ્ચાત્તાપ થયો કે, અરે! મેં ખોટું કર્યું. હવે હું શું કરૂં?

પોતે જાણે છે કે, વિષ ભક્ષણ મેં કર્યું છે તેથી મરી જવાનો છું, પણ અમુક ઔષધી ખાઉં તો જીવી શકું, એમ વિચારી તે ઔષધીનું ભક્ષણ કરે તો જીવી શકે. પોતે વિષ અમુક ભક્ષણ કર્યું એમ જાણે છે તે થકી બચવાનો ઉપાય પોતે જાણતો નથી. તોપણ, તે

સંબંધી બીજાને વાત કરી, જીવવાની મરજી હોય અને દવા કરાવે તો સાજો થઇ શકે છે પણ પેલો અજાણ બિચારો જાણતો નથી કે મેં શું ખાધું ? તો પછી તેના ઉપર શો ઉપાય કરી શકે અને બીજાને શી રીતે કહી શકે ? અંતે તે અજ્ઞ મરણ પામે છે અને પેલો જ્ઞાની મનુષ્ય જીવી શકે છે માટે અજાણના કરતાં જાણકાર સારો. કારણ કે તે જાણે છે તો કોઇ દિવસ પાપકર્મથી પાછો હઠશે. તરતાં જાણનાર અને તરવું નહિ જાણનાર બન્ને ઉંડી નદીમાં પડતું મૂકે, તેમાં મરણ કોણ પામે ? તરવું જાણનાર તો નદી તરીને જીવી શકે, એકદમ કોઇ દુઃખના માર્યા જાણકારે નદીમાં પડતું મૂક્યું, પણ પડતાં પડતાં વિચાર બદલાવાથી તરવા લાગી બહાર નીકળી શકે છે પણ અજાણને તો તરતાં આવડતું નથી તેથી જીવવાની ઘણી આશા હોય છે તોપણ બુડી મરે છે; ભાગ્યયોગે કોઈ કાઢનાર મળે તો કદાપિ જીવી શકે છે. આ ઠેકાણે અજાણ કોને કહેવો ? બિલકુલ હિતકારક અગર અહિતકારક વસ્તુનું સ્વરૂપ જાણે નહિ તે અજ્ઞ કહી શકાય છે. અજાણમાં પહેલું તો એટલું સમજવાનું કે જેટલું અજાણ-

પણું તેટલુંજ જ્ઞાનાવરણીય કર્મ તેને લાગે છે, તો બીજો દોષ લાગે તેમાં શી નવાઇ ?

પ્રશ્ન—કોઇ મનુષ્ય જાણેછે કે આ સંસાર અસાર છે છતાં સંસારનો ત્યાગ કરી શકે નહીં, તો જાણપણું શા કામનું ?

ઉત્તર—હે ભવ્ય ! સાંભળ. કેટલાક જીવ સંસાર સ્વરૂપ અસાર જાણે છે અને તેનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરે છે. કેટલાક જીવ સંસાર અસાર જાણે છે છતાં કર્મના ઉદયથી દીક્ષા ગ્રહણ કરી શકતા નથી. કેટલાક જીવ સંસાર અસાર જાણતા નથી પણ તેનો ત્યાગ કરી શકે છે. અને કેટલાક સંસારને અસાર જાણે છે તેમજ તેનો ત્યાગ કરે છે. તેનાં જંબુસ્વામી, વજ્રસ્વામી ઇત્યાદિ દૃષ્ટાન્ત જાણવાં.

દૃષ્ટાંત બીજું-સંસાર અસાર જાણે છે છતાં ત્યાગ કરી શકતા નથી. તેવા શ્રેણિકરાજા અને કૃષ્ણ વગેરે જાણવા. તેઓ સંસારનો અસાર જાણતા હતા, પણ અંતરાય કર્મના ઉદયથી દીક્ષા લેઇ શકયા નહિ. કૃષ્ણે દીક્ષા લેવાની ઘણી ઇચ્છા કરી હતી. કોઇ જીવે

પોતાની મેળે એમ નહિ ધારવું કે મને દીક્ષા લેવામાં અંતરાય કર્મ નડે છે, અને તેથી લેવાતી નથી. મનુષ્યોએ ખરા ભાવથી પાંચવાર છવાર સાતવાર વા વારંવાર દીક્ષા લેવા ઉદ્યમ કરવો. તેમ છતાં અડચણો આવે તો જાણવું કે દીક્ષામાં અંતરાય કર્મનો ઉદય છે. અંતરાય કર્મનો મને ઉદય છે, તેવું પ્રત્યક્ષ તો કેવલજ્ઞાન તથા અવધિ વિના શી રીતે જાણી શકાય ? માટે ભવ્યજીવોએ દીક્ષા લેવાનો ઉદ્યમ કદિ છોડવો નહિ.

કૃષ્ણને તો શ્રી નેમિનાથજીએ કહ્યું હતું કે, ભાઇ તમારાથી ચારિત્ર લેઇ શકાશે નહીં. હાલના વખતમાં આપણે પોતાની મેળે નિર્ણય કરવો એ કાર્ય કઠિન છે. નંદિ-ષેણ મુનિજીને દીક્ષા લેતાં દેવતાએ ના કહ્યું હતું, તોપણ દીક્ષા લીધી, છતાં અન્તે કર્મનો ઉદય જાગવાથી વેશ્યાને ઘેર રહેવું પડયું, તોપણ પાછી ફરી દીક્ષા અંગીકાર કરી, નંદિષેણે એમ ના ચિંતવ્યું કે, કર્મના ઉદયથી દીક્ષાથી ભ્રષ્ટ થયા તો આપણને હવે પાછો અંતરાય નડશે પણ તે ઉદ્યમે શૂરા હોવાથી એમ વિચાર્યું નહીં અને પાછા તૈયાર થઇ ગયા અને પાછી દીક્ષા ગ્રહણ કરી;

માટે ઉદ્યમ પ્રધાન છે એમ મને ભાસે છે. વિશેષ જ્ઞાનિગમ્યમ્.

દૃષ્ટાંત ત્રીજું-કેટલાક જીવ સંસારને અસાર જાણતા નથી અને દીક્ષા અંગીકાર કરતા નથી. જેમ કપિલાદાસી, વીરોશાળવી, ઇત્યાદિ દૃષ્ટાંત જાણવાં.

દૃષ્ટાંત ચોથું-કેટલાક જીવ સંસાર સ્વરૂપને અસાર જાણતા નથી ને દીક્ષા લે છે. તે ગોરજીઓ નાના ચેલાને દીક્ષા આપે છે, તે દૃષ્ટાંત જાણવું. ખાખી બાવા જોગીઓ સંસારનું બરાબર સ્વરૂપ સમજતા નથી; તો પણ તાપસી દીક્ષા ગ્રહણ કરે છે અને હું પરભવ રાજા થાઉં એમ ધારી તપશ્ચર્યા કરે છે. તેઓએ સંસારનું સ્વરૂપ જાણ્યું નથી, સંસારનું ખોટું સ્વરૂપ જાણ્યું હોય તો કેમ પૌદ્ગલિક સુખની વાંછા રાખે ? સંસારનું અસાર સ્વરૂપ જાણ્યા છતાં કેમ સંસારમાં પડી રહે ? ઘર બળવા લાગ્યું. અને તેમાંથી બહાર નીકળે નહિ, તેના સરખો અજ્ઞાનીજીવ અન્ય કોણ જાણવો. સંસારનું અસાર સ્વરૂપ જાણ્યા છતાં જેણે સંસારનો ત્યાગ કર્યો નહીં, તેણે જાણપણાનું ફળ જે વિરતિપણું

હતું તે લીધું નહીં, એમ જાણવું, કારણ કે જાણપણાનું ફળ विरति હતું અને વિરતિનું ફળ કર્મ નિર્જરા અને તેનું ફળ મોક્ષ તે તેને મળ્યું નહીં.

આ સંસાર અસાર છે, માટે ધર્મનું સ્વરૂપ જાણી ધર્મ કરણી વિશેષ કરવી. કર્મના બાહુલ્યથી મુનિવ્રત ગ્રહણ કરવાની શક્તિ ન હોય તો, શ્રાવકનાં વ્રત અંગીકાર કરવાં, અને તે પણ કદાપિ કર્મની બાહુલ્યતાથી ન થઇ શકે તો, દેવ, ગુરૂ અને ધર્મની શ્રદ્ધા દૃઢ રાખવી અને સાંસારિક કાર્યોને ઔદાસીન્ય ભાવે કરવાં. રાચી માચીને સાંસારિક કાર્ય કરવાં નહિ, જાણ્યા છતાં સંસારનો ત્યાગ જો અંતરાયકર્મના ઉદયથી ન થઇ શકે; તોપણ સંસારમાં સાર માનનારના કરતાં સંસારને અસાર જાણે છે તે સારો છે એમ સમજવું. જાણપણું કદાપિ અલેખે જતું નથી. પણ સુજ્ઞો! યાદ રાખો કે એક દિવસ આ શરીરની માટી થઇ જશે; માટે ચેતવું હોય તો ચેતી લેજો; તમારી સાથે કોઇ આવનાર નથી.

તાવવાળા માણસને જેમ ભોજન ઉપર અરૂચિ થાય છે. તેમ બહિરાત્મીઓને અંતરાત્મા ઉપર અરૂચિ થાય

છે; કારણુયોગે બહિરાત્મા, અંતરાત્મા ઉપર રૂચિ ધારણુ કરતાં अंतरात्मा થઇ શકે છે. જેણે अंतरात्मानुं સ્વરૂપ 'જાણ્યું' નથી, તેને સાંસારિક પદાર્થો ઉપર રૂચિ થાય છે. પરંતુ જેને પોતાનામાં આત્માનું ઓળખાણુ થયું છે તે સાંસારિક પદાર્થો ઉપર રૂચિભાવ ધારણુ કરતો નથી. ખરી હિત શિક્ષા એ છે કે આત્માને જાણુવા પ્રયત્ન કરવો. આત્મા સંબંધી ચર્ચા કરવી, આત્મસ્વરૂપ ચિંતવવું; કે જેથી જન્મ મરણુનાં દુઃખો નાશ પામે.

અજ્ઞાનપણુાથી, જડ વસ્તુ ઉપર રાગ થઇ શકે છે; અને જેટલો જડ વસ્તુમાં રાગ રહે છે તેના કરતાં જડ વસ્તુ ઉપર દ્વેષ ન્યૂન ભાગે રહે છે.

વિશેષજ્ઞાનિગમ્યમ્ જ્ઞાનીઓને સાંસારિક પદાર્થો અસાર લાગ્યાંથી તેના ઉપરથી રૂચિ ઉતરી જાય છે, અને આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણો પ્રાપ્ત કરવા રૂચિ જાગે છે. સંસાર અસાર લાગવાથી સંસાર ઉપર ક્રોધ થાય; એમ કહેવું એ એકાંતે સત્ય કહેવાય નહિ. બાહ્ય વસ્તુ ઉપર કદાપિ ક્રોધ થાય અને તેથી તેને ત્યાગ કરવાની બુદ્ધિ થાય તો તે સાપેક્ષ રીતે પ્રશસ્ય કહેવાય.

પોતાના ઉપર દુઃખનાં વાદળાં જ્યારે આવી પડે ત્યારે સુજ્ઞોએ ગભરાવું નહિ. ધૈર્ય ધારણ કરી દુઃખ સહન કરવું. જે કર્મ પાછલા ભવમાં કર્યાં છે, તે ભોગવ્યાવિના છુટકો થવાનો નથી. જેમકે કોઈ ચોરે ચોરી કરી તેની રાજાએ મહીનાની શિક્ષા ફરમાવી, ચોરને જેલમાં જવું પડયું, હવે કહો શું જેલનું દુઃખ તે રૂવે તેથી નાશ પામી શકે ? ના કદિ પામી શકે નહિ. ચેતન ! કોઇ આપણને દુઃખ દેવા ધારે તો તેના ઉપર ક્રોધ કરતો નહિ; આપણે જે કર્મ કર્યાં છે તે ઉદયે આવ્યાં છે. એમ સમજવું.

મિત્રો ! યાદ રાખજો કે તરવારની ઉપર મધુ ચોપડી તેને ચાટીએ તો જેમ જીભ કપાઇ જાય તેમ સાંસારિક સુખો પણ તે સરખાં છે. અસ્થિર આ સંસારમાં આત્માનું કંઇ નથી. જે પુત્રોની ઉત્પત્તિથી બહિર.ત્મા સુખ માને છે, તેજ પુત્રોના મરણથી બહિરાત્મા શોક કરે છે; રૂવે છે, અને દુઃખી થાય છે. જે ધનની આવકથી બહિરાત્મા સુખ માને છે, તેજ ધનના નાશથી બહિરાત્મા દુઃખી થાય છે. જે સ્રીથી બહિરાત્મા, પોતાને

સુખી માને છે, તેજ સ્ત્રીના વ્યભિચારપણાથી બહિરાત્મા દુઃખ માને છે. બહિરાત્માને પરવસ્તુથીજ સુખ થાય છે અને દુઃખ પણ પરવસ્તુથીજ થાય છે. જ્યાં સુધી બહિરાત્મા પોતાના આત્માની અનંત ઋદ્ધિ તરફ જોતો નથી. ત્યાં સુધી બહિરાત્મપણું ટળવું મુશ્કેલ છે.

જ્યાં સુધી બહિરાત્મભાવ છે ત્યાં સુધી પશુ અવસ્થા જાણવી. अन्तरात्माने સુવર્ણ અગર પાષાણ ઉપર સમદૃષ્ટિ રહે છે તેમ શત્રુ અગર મિત્ર ઉપર પણ સમદૃષ્ટિ રહે છે. વંદક અને નિંદક ઉપર સમદૃષ્ટિ રહે છે. अन्तरात्मा દુષ્ટોની સંગતિ ત્યાગ કરે છે. અને વિકલ્પ સંકલ્પના કારણનો ત્યાગ કરે છે. अन्तरात्मा, સ્ત્રીને વિષ્ટાની કોથળી સમાન ગણે છે. अन्तरात्मा, સ્ત્રી, ધન, પુત્ર, પરિગ્રહ અને પાપારંભનો ત્યાગ કરે છે, વા ત્યાગ કરવા ઇચ્છે છે, बहिरात्मा, સ્ત્રી, ધન, પુત્ર, પરિગ્રહની વૃદ્ધિ કરવા અનેક પ્રકારના યત્ન કરે છે. अन्तरात्मा સંસારથકી जलपङ्कजवत् ન્યારો રહે છે, बहिरात्मा સંસારમાં जलकर्दमवत् (જળમાંના કાદવની પેઠે) તેમાંજ મગ્ન રહે છે. अन्तरात्मा સંસારના પદાર્થોને નાશવંત દેખે છે,

અને બહિરાત્મા તેજ પદાર્થોને અચલ દેખેછે. અન્તરાત્મા જગત્‌ની મોટાઈમાં લોભાતો નથી, અને બહિરાત્મા જ-ગત્‌ની ખોટી મોટાઈમાં લોભાય છે. અન્તરાત્મા ગુણીના ઉપર ખુશી થાય છે, અને બાહિરાત્મા ગુણી જનમાંથી છિદ્ર જોવા પ્રયત્ન કરેછે. અન્તરાત્મા અપરાધી ઉપર ક્ષમા કરેછે, અને બહિરાત્મા અપરાધીને દુઃખ દેવા ઇચ્છે છે. અન્તરાત્મા સદ્‌ગુરૂને કલ્પવૃક્ષ સમાન ગણે છે, અને બહિરાત્મા તેથી પરાઙ્‌મુખ રહે છે. અન્તરાત્મા કર્મથકી છૂટતો જાય છે, અને બહિરાત્મા કર્મથકી લેપાતો જાય છે. અન્તરાત્મા અંતરમાં દેખે છે, અને બહિરાત્મા બહાર દેખેછે, અન્તરાત્મા સંતોષ ધારણ કરે છે, અને બહિરાત્મા લોભ ધારણ કરેછે. અન્તરાત્મા અંદરનું ધન એટલે આ-ત્માનું ધન ખોળે છે, શોધેછે, અને બહિરાત્મા બાહિ-રનું ધન ખોળે છે. અન્તરાત્મા પોતાનામાં સત્તાએ રહેલા પરમાત્માનું ધ્યાન ધરે છે, અને બહિરાત્મ પરવસ્તુનું ધ્યાન ધરે છે. અન્તરાત્મા જેથી છૂટે છે, તેથી બહિરાત્મા બંધાય છે–ઇત્યાદિ અન્તરાત્મા અને બહિરાત્માનાં લ-ક્ષણ જાણવાં.

અન્તરાત્મા શરીરી છે અને સિદ્ધની અપેક્ષા એ પરમાત્મા અશરીરી છે. સિદ્ધની અપેક્ષાએ પરમાત્મા નિરાકાર છે અને અન્તરાત્મા સાકાર છે. પરમાત્મા કર્મ રહિત છે અને અન્તરાત્મા કર્મ સહિત છે. પરમાત્મ સયોગીની અપેક્ષાએ સલેશી છે અને અયોગીની અપેક્ષાએ અલેશી છે અને અન્તરાત્મા સલેશી છે. સિદ્ધની અપેક્ષાએ પરમાત્મા ગુણઠાણાથી અતીત છે અને અન્તરાત્મા ગુણઠાણા સહિત છે, ઇઅલ ખરેખર ભમરીની સંગથી ભમરીરૂપ થાય છે તેવી રીતે અન્તરાત્મા પોતે પરમાત્માનું ધ્યાન ધરતો છતો પરમાત્મારૂપ થાય છે. ઇત્યાદિ અન્તરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ જાણવું. વિશેષ ગુરૂગમદ્વારા સમજવું.

અદ્વૈતવાદિયો પરમાત્માને એક માને છે. અને જૈનો પરમાત્માઓ અનંત માને છે અને તે મોક્ષ સ્થાનમાં રહે છે એમ માને છે. અદ્વૈતવાદીઓ એક પરમાત્માને જ્ઞાનસ્વરૂપજ માને છે, અને સંપૂર્ણ આકાશવ્યાપક માને છે.

જૈનો પરમાત્મામાં જ્ઞાન ગુણ છે એમ માને છે અને આત્મવ્યક્તિથી સદા સંપૂર્ણ આકાશ વ્યાપક પરમાત્માને માનતા નથી.

અદ્વૈતવાદીઓ પરબ્રહ્મમાં લીન થવું તેને મુક્તિ સ્વીકારે છે. જૈનો કર્મ રહિત આત્માની સિદ્ધશિલા ઉપર મુક્તિ સ્વીકારે છે. અદ્વૈતવાદિયો દરેક જીવોને પરમાત્માના અંશ તરીકે માને છે.

જૈનો પ્રતિ શરીર ભિન્ન દરેક જીવો માને છે અને જીવોજ કર્મનો નાશ થાય ત્યારે પરમાત્માઓ થાય છે એમ સ્વીકારે છે. અદ્વૈતવાદિઓ ઘટ, પટ, દંડ, ચક્ર, શરીર, લેશ્યા, મન, ધન, પુણ્ય અને પાપરૂપ પુદ્ગલને असत् માને છે, અને કહે છે કે એ ઘટ, પટ, દંડ, ચક્ર, કર્મ ઇત્યાદિ માયા છે. માટે તે असत् છે. તે કંઇ નથી એટલે કંઈ પણ વસ્તુ નથી, ભ્રાંતિમાત્ર છે.

જૈનો ઘટ, પટ, દંડ, ચક્ર, લેશ્યા, મન, ધન, પુણ્ય, પાપને પુદ્ગલ દ્રવ્ય માને છે, અને તે પુદ્ગલ દ્રવ્ય પોતાના રૂપે सत् છે, અને તે વસ્તુઓ असत् નથી; ઘટ, પટ, દંડ, ચક્ર, લેશ્યા ઈત્યાદિ આત્મરૂપ નથી માટે તે આત્માની અપેક્ષાએ असत् છે, અને પોતાના રૂપે सत् છે, એમ સ્વીકારે છે, દરેક વસ્તુ પોતાના રૂપે સત્ છે. અને પરરૂપે અસત્ છે. ઘટ પોતાના રૂપે सत् છે, અને

પટ રૂપે ઘટ असत् છે. પુદ્ગલ દ્રવ્ય પોતાના રૂપે સત્ છે, અને જીવરૂપે असत् છે, એમ સ્વદ્રવ્યાદિકની અપેક્ષાએ सत् અને પરદ્રવ્યની અપેક્ષાએ असत् દરેક વસ્તુઓને માનવામાં આવે છે. સુજ્ઞો! વીતરાગ ભગવંતે જે વચન કહ્યાં છે; તે સમ્યગ્પણે અનુભવમાં આવે છે. અને અદ્વૈતવાદીઓ એકાંતવાદે જે કહે છે તે બરાબર અનુભવમાં આવતું નથી.

અદ્વૈતવાદીઓ परमात्माने એકાંત નિત્ય સ્વીકારે છે, જૈનો પરમાત્માને દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ नित्यानित्य સ્વીકારે છે, એમ તપાસતાં અદ્વૈત મત અને जैनदर्शनમાં ઘણો તફાવત છે.

નૈયાયિકો મુક્તિને દુઃખના અત્યંત અભાવરૂપ માને છે, જૈનો અનંત સુખમય કર્મથી રહિત થઇ સિદ્ધ બુદ્ધ થઈ મોક્ષસ્થાનમાં સાદિ અનન્તમા ભાગે રહેવું તેને મુક્તિ માને છે.

પ્રશ્ન—જીવની મુક્તિ થયા પછી જીવ પાછો સંસારમાં આવતો હશે કે કેમ?

ઉત્તર—જીવની મુક્તિ થયા પછી જીવ પોતેજ પરમાત્મ પદ પામે છે. કર્મનો નાશ થવાથી પરમાત્માઓ પાછા સંસારમાં આવતા નથી.

શ્લોક.

दग्धेबीजेयथाऽत्यंतं, प्रादुर्भवतिनांकुरः

कर्मबीजे तथा दग्धे, नरोहतिभवांकुरः १

જેમ બળેલું બીજ ઉગતું નથી અને તેને અંકુરા પુટતા નથી, તેમ કર્મરૂપ બીજ બળી ગયાથી સિદ્ધને સંસારરૂપ અંકુરો ફુટતા નથી. અર્થાત્ સંસારનું કારણ કર્મ હતું તેનો સંપૂર્ણ નાશ થવાથી સંસારમાં સિદ્ધ પરમાત્માઓ પાછા ઉત્પન્ન થતા નથી.

સંસારમાં જન્મીને જેણે આત્મા ઉપર લક્ષ આપ્યું નહીં, તેનો જન્મ નિરર્થક છે.

સંસારમાં કર્મના યોગે નાના દેહ ધારણ કરવા પડે છે. જીવ કર્મના યોગે માત પિતાના શ્રોણિત વીર્યમાં જીવ અન્યગતિમાંથી આવીને ઉપજે છે. ગર્ભમાં શરીર બને છે. પાંચમે મહીને હાથ, પગ, મુખ વગેરે તૈયાર થાય છે અને આઠમા મહીને પૂરેપૂરૂં શરીર તૈયાર થાય છે.

માતાના પેટમાં જીવ ઘણું દુઃખ ભોગવે છે. પશ્ચાત્ માતાના ઉદરમાંથી જીવ બહાર્ નીકળે છે અને બાળ અવસ્થા ભોગવ્યા બાદ યુવાન થાય છે. યુવાન અવસ્થા ભોગવ્યા બાદ વૃદ્ધાવસ્થા આવે છે, આયુષ્યકર્મ પૂર્ણ થતાં અંતે જીવ શરીરમાંથી નીકળી બીજાં શરીરો ધારણ કરે છે; અને ત્યાં કર્યા કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. સર્વ જીવોને કર્યાંકર્મ ભોગવવાં પડે છે. यदुक्त

श्लोक.

अनुष्टुप्.

स्वयंकर्मकरोत्यात्मा स्वयंतत्फलमश्नुते
स्वयंभ्रमति संसारे स्वयमेव विनश्यति १
यः कर्ता कर्मभेदानां भोक्ता कर्मफलस्य च
संसर्ता परिनिर्वाता सह्यात्मा नान्य लक्षणः २
कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि
अवश्यमेवभोक्तव्यं कृतंकर्मशुभाशुभं ३

પ્રશ્ન—કર્મથકી સુખ દુઃખ થાય છે કે, જીવોને ઈશ્વર પોતેજ સુખ દુઃખ આપે છે ?

ઉત્તર—પૌદ્ગલિક સુખ દુઃખ કર્મથકી થાયછે, કંઇ ઇશ્વર કોઇને સુખ દુઃખ આપી શકતો નથી. જીવો

કર્યાં કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. ઇશ્વર ન્યાય કરી કર્યાં કર્મ પ્રમાણે સુખ દુઃખ આપે છે. એમ કોઇ માને તો તે યુક્તિહીન છે.

અમો કર્મફલપ્રદાતૃ ઈશ્વરવાદીને પુછીએ છીએ કે કર્મ, ઇશ્વરથકી સ્વતંત્ર છે કે પરતંત્ર છે? જો કર્મ પોતે સ્વતંત્ર હોય તો પોતેજ સુખ દુઃખ આપી શકે. અને જો કર્મ પરતંત્ર એટલે ઈશ્વરના તાબામાં હોય તો તેણે સર્વ જીવોને સુખી કરવા જોઇએ. અને સર્વ જીવો-ઉપર દયા કરવી જોઇએ; જેમ કોઇ રાજાના તાબામાં કોઇ નાનો રાજા હોય તો, તે મોટા રાજાના કહ્યા પ્રમાણે નાનો રાજા ચાલે, તેમ ઈશ્વરના તાબામાં કર્મ છે, એમ માનો તો ઇશ્વરની ઇચ્છા મુજબ સારૂંજ કર્મ સૌ જીવોને લાગે, અને તેથી સર્વ જીવો સુખી દેખાવા જોઇએ; પણ તેમ સર્વ જીવો દેખાતા નથી, માટે ઇશ્વરના તાબામાં કર્મ છે એમ કહેવાય નહિ. સંવત્ ૧૯૫૬ ની સાલનો કાળ પડયો, ત્યારે, શું ઈશ્વરની દયા જતી રહી હતી કે અનેક જીવને દુઃખી દેખી બચાવ્યા નહિ. ઇશ્વરના તાબામાં જો કર્મ હોત તો ઇશ્વર શા માટે

જીવોને દુઃખ આપે છે? ' વસ્તુતઃ વિચારી જોતાં ઇશ્વરના તાબામાં કર્મ નથી એમ સિદ્ધ ઠરે છે. સારાંશમાં કહેવાનું કે જીવો સુખી અગર દુઃખી થાય છે તે, પોતાના કર્મ પ્રમાણે થાય છે. કર્મ સ્વતંત્ર છે, અને કર્મથકી પૌદ્‌ગલિક સુખ દુઃખ સંસારી જીવોને થાય છે, તેમ છતાં ઇશ્વરની વચ્ચે કલ્પના કરવી તે અસત્ય છે, ઇશ્વરને રાગ દ્વેષ હોતો નથી. ઇશ્વર કર્મ થકી રહિત છે, તેમને સંસાર બનાવવાનું કંઇ પ્રયોજન નથી, ઈશ્વરો કહેતાં મોક્ષમાં પહોચ્યા તે સિદ્ધના જીવો નિરાકાર છે, અને નિરાકારથી સાકારની ઉત્પત્તિ થઇ શકે નહિ. જગત્‌નું ઉપાદાન કોણ છે તે ઇશ્વરકર્ત્તા વાદિથી કહેવાશે નહિ, માટે વીતરાગ ભગવંતે જે તત્ત્વો પ્રરૂપ્યાં છે તેજ સત્ય છે, એમ માનવું યોગ્ય છે.

નૈયાયિકો તથા બીજા કર્ત્તાવાદીઓ એક ઇશ્વરને માને છે, તે સિદ્ધાન્ત સત્ય નથી. જે જીવોનાં કર્મ નાશ પામે, છે તેજ ઇશ્વર–પરમાત્માઓ થઇ શકે છે. જૈનો, સિદ્ધો–ઇશ્વર–પરમાત્માઓને અનંત માને છે; પરમાત્માઓ વા સિદ્ધના જીવો, કોઇનું ભલું બુરૂં કર્ત્તા નથી, તેમ ઉત્પા-

હવા જગત્‌નો પ્રલય કરતા નથી, સિદ્ધાત્માઓ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતા નથી, કારણ કે બીજે ઠેકાણે જવાનું તેમને કંઇ પ્રયોજન નથી. પરમાત્માઓના ગુણોનું સ્મરણ કરવાથી આપણામાં ગુણ ઉત્પન્ન થાય છે, અને કર્મ નાશ પામે છે, અને અંતે મોક્ષ પામી શકાય છે. સિદ્ધના જીવોને અનંત સુખ છે તેની ઉપમાલાયક કોઈ દૃષ્ટાંત નથી.

હે ભવ્યજીવો ! આયુષ્ય ખૂટી જાય છે, એક દિવસ કાયાની રાખ થઇ જશે, મરતી વખત કોઇ સાથે આવશે નહિ. એક સરખી અવસ્થા કોઇની કદી જતી નથી. સંસાર ઉપર મોહ કરો છો તેથી સંસારમાંથી છૂટાશે નહિ. રાજા અગર રંક સૌ કાલના અધીન છે, એમ જાણી જૈનધર્મની આરાધના કરો.

સો વર્ષ ઉપર આ પૃથ્વીમાં જે માણસો હતાં તે હાલ દેખાતાં નથી, અને હાલ જે માણસો છે, તે સો વર્ષ પછી નહિ દેખાય આવી સંસારની સ્થિતિ છે માટે ધર્મ કૃત્ય કરી લો. વખત વારંવાર આવો ઉત્તમ આવશે નહિ. હાલમાં મોહના તોરમાં ગમે તેમ બોલો, ચાલો, પણ કર્યાં કર્મ તો ભોગવવાંજ પડશે.

જે ભવ્ય જીવો, વીતરાગ કથિત ધર્માનુસારે વ્યવહાર અને નિશ્ચય માર્ગ અવલંબી સ્થિર ભાવે ધર્મ સાધન કરશે, તે ભવ્યો અનુક્રમે સુખસંપદા પામશે. અધ્યાત્મ શાન્તિ ગ્રન્થ રચતાં જે કંઇ મતિદોષથી ભૂલચુક થઇ હોય તે સંબંધી મિચ્છામિદુક્કડં દઉં છું.

સુજ્ઞો ! વીતરાગ વચનથકી જે કંઇ વિરૂદ્ધ હોય તે સુધારી વાંચશો. મેં કંઇ પંડિતાઈ જણાવવા લેખ લખ્યો નથી. એક ઉપકાર બુદ્ધિ મને પ્રયત્ન કરાવે છે. બીજાને ઉપકાર કરવાની બુદ્ધિથી જે ધર્મકૃત્ય કરવામાં આવે છે તેમાં નિશ્ચયથી ઉપકાર બુદ્ધિવાળાને તો ફાયદો થાયછે, અને બીજાને ફાયદો થાય અગર નહીં થાય તે નક્કી નથી.

દોષ દેખવાની દુષ્ટ માણસોને બુદ્ધિ રહે છે, તેનાથી આ ગ્રંથ દૂર રહો, કારણ કે તેમને તો આ ગ્રંથ હિત કર્ત્તા નથી. અને જે ગુણગ્રાહી છે તેમને આ ગ્રંથ સંસારરૂપ સમુદ્ર ઉતરતાં વહાણ સમાન થશે.

દુર્જનોને આ ગ્રંથ વિષ સમાન લાગશે અને

સજ્જનોને આ ગ્રંથ અમૃત સમાન લાગશે એ પણ એક વૃત્તિભેદે આશ્ચર્ય છે.

સૂર્યનો ઉદય થતાં કાગડાઓ કાકાશબ્દ કરેછે; પણ તેથી સૂર્યને અડચણ આવતી નથી તેમ આ ગ્રંથનો ઉદય થતાં એકાંતગ્રાહી નિંદા કરશે, પણ તેથી આ ગ્રંથની ન્યૂનતા નથી.

આ ગ્રંથ સાગર સમાન છે, સાગરમાં જેમ રત્નો રહેલાં છે, તેમ આ ગ્રંથમાં પણ અનેક ગુણરૂપ રત્નો ભર્યાં છે. દોષબુદ્ધિથી જો આ ગ્રંથરૂપ સાગરને મથન કરવામાં આવશે તો વિષ નીકળશે અને ગુણગ્રાહક બુદ્ધિથી જો આ ગ્રંથ રૂપ સાગરને મથન કરવામાં આવશે તો ભવ્યજીવો અનેક રત્નો પામશે.

સૂર્યના ઉદયથી ઘૂકકૂળ ભલે દુઃખ પામો, તેમાં સૂર્યનો શો વાંક ? અલબત્ત કંઈ નહિ. તેમ આ ગ્રંથરૂપ સૂર્યનો ઉદય થતાં દોષ દેખનાર જીવો ભલે નિંદા કરી પોતાના આત્માને સંસારમાં રખડાવે, તેથી આ ગ્રંથ કર્ત્તા તથા ગ્રન્થનો દોષ કાઢી શકાય નહિ. જે શસ્ત્રથકી શત્રુનો નાશ કરવામાં આવે છે તેજ શસ્ત્ર કોઈ મૂર્ખ

માણુસ પોતાને મારે તો તેથી શસ્ત્ર બનાવનારનો શો વાંક ? તેમ આજ ગ્રંથથકી મોક્ષ પામી શકાય તેમ છતાં કોઇ તે ગ્રંથનો ખરાબ ઉપયોગ કરે તેમાં ગ્રંથકર્ત્તાનો શો દોષ? અલબત કંઇ નહિ.

ઉપસંહારમાં કહું છું કે વ્યવહાર અને નિશ્ચય માર્ગનું અવલંબન કરી સાપેક્ષ બુદ્ધિથી આત્મહિત કરવું. વીતરાગ વચનાનુસારે વર્તવું. આત્મધ્યાન ધરવું. બની શકે તો યતિધર્મ અંગીકાર કરવો, તે ન બને તો શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરવાં. તે ન બને તો સમકિત ગ્રહણ કરવું. દેવગુરૂ ધર્મની શ્રદ્ધા રાખવી. પ્રભુ પૂજા, સામાયક, પોસહ, જીર્ણોદ્ધાર, જીર્ણજ્ઞાનોદ્ધાર, ચૈત્ય કરાવવાં. સંઘ કાઢવા. સાધુમહારાજની ભક્તિ કરવી. સાધર્મીભાઇઓને મદદ કરવી, કોઇ મુનિપણું અંગીકાર કરે તેને સાહાય્ય આપવી.

ગૃહસ્થે પોતાના વર્ષની ઉપજમાથી છઠો ભાગ અવશ્ય ધર્મ કૃત્યમાં ખર્ચવો જોઇએ. ગ્રંથો લખાવવા જોઇએ. પ્રતિમાઓ ભરાવવી જોઇએ. તીર્થ યાત્રાઓ વર્ષમાં એક બે કરવી જોઇએ. ચઉદ નિયમ ધારવા જોઇએ. પરિગ્રહનો નિયમ ધારવો જોઇએ.

શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો જોઇએ. સાધુ મહારાજને અન્ન પાણી વહોરાવવાં જોઇએ. ઈત્યાદિ કાર્યોથી આત્મહિત કરવા ભવ્ય જીવોએ પ્રવૃત્તિ કરવી •એવી મારી વારંવાર એ ભલામણ છે. આ ગ્રંથ વાંચી દરેક ભવ્ય જીવો આત્મહિત કરી અનુક્રમે શિવ સુખ પામો इत्येवं-मा[illegible]ीः ॐ श्री शांतिः शांतिः शांतिः

समाप्ति.

दुहा.

अध्यात्मशांति ग्रंथ ए, पूर्ण थयो सुरसाल;
भणतां गणतां ग्रंथने, पामो मंगल माल. १.
नगर पादरावासीशेठ, मो.नलाल वकील;
श्रद्धावंत विवेकवंत, जेनुं रुडुं शील. २.
नगर पादरामां रही, वांची शास्त्रो अनेक;
उपकारकहेतु थकी, कीधी कृति विवेक. ३.
चोमासुंकरीपादरा, शांतिनाथ पसाय;
रचना कीधी शान्तिथी, जेथी शिवसुख थाय. ४.
संवत ओगणीस उपरे, ओगणसाठनी साल;
पोश शुदि पूनम दीने, पूर्ण थयो सुविशाल. ५.
चोवीसमा तीर्थंकर, वीरतीर्थंकरराय;
पाट परंपर तेमनी, [illegible]राय. ६.
स.जसागर ता.शिष्य, उपाध्याय क.वाय;
जय.सागरजी तासशिष्य, उपाध्याय पद पाय. ७.
जित.सागर गणिना गुरु, मानसागर जयकार;
मय.लसागर ता.शिष्य, वंदो भवि अ.गार. ८.

पाट तेमनी शोभता, पद्मसागर गुणवंत;
सरूपसागर तासशिष्य, ज्ञानसागर महंत. ९.
निधानसागर तासशिष्य, त्रोडे कर्मनो पास;
मयासागरजी तासशिष्य, करे कर्मनो नाश. १०.
तस पदपंकज सेवता, नेमसागर मुनिराय;
दशदिशि कीर्ति जेहनी, जगमांही गवाय. ११.
तास चरणने सेवता, रविसागर गुणवंत;
रवि पेठे तेजे करी, ज्ञानी ध्यानी महंत. १२.
श्रीसुखसागर तासशिष्य, विनयवंत शिरदार;
बुद्धिसागर तासशिष्य, ग्रंथ कर्यो जयकार. १३.
यावत् पृथ्वी स्थिर रहे, तावत् रहेशो ग्रंथ;
भणशो गणशो जे भवि, ते लहेशे शिवपंथ १४.
ज्ञान ध्यानमां स्थिर थइ, ध्यातं आतम भूप;
आतम ते परमात्मा, अजरामर चिद्रूप. १५.

ॐ शान्तिः ३

શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.

. શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં પ્રગટ થયેલ ગ્રન્થો.

ગ્રન્થાંક		પૃષ્ટ.	કીં. રૂ. આ. પા.
૦.	ભજન સંગ્રહ ભાગ ૧ લો ...	૨૦૮	૦—૮—૦
૧.	અધ્યાત્મ વ્યાખ્યાન માળા ...	૨૦૬	૦—૪—૦
૨.	ભજનસંગ્રહ ભાગ ૨ જો ...	૩૩૬	૦—૮—૦
૩.	ભજન સંગ્રહ. ભાગ ૩ જો ...	૨૧૫	૦—૮—૦
૪.	સમાધિ સતકમ્	૩૪૦	૦—૮—૦
૫.	અનુભવ પચ્ચિશી	૨૪૮	૦—૮—૦
૬.	આત્મપ્રદીપ	૩૧૫	૦—૮—૦
૭.	ભજન સંગ્રહ ભાગ ૪ થો ...	૩૦૪	૦—૮—૦
૮.	પરમાત્મદર્શન	૪૩૨	૦—૧૨—૦
૯.	પરમાત્મજ્યોતિ	૫૦૦	૦—૧૨—૦
૧૦.	તત્ત્વબિંદુ	૨૩૦	૦—૪—૦
૧૧.	ગુણાનુરાગ (આવૃત્તિ બીજી) ...	૨૪	૦—૧—૦
૧૨. ૧૩.	ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા	૧૯૦	૦—૬—૦

૧૪.	તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી)	૬૪	૦—૧—૦
૧૫.	અધ્યાત્મ ભજન સંગ્રહ	૧૯૦	૦—૬—૦
૧૬.	ગુરૂબોધ.	૧૭૨	૦—૪—૦
૧૭.	તત્ત્વજ્ઞાનદિપીકા	૧૨૪	૦—૬—૦
૧૮.	ગહુંલી સંગ્રહ	૧૧૨	૦—૩—૦
૧૯.	શ્રાવક ધર્મસ્વરૂપ ભાગ ૧ લો (આ-વૃત્તિ ત્રીજી)	૪૦	૦—૧—૦
૨૦.	,, ,, ,, ભાગ ૨ જો (આવૃત્તિ ત્રીજી.	૪૦	૦—૧—૦
૨૧.	ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો ...	૨૦૮	૦—૧૨—૦
૨૨.	વચનામૃત	૩૮૮	૦—૧૪—૦
૨૩.	યોગદીપક.	૨૬૮	૦—૧૪—૦

પત્રવ્યવહાર—મુંબઈ, ઠે. ચંપાગલી.

અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ એ સરનામે કરવો.

ગ્રન્થો નીચલા સ્થળેથી વેચાણ મળશે.

૧ અમદાવાદ—જૈન બોર્ડીંગ—ઠે નાગોરીશરાહ.

૨. મુંબઇ—મેસર્સ મેઘજી હીરજીની કું.—ઠે. પાયધુણી.

૩. ,, શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ ઠે.—ચંપાગલી.

૪. પુના—શા. વીરચંદ કૃષ્ણાજી ઠે.—વેતાલપેંઠ.